અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ જુલાઈ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૭ | અંક : ૦૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દિલ્હીમાં જૂની કાર ચલાવવાનો નિયમ વધારે કડક કરાયો

# ૧૫ વર્ષ જૂના પેટ્રોલ અને ૧૦વર્ષ જૂના ડીઝલ વાહનોને ઇંધણ નહી

## ૧ જુલાઈ, ૨૦૨૫ થી ૧૫ વર્ષ જૂના પેટ્રોલ અને ૧૦ વર્ષ જૂના ડીઝલ વાહનો - અંતિમ જીવનકાળના વાહનો ને બળતણ આપવામાં આવશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

રાજધાની દિલ્હીમાં જૂની કાર ચલાવવાનો નિયમ વધારે કડક કરાયો છે. હવે દિલ્હીના પેટ્રોલ પંપ પર વિશેષ કેમેરા લગાવ્યા છે. સાથે જ સ્પીકર અને નોટિસ પણ લગાવવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે આજથી દિલ્હીમાં જૂના વાહનોને ઈંધણ નહી આપવામાં આવે. સૂચનામાં લખવામાં પણ આવ્યુ છે કે ૧ જુલાઈ, ૨૦૨૫ થી ૧૫ વર્ષ જૂના પેટ્રોલ અને ૧૦ વર્ષ જૂના ડીઝલ વાહનો - અંતિમ જીવનકાળના વાહનો ને બળતણ આપવામાં આવશે નહીં.

મહત્વનું છે કે સરકારે આજથી જ ૧૫ વર્ષ જૂના વાહનો સામે સકંજો કસવાનું શરૂ કરી દીધુ છે. તમામ પેટ્રોલ પંપ પર આ પ્રકારની નોટિસ લગાવવામાં આવી છે. આ ઉપરાંત સીસીટીવી કેમેરા અને સ્પીકર પણ લગાવ્યા છે. જૂની કાર ચલાવનારને ૧૦ હજારનો દંડ પણ ફટકારાશે.

એક અધિકારીએ જણાવ્યું કે ૧૫ વર્ષથી જૂના પેટ્રોલ વાહન અને ૧૦ વર્ષથી જૂના ડીઝલ વાહનોને મંગળવારથી ઈંધણ આપવાનું બંધ કરી દેવાયુ છે. પરિવહન વિભાગે EOL વાહનોને એવા વાહનો તરીકે વ્યાખ્યાયિત કર્યા છે જે હવે માન્ય રીતે નોંધાયેલા નથી, પછી ભલે તે પેટ્રોલ, ઝદ્રૂ કે ડીઝલ પર ચાલતા હોય. જેમાં ૧૫ વર્ષથી વધારે જૂના પેટ્રોલ વાહન અને ૧૦ વર્ષની વધારે જૂના ડીઝલ વાહનનો સમાવેશ થયા છે.સરકારે આ નિયમ કડક કર્યાનું કારણ દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ ઓછુ કરવાનું છે., સીએમ રેખા ગુર્તાએ એક્સ પોસ્ટમાં જણાવ્યું કે સાર્વજનિક પરિવહનને ઝડપથી ઈલેક્ટ્રીક વાહનોમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યા છે. જેનાથી ન માત્ર પ્રદૂષણ ઓછુ થશે પરંતુ દિલ્હી વાસીઓને સ્વચ્છ અને સસ્તુ પરિવહન પણ મળશે. જો કે દિલ્હી વાસીઓમાં આ નિયમને લઈને મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

### પહેલી નોકરી મેળવનારના ખાતામાં જમા થશે પૈસા

# કેન્દ્ર સરકારે ત્રણ મોટી યોજનાઓને આપી મંજૂરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે (પહેલી જુલાઈ) યુવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી અનેક મોટી યોજનાઓને મંજૂરી આપી હતી. કેન્દ્રીય મંત્રીમંડળે રોજગાર પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે, જેનો લાભ બે તબક્કામાં મળશે. પહેલા તબક્કામાં, પહેલી વાર રોજગાર મેળવનારા કર્મચારીઓને બે હપ્તામાં મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આ હપ્તો નોકરી મળ્યાના છઠ્ઠા અને ૧૨મા મહિનામાં આપવામાં આવશે. વળી, બીજા તબક્કામાં દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આખી યોજના ઉત્પાદન ક્ષેત્રમાં રોજગારને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'સરકાર આ યોજનામાં કુલ ૧.૦૭ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે.'રોજગાર પ્રોત્સાહન યોજનાનો હેતુ રોજગાર સર્જન, રોજગારની સંભાવનામાં વધારો અને તમામ ક્ષેત્રોમાં સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે. જેમાં, ઉત્પાદન ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજનાથી બે વર્ષમાં દેશમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓના સર્જનને પ્રોત્સાહન આપવામાં આવશે છે. આ ઉપરાંત પહેલીવાર નોકરી મેળવનારા કર્મચારીઓને પણ પ્રોત્સાહન આપશે. 'પહેલીવાર નોકરી કરનારા વધારાના કર્મચારીઓને બે વર્ષ સુધી ૩૦૦૦ રૂપિયા દર મહિને પ્રોત્સાહન આપવામાં આવશે. નોકરીદાતાઓને એક લાખ રૂપિયા સુધીના વેતનવાળા કર્મચારીઓના સંબંધમાં પ્રોત્સાહન આપવામાં આવશે. ઉત્પાદન ક્ષેત્ર માટે નોકરીદાતાઓને આપવામાં આવતા પ્રોત્સાહનો ત્રીજા અને ચોથા વર્ષ માટે પણ લંબાવી શકાય છે.કેન્દ્રીય મંત્રીમંડળે કુલ ચાર મુખ્ય યોજનાઓને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે સમગ્ર 'ખેલો ઈન્ડિયા નીતિ'ને મંજૂરી આપી છે. ૧૯૪૮માં પહેલીવાર રાષ્ટ્રીય રમત નીતિ લાગુ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૦૧માં નવી સ્પોર્ટ્સ પોલિસી જાહેર કરવામાં આવી છે.

### ગાઝામાં સ્થિતિ બેકાબૂ, ૧૫ દિવસમાં ૧૦૦૦ લોકોના મોત

। (એજન્સી) ગાઝા, તા.૧ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરના કારણે ઈઝરાયલે ઈરાન પર હુમલા તો અટકાવી દીધા છે, પરંતુ ગાઝા પર હુમલા ચાલુ છે. ગઈકાલે સોમવારે ઈઝરાયલે ગાઝામાં સ્થિત કેફે, શાળા અને ભોજન વિત્તરણ સ્થળો પર હુમલો કરતાં આશરે ૯૪ લોકો માર્યા ગયા હતાં. યુનાઈટેડ નેશન્સના રિપોર્ટ અનુસાર, છેલ્લા ૧૫ દિવસમાં ઈઝરાયલના હુમલામાં ગાઝાના ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલના હુમલાના કારણે ગાઝામાં રહેતાં ૨૩ લાખ લોકો સામે ભૂખમરાનું સંકટ ઉભુ થયુ છે. ગાઝાના સ્વાસ્થ્ય અધિકારીઓના આંકડાઓને ધ્યાનમાં લઈએ તો ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી અત્યારસુધીમાં હુમલામાં ૫૬૫૦૦ પેલેસ્ટિનિયન મોતને ભેટ્યા છે. ખાલિદ ખેરીએ જણાવ્યું હતું કે, ગાઝામાં પીડા અને ક્રૂરતાનું સ્તર અસહ્ય છે. પેલેસ્ટિનિયનને સામૂહિક ધોરણે મારવામાં આવી રહ્યા છે.ગઈકાલે સોમવારે ઈઝરાયલે ગાઝા પર હુમલો કરતાં કુલ ૯૫ લોકોના મોત થયા હતાં. જેમાંથી ૩૯ના મોત તો એક કેફેમાં જ થયા હતાં. દરિયાકિનારે આવેલા અલ-બાકા કેફે નજીક હુમલો થતાં ૩૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતાં. આ કેફેમાં ભોજન નહીં પણ મોબાઈલ ચાર્જ અને ઈન્ટરનેટ કનેક્શન મળી રહ્યું હતું.

### કર્ણાટક કોંગ્રેસમાં બળવાની આશંકા । વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને હટાવી ડીકે શિવકુમારને કમાન સોંપવામાં આવે

# કર્ણાટકમાં સત્તાપલટો થવાની અટકળો વચ્ચે રાજકારણ ગરમાયું

। (એજન્સી) કર્ણાટક,તા.૧ ।



કર્ણાટકમાં સત્તાપલટો થવાની અટકળો વચ્ચે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા રણદીપ સિંહ સૂરજેવાલાની બેંગ્લુરૂ મુલાકાત પહેલાં જ નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના નજીકના ધારાસભ્યે મોટો દાવો કરતાં ખળભળાટ મચ્યો છે. તેમણે કહ્યું કે, આશરે ૧૦૦ ધારાસભ્યો ઈચ્છે છે કે, મુખ્યમંત્રીની ખુરશીમાં હવે ફેરફાર થાય. તેમનો સ્પષ્ટ સંકેત છે કે, વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને હટાવી ડીકે શિવકુમારને કમાન સોંપવામાં આવે. ધારાસભ્યે ચેતવણી આપી હતી કે, જો હવે કોઈ પરિવર્તન નહીં આવે, તો ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સત્તા જોખમમાં મુકાઈ શકે છે. કોંગ્રેસના ધારાસભ્ય ઈકબાલ હુસૈને ખુલ્લેઆમ ડીકે શિવકુમારને ટેકો આપ્યો છે. તેમણે કહ્યું હતું કે "આ ફક્ત મારો અભિપ્રાય નથી, ૧૦૦થી વધુ ધારાસભ્યો પરિવર્તન ઈચ્છે છે. ઘણા ધારાસભ્યો આ ક્ષણની રાહ જોઈ રહ્યા છે. તેઓ સુશાસનની અપેક્ષા રાખે છે અને માને છે કે ડીકે શિવકુમારને તક મળવી જોઈએ. શિવકુમારે કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિ (KPCC) ના પ્રમુખ બન્યા પછી દિવસ-રાત પાર્ટી માટે કામ કર્યું છે અને પાર્ટીની તાકાત વધારી છે. તેમના કામને કારણે લોકો તેમની સાથે ઉભા છે."

ઈકબાલ હુસૈને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ સુરજેવાલા સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી બદલવાનો મુદ્દો ચોક્કસપણે ઉઠાવશે. જો હવે કોઈ પરિવર્તન નહીં આવે, તો ૨૦૨૮માં કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવી શકે છે. પક્ષના હિતમાં આ પરિવર્તન હવે જરૂરી છે. તાજેતરમાં કર્ણાટકમાં મુખ્યમંત્રી પદ બદલાવવાની અટકળો વચ્ચે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી અંગેનો નિર્ણય ફક્ત હાઈકમાન્ડ જ લઈ શકે છે. પક્ષના નેતાઓ અને કાર્યકરોએ આ પ્રકારની અફવાઓને વેગ આપવો નહીં. જેના પર ઈકબાલ હુસૈને કહ્યું હતું કે, કોંગ્રેસમાં શિસ્ત છે, અમે હાઈકમાન્ડનું સન્માન કરીએ છીએ, પરંતુ આપણે સત્ય બોલવું જોઈએ. કર્ણાટકના પ્રભારી મહાસચિવ રણદીપ સિંહ સૂરજેવાલા કર્ણાટક પહોંચ્યા છે. જો કે, તેમણે આ મુલાકાતને સંગઠનાત્મક ગણાવી છે. તેમણે લીડરશીપમાં પરિવર્તનના અહેવાલોને માત્ર અફવાઓ ગણાવી છે. મંગળવારે સતત બીજા દિવસે રાજ્યના શાસક પક્ષના ધારાસભ્યો સાથે સુરજેવાલા બેઠકો કરી રહ્યા છે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે ધારાસભ્યો સાથેની તેમની ત્રણ દિવસીય વન-ટુ-વન બેઠકોના પ્રથમ તબક્કાના ભાગ રૂપે સુરજેવાલા આજે બેંગલુરુ શહેર, બેંગલુરુ ગ્રામીણ, બેંગલુરુ દક્ષિણ, ચામરાજનગર, મૈસુર જિલ્લાઓ અને દક્ષિણ કન્નડ અને કોલારના લગભગ ૨૦ ધારાસભ્યોને મળશે.

### જમ્મુ-કાશ્મીરમાં ત્રણ રાજકીય પાર્ટીઓની નોંધણી રદ થઈ શકે છે

। (એજન્સી) જમ્મુ,તા.૧ ।

જમ્મુ-કાશ્મીરમાં ત્રણ રાજકીય પાર્ટીઓની નોંધણી રદ થઈ શકે છે. આ ત્રણેય પાર્ટી રાજકીય રૂપે નિષ્ક્રિય છે અને તેમની નિષ્ક્રિયતાનું સંજ્ઞાન લેતા મુખ્ય ચૂંટણી અધિકારીએ સોમવારે (૩૦ જૂન) ત્રણેય રાજકીય પાર્ટી ઑલ જમ્મુ-એન્ડ કાશ્મીર રિપબ્લિકન પાર્ટી, ઈન્ડિયન પીપુલ્સ કૉન્ફ્રેન્સ અને સોશિયલિસ્ટ ડેમોક્રેટિક પાર્ટીને કારણ જણાવો નોટિસ જાહેર કરી છે. જમ્મુ-કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, પ્રદેશમાં વિવિધ રાજકીય પાર્ટીની ગતિવિધિનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન જોવા મળ્યું કે, ત્રણ નોંધાયેલી રાજકીય પાર્ટીઓ વર્ષ ૨૦૧૯થી સંપૂર્ણપણે નિષ્ક્રિય છે. તેમણે ૨૦૧૯થી જમ્મુ અને કાશ્મીરમાં કોઈપણ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લીધો નથી. આ ઉપરાંત, આ પાર્ટીના વર્તમાન સરનામાં કોઈને ખબર નથી, તેથી તેમના અસ્તિત્વ પર પ્રશ્નો ઊભા થાય છે. આ પાર્ટીઓને કારણ જણાવો નોટિસ ફટકારવામાં આવી છે અને તેમનો પક્ષ રજૂ કરવાનું કહેવાયું છે કે કે, કેમ તેમને રજિસ્ટર્ડ પાર્ટીઓની યાદીમાંથી કેમ ન કરવા જોઈએ? આ પાર્ટીઓને ૭ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં સોગંદનામા અને અન્ય જરૂરી દસ્તાવેજો સાથે લેખિતમાં પોતાનો પક્ષ રજૂ કરવા કહેવામાં આવ્યું છે.

### તમિલનાડુમાં મોટી દુર્ઘટના

# ફટાકડાની ફેક્ટરીમાં એક પ્રચંડ વિસ્ફોટ થયો

। (એજન્સી) તમિલનાડુ,તા.૧ ।



તમિલનાડુના શિવાકાશી નજીક ચિન્નાકમનપટ્ટી ગામમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં એક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેમાં ૫ લોકોના મોત થયા હોવાની આશંકા છે. જ્યારે અન્ય ૪ ગંભીર રીતે દાઝ્યા છે. વિરૂધુનગર જિલ્લામાં આવેલી ગોકુલેશ ફાયરવર્ક્સ ફેક્ટરીમાં આજે મંગળવારે વહેલી સવારે પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેમાં પાંચ કામદારોના મોત થયા હોવાના અહેવાલ છે. અન્ય ચાર ઈજાગ્રસ્ત થયા છે. ફેક્ટરી પાસે અવાજરહિત ફટાકડાં ઉત્પાદિત કરવાનું લાયસન્સ હતું. જો કે, જરૂરી વ્યૂહાત્મક સુવિધાઓ વિના ફેન્સી ફટાકડાંનું ગેરકાયદે ઉત્પાદન કરી રહી હોવાનું નિરિક્ષણમાં જાણવા મળ્યું છે. પોલીસે ઘટનાસ્થળે વિસ્ફોટનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે, ફેક્ટરીમાં અર્મર્યાદિત જગ્યા હોવાથી ખુલ્લા વિસ્તારમાં રો મટિરિયલ્સનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

### ઈરાનને અમેરિકાની ધમકી; 100GBનો ઈ-મેઈલ બોમ્બ ફોડી દઈશું


। (એજન્સી) ઈરાન, તા.૧ ।

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્ણ માહોલ વચ્ચે ઈરાન સાથે જોડાયેલા એક હેકિંગ જૂથે અમેરિકાને ધમકી આપી છે કે, તે ઈમેઈલનો 100 GB ડેટા લીક કરી દેશે. આ ડેટા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અંગત લોકોનો છે. ગતવર્ષે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી દરમિયાન એક સાયબર અટેક જૂથે દાવો કર્યો હતો કે, તેની પાસે આશરે 100 GB ઈમેઈલ ડેટા છે. જેને તે લીક કરી શકે છે. હેકર્સે 'રોબર્ટ' નામનો ઉપયોગ કરી ટ્રમ્પના સલાહકાર રોજર સ્ટોન અને વ્હાઈટ હાઉસના ચીફ ઑફ સ્ટાફ સૂસી વિલ્સ, સ્ટોર્મી ડેનિયલ્સ સહિત અન્ય સહયોગી વચ્ચે થયેલા સંવાદ સામેલ છે.

### ૧૦૦૦૦ વર્ગમીટરમાં વીજ પુરવઠો ઠપ કરવાની ક્ષમતા

# ચીને હાલમાં જ એક નવા અને ખતરનાક હથિયારનો ખુલાસો કર્યો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧ ।



ચીને હાલમાં જ એક નવા અને ખતરનાક હથિયારનો ખુલાસો કર્યો છે. 'બ્લેકઆઉટ બોમ્બ' તરીકે ઓળખાતું આ હથિયાર દુશ્મન દેશોનો વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ કરવાની ક્ષમતા ધરાવે છે. આ બોમ્બને ચીનના સરકારી મીડિયા સીસીટીવીએ એક એનિમેટેડ વીડિયો મારફત વિશ્વ સમક્ષ રજૂ કર્યો છે. ગ્રેફાઈટ બોમ્બ તરીકે ઓળખાતો બ્લેકઆઉટ બોમ્બ એવું ઘાતક હથિયાર છે જે કોઈપણ વિસ્ફોટ વિના દુશ્મન દેશની બત્તી ગુલ કરી શકે છે. આ બોમ્બ હાઈ વોલ્ટેજ વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને સબસ્ટેશનને ટાર્ગેટ બનાવે છે. જેમાં કાર્બન ફિલામેન્ટ્સનો ઉપયોગ થાય છે. જે વીજ સિસ્ટમમાં શોર્ટ સર્કિટ સર્જી આખા વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી શકે છે. ચીનના મીડિયા અનુસાર, આ બોમ્બ ૧૦૦૦૦ વર્ગમીટર (૨.૫ એકર) ક્ષેત્રમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ કરવાની ક્ષમતા ધરાવે છે. જેને સોફ્ટ બોમ્બ તરીકે પણ ઓળખી શકાય. કારણકે, તે કોઈ ઈમારત કે લોકોને નુકસાન નથી પહોંચાડતું. તે માત્ર વીજ સિસ્ટમને ટાર્ગેટ બનાવે છે. જે જમીનથી લોન્ચ થતી મિસાઈલ રૂપે છોડવામાં આવે છે. લોન્ચિંગઃ આ બોમ્બ કોઈપણ વાહનમાંથી લોન્ચ થઈ શકે છે. મિસાઈલ હવામાં ઉડીને પોતાના ટાર્ગેટ સુધી પહોંચે છે. સબમ્યુનિશન રીલિઝઃ મિસાઈલ પોતાના લક્ષ્યથી ઉપર પહોંચવા માટે ૯૦ નાના સિલિન્ડર જેવા સબમ્યુનિશન છોડે છે. કાર્બન ફિલામેન્ટ્સનો ફેલાવોઃ આ સિલિન્ડર જમીન પર પડતાં પહેલાં જ હવામાં ફૂટે છે. જેમાંથી હજારો કાર્બન ફિલામેન્ટ્સ મુક્ત થાય છે.

### સંઘના લોકો સમાજમાં નફરત ફેલાવી રહ્યા છે

# કેન્દ્રમાં સત્તામાં આવતા જ RSS પર પ્રતિબંધ મૂકીશું : ખડગેના દીકરાની જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર અને કર્ણાટક સરકારમાં મંત્રી પ્રિયાંક ખડગેએ જાહેરાત કરી છે કે, 'જો કોંગ્રેસ ફરીથી કેન્દ્રમાં સત્તામાં આવશે તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર દેશભરમાં પ્રતિબંધ મૂકવામાં આવશે.' કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સતત RSSની ટીકા કરી રહ્યા છે અને સંગઠન પર દેશને વિભાજીત કરવાનો આરોપ લગાવી રહ્યા છે. ત્યારે હવે પ્રિયાંક ખડગેની આ જાહેરાતથી નવી ચર્ચા શરુ થઈ છે. RSS પર દેશભરમાં પ્રતિબંધ મૂકવા વિષે વાત કરતા પ્રિયાંક ખડગેએ કહ્યું કે, 'દેશમાં કોણ નફરત ફેલાવી રહ્યું છે, કોમી હિંસા માટે કોણ જવાબદાર છે, બંધારણ બદલવાની વાત કોણ કરી રહ્યું છે? RSS તેની રાજકીય શાખા BJP પાસેથી મહત્ત્વપૂર્ણ પ્રશ્નો કેમ નથી પૂછતું કે દેશમાં બેરોજગારી કેમ વધી રહી છે, પહલગામમાં આતંકવાદી હુમલો કેવી રીતે થયો? આ ન પૂછીને, સંઘના લોકો સમાજમાં નફરત ફેલાવી રહ્યા છે. આથી કોંગ્રેસ કેન્દ્રમાં સત્તામાં આવતા જ RSS પર પ્રતિબંધ મૂકીશું.' કર્ણાટક સરકારના મંત્રી પ્રિયાંક ખડગેએ વધુમાં કહ્યું કે, 'શું ED, IT જેવી બધી તપાસ એજન્સીઓ ફક્ત વિપક્ષ માટે જ છે, સરકાર RSSની તપાસ કેમ નથી કરતી, તેમના પૈસા ક્યાંથી આવી રહ્યા છે, તેમની આવકનો સ્ત્રોત શું છે. સંઘના લોકો દર વખતે નફરતભર્યા ભાષણો અને બંધારણ બદલવાની વાત કરીને કેવી રીતે છટકી જાય છે, આર્થિક ગુનાઓ કર્યા પછી તેઓ કેવી રીતે છટકી જાય છે.

### ભારતની ચિંતા વધી

# તણાવ વચ્ચે UNSCમાં પાકિસ્તાન બન્યું અધ્યક્ષ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારત સાથે તણાવ વચ્ચે પાકિસ્તાન યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ નું અધ્યક્ષ બન્યું છે. ૧ જુલાઈ, ૨૦૨૫થી આગામી બે વર્ષ માટે પાકિસ્તાન યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલનું નેતૃત્વ કરશે. જાન્યુઆરી, ૨૦૨૫માં જ પાકિસ્તાનની સિક્યોરિટી કાઉન્સિલના ટેમ્પરરી મેમ્બર તરીકે પસંદગી થઈ હતી. તેને ૧૯૩માંથી ૧૮૨ મત મળ્યા હતાં. તમને જણાવી દઈએ કે, સિક્યોરિટી કાઉન્સિલના અધ્યક્ષનું પદ માસિક ધઓરણે ૧૫ સભ્યો વચ્ચે બદલાતું રહે છે. પાકિસ્તાનના રાજદૂત આસિમ ઈફ્તિખાર અહમદે મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, પાકિસ્તાનની લીડરશીપ પારદર્શી, સમાવેશી અને ઉત્તરદાયી રહેશે. જુલાઈમાં અમે વૈશ્વિક મુદાઓ પર બેઠકોનું નેતૃત્વ કરીશું. જટિલ જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, વિશ્વમાં વધતી અસ્થિરતા અને આંતરરાષ્ટ્રીય શાંતિ તથા સુરક્ષા માટે જોખમો, સંઘર્ષો અને માનવીય સંકટો દૂર કરવા મામલે અમને સંપૂર્ણ જાણકારી છે.

### બેંગલુરુ દુર્ઘટના પર ટ્રિબ્યુનલનો રિપોર્ટ

# RCBના કારણે થઈ નાસભાગ, પોલીસ કોઈ જાદુગર કે ભગવાન નથી

। (એજન્સી) બેંગલુરુ, તા.૧ ।

આઈપીએલ ૨૦૨૫ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીતની ઉજવણી દરમિયાન બેંગલુરુમાં થયેલી નાસભાગમાં ૧૧ લોકોના મૃત્યુ નિપજ્યાં હતાં. આ મામલે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી નાસભાગ માટે આરસીબીને જવાબદાર ઠેરવ્યું છે. આરસીબીએ પોલીસ પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લીધી ન હતી. અચાનક તેમને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધી હતી. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલના રિપોર્ટ અનુસાર, આરસીબીએ પોલીસની મંજૂરી વિના સોશિયલ મીડિયા પર વિક્ટ્રી પરેડ માટે આમંત્રણ પોસ્ટ કર્યું હતું, જેના કારણે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી અને પોલીસ પાસે સુરક્ષા વ્યવસ્થા કરવા માટે પૂરતો સમય નહોતો. પોલીસ માત્ર ૧૨ કલાકમાં સંપૂર્ણ વ્યવસ્થા કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. પોલીસકર્મીઓ પણ માણસ છે, તે દેવતા કે જાદુગર નથી કે, એક જ વારમાં બધી વ્યવસ્થા કરી શકે.' આ કેસમાં સસ્પેન્ડ કરાયેલા IPS અધિકારી વિકાસ કુમારને મોટી રાહત મળી છે. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે તેમનું સસ્પેન્શન રદ કર્યું છે. આ ઉપરાંત ટ્રિબ્યુનલે કર્ણાટક સરકારને બે અન્ય વરિષ્ઠ અધિકારીઓ તત્કાલીન બેંગલુરુ પોલીસ કમિશનર બી દયાનંદ અને ડીસીપી શેખર એચ ટેક્કનવરના સસ્પેન્શન પર પુનર્વિચાર કરવાનું સૂચન પણ કર્યું. નોંધનીય છે કે, IPS વિકાસ કુમાર બેંગલુરુના પશ્ચિમ ઝોનના એડિશનલ કમિશનર અને ચિન્નાસ્વામી સ્ટેડિયમના ઈન્ચાર્જ હતા.

## જામનગર શહેર અને જિલ્લામાં કોરોનાના મામલે શૂન્યની હેટ્રીક

। (એજન્સી) જામનગર, તા.૧ ।

જામનગર શહેર અને જિલ્લામાં કોરોના માટે અષાઢી બીજ નો તહેવાર શુકનવંતો સાબિત થયા બાદ છેલ્લા ત્રણ દિવસ દરમિયાન કોરોનાના કેસનો આંકડો શૂન્યનો રહ્યો છે, જેથી શહેર જિલ્લામાં શૂન્યની હેટ્રિક થઈ છે, અને માત્ર ૮ દર્દીઓ જ કોરોનાના એક્ટિવ કેસ તરીકે હોમ આઈશોલેશનમાં સારવાર મેળવી રહ્યા છે, અને આખરે કોરોનાની શહેર જિલ્લામાંથી વિદાય નિશ્ચિત મનાઈ રહી છે.અષાઢી બીજ ને શુક્રવારે કોરોનાના કેસનો આંકડો શૂન્ય બન્યો હતો, ત્યારબાદ શનિવાર અને રવિવાર એમ ત્રણેય દિવસમાં નવો કેસ નોંધાયો નથી, ઉપરાંત મોટાભાગના દર્દીઓ કોરોના મુક્ત જાહેર થઈ ગયા છે. જી.જી. હોસ્પિટલમાંથી પણ આખરી બે દર્દીઓને રજા આપી દેવામાં આવી છે, અને હોસ્પિટલ પણ ખાલી છે.શહેરના માત્ર ૮ એક્ટિવ કેસ છે, અને તેઓ હોમ આઈશોલેશનમાં સારવાર મેળવી રહ્યા છે. જેથી જામનગર શહેર અને જિલ્લામાં કોરોનાની વિદાય નિશ્ચિત બની છે

## મેઘપર-પડાણા ગામમાંથી મોબાઇલ ફોનની ચોરી કરનાર બે તસ્કર ઝડપાયા

। (એજન્સી) જામનગર, તા.૧ ।

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ હાથ ધરી જામનગર શહેર અને મેઘપર પડાણામાંથી મોબાઈલ ફોનની ચોરી કરનાર બે તસ્કરોને પકડી પાડ્યા છે, અને તેઓ પાસેથી ચોરાઉ મોબાઈલ ફોન કબજે કરી લીધા છે. જામનગર શહેરમાં સંતોષી માતાજીના મંદિર પાસેથી સુનિલ વશરામભાઈ બારોટ નામના ૩૫ વર્ષના ગઢવી શખ્સને એલસીબી ની ટુકડીએ ઝડપી લીધો હતો, અને તેની પાસેથી રૂપિયા ૯,૮૦૦ની કિંમતનો મોબાઈલ ફોન કબજે કર્યો હતો. જેણે મોબાઈલ ફોન ચોરી કરીને મેળવેલા હોવાનું કબૂલી લીધું હતું. એલસીબી ની ટીમ દ્વારા તેની વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત લાલપુર તાલુકાના મેઘપર પડાણા ગામમાંથી પણ એક મોબાઈલ ફોનની ચોરી થઈ ગઈ હતી, જે મોબાઈલ ફોનની ચોરી કરનાર અખિલેશ હીરાલાલ યાદવ નામના પરપ્રાંતિય શખ્સને પોલીસે ઝડપી લીધો હતો.

## દ્વારકામાં વરસાદનું વિઘ્ન છતાંય આસ્થા અડીખમ

। (એજન્સી) દ્વારકા, તા.૧ ।

ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર શરૂઆત થઈ છે. ત્યારે દેવભૂમિ દ્વારકામાં પણ સોમવારે મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. ગાજવીજ અને ભારે પવન સાથે વરસેલા ધોધમાર વરસાદને કારણે બપોર સુધીમાં સમગ્ર નગરીમાં પાણી ભરાઈ ગયા હતા. પરંતુ દ્વારકામાં વરસાદનું વિઘ્ન હોવા છતાં ભગવાન દ્વારકાધીશજીને બાવન ગજની ધ્વજા ચડાવવાની પરંપરા જાળવાઈ રહી હતી. દ્વારકામાં ભગવાન દ્વારકાધીશજીને બાવન ગજની ધ્વજા ચડાવવાની પરંપરા વર્ષોથી જળવાઈ રહી છે. ત્યારે આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, દ્વારકાના સુપ્રસિદ્ધ જગતમંદિરમાં ભગવાન શ્રી દ્વારકાધીશજીને નિયમિત રીતે ચડાવવામાં આવતી બાવન ગજની ધ્વજા, ભારે પવન અને વરસાદને કારણે તેના નિર્ધારિત સ્થળે ચડાવી શકાઈ નહોતી.





ગાંધીનગર ખાતે નિર્મિત 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર'નું રાષ્ટ્રીય ડોક્ટર દિવસના અવસરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે લોકાર્પણ કર્યું હતું. આ કેન્દ્ર દ્વારા રાજ્યમાં નાગરિકોને મળી રહેલ આરોગ્ય સેવા-સુવિધાઓનું એક જ સ્થળેથી યોગ્ય મોનિટરીંગ અને સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે. સાથી મંત્રી ઋષિકેશભાઈ પટેલની સાથે આ કેન્દ્રમાં ઉપલબ્ધ વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. તેમજ ટી.બી ના દર્દીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી વાતચીત કરીને તેમને મળતી આરોગ્ય સેવાઓના લાભ અંગે વિગતે માહિતી મેળવી.

## ગુજરાતમાં ડુંગળીનું ઉત્પાદન કરતા ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

। બોટાદ, તા.૧ ।

ડુંગળીના બજારમાં પોષણક્ષમ ભાવ ન મળતા રાજ્યના ખેડૂતો અને ખેડૂત સંગઠનો દ્વારા આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકારને રજૂઆતો કરવામાં આવી હતી. ખેડૂતોની આ રજૂઆતોને હકારાત્મક પ્રતિસાદ આપીને રાજ્ય સરકારે ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં ગુજરાતમાં ડુંગળી પકવતા ખેડૂતોને બજારમાં ડુંગળીના ભાવ ઓછા હોવાથી ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા આવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ કિવન્ટલની સહાય રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં પૂરી પાડવામાં આવશે. આ યોજનાનો લાભ ગત તા.૦૧-૦૪-૨૦૨૫ થી તા.૩૧-૦૫-૨૦૨૫ દરમિયાન ડુંગળીનું APMCમાં વેચાણ કર્યું હોય, તેવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ ક્વિન્ટલ સહાય આપવામાં આવશે. આ ખેડૂતોને મહત્તમ ૨૫,૦૦૦ કિલો (૨૫૦ ક્વિન્ટલ) ડુંગળીના વેચાણ સુધી એટલે કે મહત્તમ રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે. રાજ્યના ડુંગળી પકવતા ખેડૂતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર તા. ૦૧ જુલાઈ ૨૦૨૫થી આગામી તા. ૧૫ જુલાઈ ૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી થયા બાદ અરજીની સાથે આ પ્રમાણેના સાધનિક કાગળો સાથે અરજી જે-તે જિલ્લાના નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીએ રજુ કરવાની રહેશે.

## બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલ્લા એક્સપ્રેસના સમયમાં ફેરફાર

। અમદાવાદ, તા.૧ ।

પશ્ચિમ રેલ્વે દ્વારા ટ્રેનોના સમય પાલનમાં વધુ સુધારો કરવા માટે, ૧૬ જુલાઈ ૨૦૨૫ થી ટ્રેન નંબર ૨૨૯૪૯ બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ એક્સપ્રેસના આગમન/પ્રસ્થાન સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અમદાવાદ ડિવિઝન પર આગમન-પ્રસ્થાન સમયની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં. ૨૨૯૪૯ બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૧૬ જુલાઈ ૨૦૨૫ થી બાંદ્રા ટર્મિનસથી ૧૨.૧૫ કલાકને બદલે ૧૪.૪૦ કલાકે ઉપડશે અને અમદાવાદ સ્ટેશન પર આગમન-પ્રસ્થાન સમય ૧૯.૨૦/૧૯.૨૫ કલાકને બદલે ૨૧.૩૫/૨૧.૪૫ કલાકે, સાબરમતી સ્ટેશન પર ૧૯.૪૩/૧૯.૪૫ કલાકને બદલે ૨૨.૧૩/૨૨.૧૫ કલાકે, મહેસાણા સ્ટેશન પર ૨૦.૫૧/૨૦.૫૩ કલાકને બદલે ૨૩.૦૬/૨૩.૦૮ કલાકે અને પાલનપુર સ્ટેશન પર ૨૩.૦૦/૨૩.૦૫ કલાકને બદલે ૦૦.૨૩/૦૦.૨૫ કલાકે રહેશે.

ટ્રેન નં. ૨૨૯૪૯ બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ આગમન/પ્રસ્થાનનો સમય નીચે મુજબ છે :

| સ્ટેશનનું નામ | વર્તમાન આગમન/પ્રસ્થાન સમય | | પરિવર્તિત આગમન/પ્રસ્થાન સમય ૧૬ જુલાઈ ૨૦૨૫ થી | |
|---|---|---|---|---|
| બાંદ્રા ટર્મિનસ | *** | 12:15 | *** | 14:40 |
| બોરીવલી | 12:38 | 12:40 | 15:00 | 15:02 |
| વાપી | 14:14 | 14:16 | 16:38 | 16:40 |
| સુરત | 15:35 | 15:40 | 18:04 | 18:09 |
| ભરૂચ | 16:21 | 16:23 | 18:47 | 18:49 |
| વડોદરા | 17:16 | 17:21 | 19:42 | 19:47 |
| આણંદ | 17:58 | 18:00 | 20:16 | 20:18 |
| નડિયાદ | 18:24 | 18:26 | 20:41 | 20:43 |
| અમદાવાદ | 19:20 | 19:25 | 21:35 | 21:45 |
| સાબરમતી | 19:43 | 19:45 | 22:13 | 22:15 |
| મહેસાણા | 20:51 | 20:53 | 23:06 | 23:08 |
| પાલનપુર | 23:00 | 23:05 | 00:23 | 00:25 |
| આબુ રોડ | 00:01 | 00:11 | 01:00 | 01:10 |
| પિંડવારા | 00:43 | 00:45 | 01:43 | 01:45 |
| ફાલના | 01:23 | 01:25 | 02:22 | 02:24 |
| રાણી | 01:37 | 01:39 | 02:36 | 02:38 |
| અજમેર | 04:5 | 05:00 | 05:30 | 05:40 |
| કિશનગઢ | 05:27 | 05:29 | 06:00 | 06:02 |
| ફુલેરા | 06:08 | 06:10 | 06:42 | 06:44 |
| રિંગ્સ | 07:00 | 07:03 | 07:37 | 07:40 |
| શ્રી માધોપુર | 07:13 | 07:15 | 07:50 | 07:52 |
| નીમ કા થાના | 08:00 | 08:02 | 08:21 | 08:23 |
| નારનૌલ | 08:55 | 08:57 | 09:03 | 09:05 |

## દૂધ પાવડરની તપાસ કરાવવા અમે સરકારને વિનંતી કરવાના છીએ : દૂધસાગર ચેરમેન

### વિવિધ આક્ષેપો વખોડ્યા બાદ અશોકભાઈએ જણાવ્યું હતું કે, ગ્રાહકોનો વિશ્વાસ જરા પણ ડગે નહીં એ રીતે અમુલ અને દૂધસાગર ડેરી કામ કરી રહ્યું છે




। (એજન્સી) મહેસાણા, તા.૧ ।

મહેસાણા દૂધસાગર ડેરીના નિયામક મંડળની શુક્રવારે મળેલી બેઠક બાદ વિવિધ આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે સોમવારે ચેરમેને મીડિયા સમક્ષ આક્ષેપોનું ખંડન કરી ગ્રાહકોનો વિશ્વાસ ટકી રહે તે માટે આક્ષેપોની તેમજ દૂધ પાવડરની સક્ષમ ઓથોરિટી મારફત તપાસની માંગ સરકાર પાસે કરી હતી. ડેરીના વાઈસ ચેરમેન યોગેશભાઈ પટેલે ડેરીના દેવાની રકમ, પાવડરની બિનજરૂરી ખરીદી, એક્સપાયર્ડ પાવડર વગેરે અંગે કરેલા આક્ષેપોનું ખંડન કરતાં સોમવારે ચેરમેન અશોકભાઈ ચૌધરીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, નવું નિયામક મંડળ આવ્યું ત્યારે લોંગ ટર્મ લોન રૂ.૪૧૫ કરોડ હતી, નવા નિયામક મંડળે રૂ.૩૦૪ કરોડ લોન ભરી તેમજ નવી ૭૯૨ કરોડની મિલકતો વસાવી. આમ કુલ રૂ.૧૦૯૬ કરોડની સામે હાલમાં લોંગ ટર્મ લોન ૬૭૭ કરોડ એટલે કે ૪૧૯ કરોડ ઓછી છે. શિયાળામાં દૂધ લેવાનું ચાલુ રાખી માખણ, પાવડર સ્ટોક કરવામાં આવે છે. જેથી પશુપાલકોને ચૂકવવા લોન લેવી પડે છે. જેમાં ૨૦૨૧માં માલસ્ટોક રૂ.૭૫૭ કરોડનો હતો તેની સામે લોન રૂ.૫૭૭ કરોડ હતી, જે ૨૦૨૫માં માલ સ્ટોક રૂ.૧૨૪૩ કરોડનો હતો, તેની સામે લોન રૂ.૫૧૩ કરોડ છે. ફેડરેશન મારફત અન્ય ડેરી પાસેથી દૂધની સિઝનમાં ઓછા ભાવે પાવડર ખરીદીને બાદમાં વધુ ભાવે વેચવાથી રૂ.૧૬.૫૦ કરોડનો નફો સંઘને થયો છે. પાવડરની એક્સપાયરી ૧૮ મહિનાની લખી હોય તેને ચકાસણી બાદ ગુણવત્તાના માપદંડ બરાબર હોય તો ફેડરેશનની મંજૂરીથી રિપ્રોસેસ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. વેચાણ કરવામાં નથી આવતો. વિવિધ આક્ષેપો વખોડ્યા બાદ અશોકભાઈએ જણાવ્યું હતું કે, ગ્રાહકોનો વિશ્વાસ જરા પણ ડગે નહીં એ રીતે અમુલ અને દૂધસાગર ડેરી કામ કરી રહ્યું છે. ગ્રાહકોનો વિશ્વાસ ટકી રહે તે માટે અમે સામેથી મુખ્યમંત્રી અને સહકાર મંત્રીને મળીને વિનંતી કરવાના છીએ કે, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ મારફત અમારો જે પાવડર પડ્યો છે એનાં સેમ્પલ લઈને યોગ્ય તપાસ કરાવવામાં આવે તેમજ અન્ય આક્ષેપોની સહકાર વિભાગ સક્ષમ ઓથોરિટી મારફત તપાસ કરાવે, એમાં અમે કસુરવાર હોઈએ તો અમારી સામે પગલાં ભરવામાં આવે અને કસુરવાર ન હોઈએ તો અમને ક્લિનચીટ આપવામાં આવે.

## ગુજરાતના ૧૩૨ તાલુકામાં મેઘમહેર, પોરબંદરમાં સૌથી વધુ ૩ ઇંચ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૬ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન આજે સોમવારે (૩૦ જૂન) છેલ્લા ૧૨ કલાકમાં ૧૩૨ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ પોરબંદરના રાણાવાવમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે ૧૦૯ તાલુકામાં ૧ ઈંચની અંદરમાં વરસાદ વરસ્યો છે. રાજ્યમાં આજે (૩૦ જૂન) સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૩૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં જૂનાગઢના માણાવદરમાં ૨.૪૮ ઈંચ, જૂનાગઢ અને જૂનાગઢ સિટીમાં ૨.૩૬-૨.૩૬ ઈંચ, જામનગરના કાલાવાડમાં ૨.૩૨ ઈંચ, દેવભૂમિ દ્વારકામાં ૨.૧૩ ઈંચ, કચ્છના મુંદ્રામાં ૧.૯૭ ઈંચ, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૧.૮૧ ઈંચ અને ભાનવડમાં ૧.૭૭ ઈંચ, જામનગરના લાલપુરમાં ૧.૭૩ ઈંચ, રાજકોટના લોધિકામાં ૧.૬૧ ઈંચ, જામનગરના જામજોધપુરમાં ૧.૫૪ ઈંચ, જૂનાગઢના વંથલી અને જામનગરના જોડિયામાં ૧.૪૬-૧.૪૬ ઈંચ, રાજકોટના ગોંડલમાં ૧.૩૮ ઈંચ, સુરતના ઉમરપાડા, જામનગરના ધ્રોલ, કચ્છના માંડવી, પોરબંદરના કુતિયાણા, રાજકોટના જામકંડોરાણા, ઉપલેટા, જેતપુર તાલુકામાં ૧-૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

### અપહરણ કરતા પહેલા આરોપીએ તેણીનું બોગસ આધાર કાર્ડ બનાવ્યું હતું

## સુરતમાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરત જિલ્લાના કોસંબામાં સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી વડોદરાની હોટલમાં દુષ્કર્મ આચરવાના કેસમાં ચુકાદો આવ્યો હતો. કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને પાંચ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. કોસંબામાં મધ્યમ વર્ગનું પરિવાર રહે છે. આ પરિવારની પુત્રી ૧૬ વર્ષ અને છ માસની હતી ત્યારે તેને નાનપણથી ઓળખતા આરોપી માજીદ હારુન નાગોરીએ પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપી માજીદ સગીરા સાથે મોબાઈલ પર ચેટ પણ કરતો હતો તેની સગીરાના ઘરમાં ખબર પડી ગઈ હતી. સગીરાને તેના માતા-પિતાએ ઠપકો પણ આપ્યો હતો. ગઈ તારીખ ૦૩/૧૧/૨૦૨૨ના રોજ રાત્રે એક વાગ્યાથી મળસ્કે સાડા ચાર વાગ્યાના સમયગાળા દરમિયાન આરોપી માજીદ નાગોરી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. આરોપી એકટીવા ઉપર સગીરાનું અપહરણ કરી વડોદરા લઈ ગયો હતો.અપહરણ કરતા પહેલા આરોપીએ તેણીનું બોગસ આધાર કાર્ડ બનાવ્યું હતું. આ આધાર કાર્ડમાં સગીરાને પુખ્ત તરીકે જાહેર કરવામાં આવી હતી, બોગસ આધારકાર્ડના આધારે વડોદરામાં આવેલા હોટલ ચંદન ગેસ્ટ હાઉસમાં સગીરા સાથે રોકાયો હતો. તેમાં સગીરા સાથે મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા.

બીજા દિવસે અમદાવાદ ત્યાંથી ફરી વડોદરા, ત્યાંથી અંકલેશ્વરની હોટલમાં ગયા હતા. બીજી તરફ દીકરીના અપ હરણ અંગે પરિવારે કોસંબા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીને ઝડપીને જેલ હવાલે કર્યો હતો.

### રસ્તાના અભાવે લોકોને મુશ્કેલી

## છોટાઉદેપુરના ક્વાંટમાં પ્રસૂતાને ઝોળીમાં લઈ જવાઈ

### છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં પ્રસૂતાને પ્રસુતિ માટે ઝોળીમાં લઈ જવાની ત્રીજી ઘટના સામે આવી છે

। (એજન્સી) છોટા ઉદેપુર, તા.૧ ।

ગુજરાતમાં વિકાસના મોટા દાવા વચ્ચે છોટા ઉદેપુરમાં વિકાસની વાસ્તવિકતા સામે આવી છે. છોટા ઉદેપુરના પડવા ગામમાં એક સગર્ભા મહિલાને ઝોળીમાં એમ્બ્યુલન્સ સુધી લઈ જવામાં આવી હતી. ત્યારબાદ એમ્બ્યુલન્સ થકી તેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી.

જ્યાં આ મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. જિલ્લામાં અનેક લોકો એવા છે જે કાચા ઝૂંપડામાં રહે છે અને તેમના રહેણાંકથી હોસ્પિટલ સુધી જવા માટે રસ્તો પણ નથી. પ્રાપ્ત વિગતો પ્રમાણે છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં પ્રસૂતાને પ્રસુતિ માટે ઝોળીમાં લઈ જવાની ત્રીજી ઘટના સામે આવી છે. જિલ્લાના પડવા ગામમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારની એક મહિલાને પ્રસૂતિ માટે ઝોળીમાં ઉંચકીને બે કિ.મી જેટલુ ચાલીને ૧૦૮ એમ્બ્યુલન્સ સુધી લઈ જવામાં આવી હતી. મહિલાના પરિવારજનો ચાલતા મહિલાને ઝોળીમાં ઉંચકીને લઈ ગયા હતાં. જંગલ જેવા વિસ્તારમાં જાણે પર્વતનું ચઢાણ કરી રહ્યાં હોય તેવા રસ્તાઓ પરથી મહિલાઓને ઝોળીમાં ઉંચકીને હોસ્પિટલ ખાતે લઈ જવી પડે તેવી સ્થિતિ સામે આવી છે. પડવા ગામની મહિલાને તેના પરિવારના સભ્યો બે કિ.મી સુધી ચાલીને ૧૦૮ એમ્બ્યુલન્સ સુધી લઈ ગયા હતાં. ત્યાર બાદ એમ્બ્યુલન્સ થકી તેને ક્વાંટ આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં આ મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો

## પાનમ ડેમનો એક ગેટ ખોલી ૩૭૪૭ ક્યુસેક પાણી છોડાયું છે હડફ ડેમમાંથી ૧૨૦૦ ક્યુસેક પાણી છોડાયું છે

। (એજન્સી) પંચમહાલ, તા.૧ ।

રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે અને તેને લઈ રાજ્યના જળાશયોમાં પાણીની પણ પુષ્કળ આવક થઈ છે. પંચમહાલના પાનમ, મોરવા હડફ ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. રુલ લેવલ જાળવી રાખવા ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. પાનમ ડેમનો એક ગેટ ખોલી ૩૭૪૭ ક્યુસેક પાણી છોડાયું છે. હડફ ડેમમાંથી ૧૨૦૦ ક્યુસેક પાણી છોડાયું છે. નદી કિનારે આવેલા તમામ ગામોને એલર્ટ કરાયા છે.

પાનમ ડેમ અને હડફ ડેમના ઉપરવાસ માંથી પાણીની હાલ આવક હોવાથી તબક્કા વાર જળાશયમાંથી પાણી છોડવામાં આવે તેવી શક્યતાઓ છે.પાનમ નદી અને હડફ નદીમાં જળાશયમાંથી પાણી છોડવામાં આવતા નદી કિનારે આવેલા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

પંચમહાલ જિલ્લામાં પણ મેઘરાજા મન મુકીને વરસ્યા છે અને તેને પગલે પાનમ ડેમમાં સતત પાણીની આવક ચાલું રહી છે.

ઉપરવાસમાં પડેલા વરસાદના કારણે પંચમહાલના પાનમ ડેમ અને મોરવા હડફ ડેમમાં પાણીની આવક થઈ હતી. પાનમ ડેમનો એક ગેટ ખોલી ૩૭૪૭ ક્યુસેક પાણી છોડાયું છે. ત્યારે હડફ ડેમમાંથી ૧૨૦૦ ક્યુસેક પાણી છોડાયું છે. નીચાણવાળા વિસ્તારોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## વેપાર કરાર અંગે ભારત-અમેરિકા વચ્ચે કોકડું ગૂંચવાયું

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧ ।

અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં કંઈક અડચણો ઉભી થઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આમ તો અમેરિકા ટેરિફ મામલાની ડેડલાઈન વધારવા માંગતા ન હતા અને તેમણે ભારત પ્રત્યે પણ કુણુ વલણ અપનાવ્યું હતું. જોકે સૂત્રોએ કહ્યું છે કે, 'ટેરિફ મામલે બંને દેશો વચ્ચે હજુ કોઈ સંમતી થઈ શકી નથી. અમેરિકાએ ૧૦ ટકા ટેરિફ યથાવત્ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જ્યારે ભારત કેટલાક સેક્ટર્સમાંથી ૧૦ ટકા ટેરિફ શૂન્ય કરવા પ્રયાસ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં બંને દેશોની અસંમતીને ધ્યાને રાખી સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ પોતાનો અમેરિકી પ્રવાસ લંબાવી દીધો છે.

અગાઉ (૩૦ જૂન) સૂત્રોએ એવું કહ્યું હતું કે, 'ભારત-અમેરિકા વચ્ચે વચગાળાનું ટ્રેડ ડીલ થઈ ગયું છે અને તેની જાહેરાત આઠમી જુલાઈના રોજ થઈ શકે છે. ભારત તરફથી વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ આ સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર હતા, તેની આગેવાનીમાં વોશિંગ્ટનમાં આના પર સમજૂતી થઈ છે.' ત્યારબાદ વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કૈરોલિન લેવિટે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે સારા સંબંધોને ટાંકીને કહ્યું હતું કે, 'બંને દેશો વચ્ચે સારા સંબંધો યથાવત્ રહેશે. બંને દેશો ટ્રેડ ડીલની નજીક પહોંચી ગયા છે અને ટ્રમ્પ ટૂંક સમયમાં તે અંગે વિગતો આપશે.' જોકે હવે (૧ જુલાઈ) સૂત્રોએ કહ્યું છે કે, 'ટેરિફ મામલે બંને દેશો વચ્ચે હજુ કોઈ સંમતી થઈ શકી નથી.' બંને દેશ વચ્ચેના ટ્રેડ ડીલમાં કૃષિ, ડેરી સેક્ટર અને ભારતીય ખેડૂતોને આપવામાં આવતી સબસિડી મુખ્ય અવરોધ હતા. બીજી બાજુએ અમેરિકા ઈચ્છતું હતું કે ભારતના કૃષિ અને ડેરી સેક્ટરને તેની પેદાશો માટે ખોલવામાં આવે અથવા કોઈપણ રીતે ખોલવાનો માર્ગ તૈયાર કરવામાં આવે. આ ઉપરાંત જેનેટિકલી મોડિફાઈડ બીયારણોના મુદ્દે છૂટ આપવામાં આવે. અમેરિકાએ સોય, ઘઉં, મકાઈ, ઈથેનોલ અને સફરજન પર ટેરિફ ઘટાડવા વિનંતી કરી હતી. આ ઉપરાંત ઈવી, વાઈન, પેટ્રોકેમિકલ્સના મોરચે પણ ટેરિફમાં રાહત ઈચ્છે છે. આ સમજૂતીના થોડા દિવસ પહેલાં જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સમજૂતી થવાની તૈયારીમાં જ છે, અમે જબરદસ્ત ડીલ કરી રહ્યા છે. ચીન સાથે અમારે ડીલ થઈ ગઈ છે. તેની સાથે ટ્રમ્પે તેમ પણ જણાવ્યું હતું કે ભારત સાથે સમજૂતી ન થઈ તો ૨૬ ટકા ટેરિફ તો ઊભો જ છે. આમ ટ્રમ્પે આડકતરી રીતે ટેક્સની ધમકી આપી હતી. ઉલ્લેખનીય છે કે અમેરિકન પ્રમુખ ડાનાલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલના રોજ વિશ્વના મોટાભાગના દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લગાવ્યો હતો.

### આખરે પાકિસ્તાનનું નમતું વલણ

# ભારતને સિંધુ જળ સંધિ બહાલ કરવા કર્યો આગ્રહ

### ભારતે આ નિર્ણયને સખત શબ્દોમાં નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે, પાકિસ્તાન સાથેના વિવાદ નિરાકરણ માટેના કહેવાતા માળખાને ક્યારેય માન્યતા આપી નથી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧ ।

પાકિસ્તાને સોમવારે (૩૦મી જૂન) ભારતને સિંધુ જળ સંધિ ફરી શરુ કરવા અપીલ કરી છે. જેને ભારતે પહેલગામ આતંકી હુમલા બાદ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. હવે પાકિસ્તાનનું કહેવું છે કે, હેગ સ્થિત પરમેનન્ટ કોર્ટ ઑફ આર્બિટ્રેશન (PCA)ના તાજેતરના ચુકાદાથી જાણવા મળ્યું છે કે આ કરાર હજુ પણ માન્ય અને કાર્યક્ષમ છે. અહેવાલો અનુસાર, સિંધુ જળ સંધિની જોગવાઈઓ હેઠળ બે જળવિદ્યુત પ્રોજેક્ટ્સની ડિઝાઈનના કેટલાક પાસાઓ પર



પાકિસ્તાને વાંધો ઊઠાવ્યા બાદ પીસીએમાં કાર્યવાહી શરુ કરવામાં આવી હતી, જેને ભારતે ક્યારેય માન્યતા આપી નથી. ભારતે આ નિર્ણયને સખત શબ્દોમાં નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે, 'પાકિસ્તાન સાથેના વિવાદ નિરાકરણ માટેના કહેવાતા માળખાને ક્યારેય માન્યતા આપી નથી.'પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે સોમવારે (૩૦મી જૂન) જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, '૨૭મી જૂનના રોજ પીસીઓ દ્વારા આપવામાં આવેલ પૂરક ચુકાદો "પાકિસ્તાનના વલણને ફરીથી સમર્થન આપે છે કે સિંધુ જળ સંધિ માન્ય અને કાર્યરત છે, અને ભારતને તેના સંદર્ભમાં એકપક્ષીય કાર્યવાહી કરવાનો કોઈ અધિકાર નથી."પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે સોમવારે (૩૦મી જૂન) જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પીસીએનો પૂરક ચુકાદો પુષ્ટિ આપે છે કે સિંધુ જળ સંધિ માન્ય અને કાર્યક્ષમ છે.

### કેનેડાએ યુએસની ટેક કંપનીઓ પર ટેક્સ લાગુ કરવાના મુદ્દે નમતું ઝોખ્યું

# કેનેડા અને અમેરિકા વચ્ચે વેપાર સોદા માટે પુનઃ મંત્રણા શરૂઃ પીએમ કાર્ની

### કેનેડેના પીએમ કાર્નીએ મેમાં વ્હાઈટહાઉસમાં ટ્રમ્પ સાથે બેઠક કરી હતી જેમાં તે નમ્ર પરંતુ ટેક્સ મુદ્દે મક્કમ જણાતા હતા

। (એજન્સી) ટોરોન્ટો, તા.૧ ।

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીના મતે તેમણે યુએસની ટેક્નોલોજી કંપનીઓ પર કર લાગુ કરવાની યોજના રદ કરતાંની સાથે જ અમેરિકા સાથે વેપાર મંત્રણા પુનઃ શરૂ થઈ છે. સોમવારથી કેનેડાની યુએસની ટેક્નોલોજી કંપનીઓ ઉપર ટેક્સ લાગુ કરવાની યોજના હતી. આ મામલે અગાઉ અમેરિકાના પ્રમુખ ડોન્લ્ડ ટ્રમ્પે કેનેડા દ્વારા યુએસની આઈટી કંપનીઓ પર કર લાગુ કરવો તે અમેરિકા ઉપર પ્રત્યક્ષ અને ખુલો હુમલો ગણાવ્યો હતો. કેનેડાની



સરકારે બાદમાં સ્પષ્ટતા કરી હતી કે વેપાર સોદાની અપેક્ષાએ યુએસ ટેક કંપનીઓ પાસેથી કર નહીં વસૂલે. કેનેડેના પીએમ કાર્નીની કચેરી દ્વારા જણાવાયું હતું કે, કાર્ની અને ટ્રમ્પ વાટાઘાટ માટે સહમત થયા છે. તાજેતરમાં કેનેડાના કાનાનાસ્કિસ ખાતે જી૭ દેશોના વડાઓની બેઠક મળી હતી અને તેમાં ૨૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં વાટાઘાટ પુનઃ શરૂ કરવાની સમયમર્યાદાને આ જાહેરાતથી સમર્થન મળ્યું છે. કેનેડાની ડિજિટલ ટેક્સ લાગુ કરવાની યોજનાથી અમેરિકાની એમેઝોન, ગૂગલ, મેટા, ઉબર અને એરબીએનબી સહિતની કંપનીઓ પર પ્રતિકૂળ અસર પડી શકત. આ કંપનીઓને કેનેડાના ગ્રાહકો પાસેથી થતી આવક પર ત્રણ ટકા ટેક્સ ભરવો પડત. પાછલી તારીખથી અમલ થવાથી અમેરિકાની કંપનીઓ પર મહિનાના અંત સુધીમાં બે અબજ યુએસ ડોલરનું ભારણ આવે તેવી શક્યતા હતી.



ઓડિશાના બાલાસોર જિલ્લાના એક ગામમાં પૂર વચ્ચે લોકો સુબર્ણરેખા નદીના પાણીમાં પસાર થઈ રહ્યા છે.

## યુપીમાં સુહાગરાતના દિવસે જ પત્નીએ પતિની કરી હત્યા

। (એજન્સી) કુશીનગર, તા.૧ ।

ઉત્તરપ્રદેશના કુશીનગરના સુકરૌલીના મઝના નાળાની પાસે છઠ્ઠી જૂને જબલપુરના એક યુવકની હત્યા કરીને લાશ ફેંકી દેવાઈ હતી. આ મામલાનો ખુલાસો ત્રણ અઠવાડિયા પછી પોલીસે કર્યો છે. એક મહિલા સહિત ત્રણ લોકોની ધરપકડ કરાઈ છે. હત્યાનું કારણ યુવકની સાથે બોગસ લગ્ન કરીને તેની ૧૮ એકર જમીન પચાવી પાડવાનું હતું. જિલ્લા પોલીસ વડા સંતોષ કુમાર મિશ્રાએ જણાવ્યું કે સુકરૌલીમાં મળેલા મૃતદેહની ઓળખ અને ઘટનાના મૂળ સુધી પહોંચવા માટે ત્રણ ટીમ બનાવી હતી. છેવટે મૃતકનું નામ ઈન્દ્રકુમાર તિવારી (૪૫) અને તે મધ્યપ્રદેશના જબલપુર જિલ્લાના પડવાર ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ પૂછપરછમાં આરોપી મહિલા સાહિબા બાનો ઉર્ફે ખુશી તિવારીએ જણાવ્યું કે તેની ઓળખ સોશિયલ મીડિયા થકી દેવરિયાના કૌશલ ગૌંડ સાથે થઈ હતી. સાહિબા અને કૌશલે પ્રેમલગ્ન કર્યા અને પછી ગોરખપુરમાં એક ભાડાના રૂમમાં રહેવા માંડ્યા. એક દિવસ બંનેએ સોશિયલ મીડિયા પર ઈન્દ્રકુમાર તિવારીનો એક વાયરલ વીડિયો જોયો હતો, જેમાં ઈન્દ્ર તિવારી કહી રહ્યો છે કે ૧૮ એકર જમીન હોવા છતાં પણ પોતાના લગ્ન થઈ રહ્યા નથી.

## સુપ્રીમ કોર્ટે ભાગેડુ લલિત મોદીને આપ્યો ઝટકો

### ભાગેડુ લલિત મોદીએ ઈડીની દંડાત્મક કાર્યવાહી વિરુદ્ધ કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટે (ED) ભાગેડુ લલિત મોદીને ૧૦.૬૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યા બાદ હવે સુપ્રીમ કોર્ટે પણ ઝટકો આપ્યો છે. લલિત મોદીએ ઈડીની દંડાત્મક કાર્યવાહી વિરુદ્ધ કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ઈડીએ દંડ ફટકારેલ રકમ બીસીસીઆઈને ચૂકવવા લલિત મોદીને નિર્દેશ આપવા કોર્ટને વિનંતી કરી હતી. જોકે સુનાવણી કરી રહેલા ન્યાયાધીશ પી.એસ.નરસિમ્હા અને ન્યાયાધીશ આર.મહાદેવનની બેંચે કહ્યું કે, 'લલિત મોદીને કાયદા મુજબ વૈકલ્પિક ઉપાયોનો લાભ મેળવવાનો અધિકાર છે.' ૧૯ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ મુંબઈ હાઈકોર્ટે લલિત મોદી પર એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)ના ઉલ્લંઘન બદલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમને ફટકારાયેલ ૧૦.૬૪ કરોડ રૂપિયાના દંડની ચુકવણી બીસીસીઆઈને કરવા નિર્દેશ આપવાની માંગ કરતી તેમની અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, લલિત મોદીએ કરેલી અરજી સંપૂર્ણ ભ્રામક છે, કારણ કે ન્યાયિક સત્તાવાળાઓ FEMA હેઠળ લલિત મોદીને દંડ ફટકાર્યો હતો. તેણે અરજીમાં કહ્યું કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) માં મારી ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક કરાઈ હતી. આ દરમિયાન તેઓ BCCIની પેટા સમિતિ, ઈન્ડિયન પ્રીમિયર લીગ ગવર્નિંગ બોડીના અધ્યક્ષ પણ હતા. અરજીમાં દાવો કરાયો હતો કે બીસીસીઆઈએ તેમને પેટા-નિયમો મુજબ વળતર આપવું જોઈએ. ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયન પ્રિમિયર લીગના કમિશ્નર તરીકેના કાર્યકાળ દરમિયાન ૨૦૦૯માં લલિત મોદી પર આઈપીએલના ટીવી રાઈટ આપવામાં કરોડો રુપિયાનુ કમિશન લેવા સહિતના વિવિધ આરોપ લાગ્યા હતા.એ પછી ધરપકડ છોડીને બચવા માટે ૨૦૧૦માં ફરાર થઈને બ્રિટન પહોંચી ગયેલા લલિત મોદીએ વાનુઆતુ નામના ટાપુ દેશની તાજેતરમાં નાગરિકતા લઈ લીધી છે.

### કોલેજના પ્રથમ દિવસથી જ પીડિતા આરોપીઓના ટાર્ગેટ પર હતીઃ પોલીસ

# કોલકાતા ગેંગરેપઃ આરોપીઓના DNA સેમ્પલ લેવામાં આવ્યાં

। (એજન્સી) કોલકાતા, તા.૧ ।

કોલકાતામાં લો કોલેજની એક વિદ્યાર્થિની સાથે ગેંગરેપમાં ત્રણ આરોપીઓના ડીએનએ સેમ્પલ્સ મેળવી લેવાયા છે. આ ઘટનામાં પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે ૨૪ વર્ષીય યુવતી સાથે રેપની ઘટનાનુ અગાઉથી પ્લાનિંગ કરાયું હતું. બીજી બાજુ આ ઘટના મામલે પશ્ચિમ બંગાળમાં ભાજપ અને અન્ય સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો હાથ ધરાયા છે. મોનોજિત મિશ્રા, પ્રતીમ મુખરજી અને ઝૈદ અહેમદ આ ત્રણ આરોપીઓના ડીએનએ મેળવવા માટે કલકત્તા મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. અહીં તેમના વાળ, પેશાબ સહિતની ચીજો સેમ્પલ્સ ફોરેન્સિક તપાસ માટે એકત્ર કરાઈ હતી. આ પ્રક્રિયા આશરે આઠ કલાક ચાલી હતી. આ ઉપરાંત પોલીસે યુનિયન રૂમ, ગાર્ડ રૂમ અને બાથરૂમમાંથી મળેલી ચીજોને ફોરેન્સિક તપાસ માટે મોકલી હતી. ૧.૫ મિનિટની લાંબી વિડીયો ક્લીપ પણ ફોરેન્સિકમાં મોકલવામાં આવી હતી. આ ક્લિપ મુખ્ય આરોપી મિશ્રાના મોબાઈલ ફોનમાંથી મળી હતી. આ ક્લિપ અન્યોને મોકલવામાં આવી છે કે કેમ તે જાણવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જો આવું હશે તો એ લોકોની પણ પૂછપરછ કરાશે તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. મહિલા પર હુમલાની યોજના ચારમાંથી ત્રણ આરોપીઓ દ્વારા અગાઉ નક્કી કરાઈ હતી. આ ઘટનામાં તપાસ કરી રહેલી નવ સભ્યોની ખાસ તપાસ ટીમના અધિકારીઓનું માનવું છે કે મિશ્રા, મુખરજી અને અહેમદનો ભૂતકાળ વિદ્યાર્થિનીની જાતીય સતામણીનો રહેલો છે. આ ત્રણેય આવા કૃત્યોની તેમના મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ કરતા હતા અને એ પછી પીડિતાઓને બ્લેકમેઈલ કરવા માટે તેનો ઉપયોગ કરતા હતા. પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે 'આ સમગ્ર મામલો પૂર્વયોજિત હતો.

### ૪૬ બેન્કોની ગ્રોસ NPA સપ્ટેમ્બર-૨૦૨૪માં ૨.૬ ટકા હતી

# બેન્કોની ગ્રોસ એનપીએ માર્ચમાં ઘટીને ૨.3%, અનેક દાયકાના તળિયે

### સેક્ટરની દૃષ્ટિએ જોઈએ તો કૃષિ સેક્ટરમાં સૌથી વધુ ગ્રોસ એનપીએ ૬.૧ ટકા રહી હતી, જ્યારે પર્સનલ લોનમાં ગ્રોસ એનપી ૧.૨ ટકા રહી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

બેન્કોની ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ્સ (NPAs) ઘટીને માર્ચ-૨૦૨૫માં ૨.૩ ટકા થઈ હતી, જે અનેક દાયકામાં સૌથી નીચી છે તેમ રિઝર્વ બેન્કે સોમવારે કહ્યું હતું. સપ્ટેમ્બર-૨૦૨૪માં ગ્રોસ એનપીએ ૨.૬ ટકા હતી. આરબીઆઈએ છ માસિક ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રિપોર્ટમાં કહ્યું હતું કે ૪૬ બેન્કોની જીએનપીએ માર્ચ-૨૦૨૭ સુધીમાં વધીને ૨.૬ ટકા થઈ શકે છે. એફએસઆરમાં કહેવાયું છે કે લોન માંડવાળ (ટેકનિકલી માંડવાળ સહિત, જે ભૂતકાળમાં રિકવર કરી શકાય છે)ને કારણે છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રોસ એનપીએમાં નોંધપાત્ર ઘટાડો જોવાયો છે. લોન માંડવાળ ૨૦૨૪-૨૫માં વધીને ૩૧.૮ ટકા થઈ હતી, જે અગાઉના વર્ષે ૨૯.૫ ટકા હતી. સરકારી બેન્કોના લોન માંડવાળમાં સાધારણ ઘટાડો થયો છે. છ માસિક સ્લિપેજ રેશિયો (નવી એનપીએ) સ્થિર ૦.૭ ટકા રહ્યો હતો.સેક્ટરની દૃષ્ટિએ જોઈએ તો કૃષિ સેક્ટરમાં સૌથી વધુ ગ્રોસ એનપીએ ૬.૧ ટકા રહી હતી, જ્યારે પર્સનલ લોનમાં ગ્રોસ એનપી ૧.૨ ટકા રહી હતી.મોટા લોનધારકોનો હિસ્સો GNPAમાં ૩૭.૫ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૪૩.૯ ટકા હતો. આ સેગમેન્ટમાં GNPA રેશિયો સપ્ટેમ્બર-૨૦૨૩માં ૩.૮ ટકાથી ઘટીને માર્ચ-૨૦૨૫માં ૧.૯ ટકા થયો હતો. ટોપ-૧૦૦ લોનધારકો પૈકી કોઈને એનપીએ તરીકે વર્ગીકૃત નથી કરાયા અને તેમનો કુલ લોનમાં હિસ્સો છેલ્લાં છ મહિનામાં ૧૫.૨ ટકા સ્થિર રહ્યો છે તેમ આ એફએસઆર રિપોર્ટમાં કહેવાયું છે. રિઝર્વ બેન્કના ડેટા અનુસાર સરકારી બેન્કોની ક્રેડિટ કાર્ડ સેગમેન્ટની GNPA વધીને ૧૪.૩ ટકા થઈ હતી, છ મહિના પહેલાં ૧૨.૭ ટકા હતી. ખાનગી સેક્ટરમાં આ સેગમેન્ટની ગ્રોસ એનપી માત્ર ૨.૧ ટકા રહી હતી.

### પોતાના દેશના લોકો વિરુદ્ધ કરી ગંભીર ટિપ્પણી

# થાઈલેન્ડના વડાંપ્રધાન પૈતોંગટાર્ન શિનવાત્રા પદ પરથી સસ્પેન્ડ કરાયા

### વિવાદ સામે આવ્યા બાદ શિનવાત્રાએ માફી માંગી છે, જોકે મામલે કોર્ટમાં પહોંચ્યા બાદ તેમને વડાંપ્રધાન પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે

। (એજન્સી) થાઈલેન્ડ, તા.૧ ।

થાઈલેન્ડની બંધારણી કોર્ટે એક શબ્દના કારણે વડાંપ્રધાન પૈતોંગટાર્ન શિનવાત્રાની હકાલપટ્ટી કરી દીધી છે. તેમના પર પોતાના દેશના લોકો વિરુદ્ધ ગંભીર ટિપ્પણી કરવાનો આરોપ લાગ્યો છે. કોર્ટે કહ્યું છે કે, જ્યાં સુધી કેસની તપાસ પુરી ન થાય, ત્યાં સુધી ૩૮ વર્ષીય શિનવાત્રા વડાપ્રધાન પદ નહીં સંભાળે. કોર્ટે કહ્યું છે કે, વડાંપ્રધાન શિનવાત્રાએ પોતાના દેશનો લોકો વિરુદ્ધ ગંભીર ટિપ્પણી કરી હોવાથી તેમને એક જુલાઈથી સસ્પેન્ડ કરવામાં આવે છે. શિનવાત્રાએ દુશ્મન દેશ કંબોડિયાના વડા સાથે ફોન પર વાતચીત કરતી વખતે થાઈલેન્ડના આર્મી વડા વિરુદ્ધ અયોગ્ય ટિપ્પણી કરી હતી. થાઈલેન્ડની કોર્ટે વડાંપ્રધાનના આચરણને અયોગ્ય ઠેરવ્યો છે. કોર્ટે કહ્યું કે, શિનવાત્રાએ જે રીતે પોતાના દેશના લોકો



વિરુદ્ધ ટિપ્પણી કરી છે, તે આચરણ વિરુદ્ધની છે. કોર્ટે તપાસ એજન્સીને કહ્યું છે કે, તેઓ સંપૂર્ણ તપાસ કરીને ૧૫ દિવસમાં રિપોર્ટ જમા કરાવે, ત્યારબાદ આગળની કાર્યવાહી કરાશે. વાસ્તવમાં થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સરહદ વિવાદ ચાલી રહ્યો છે. મે મહિનામાં સરહદ વિવાદ થયો હતો, જેમાં એક કંબોડિયન સૈનિક સહિત કેટલાક લોકોના મોત થયા હતા. શિનવાત્રાએ બંને દેશોના તણાવ મુદ્દે કંબોડિયાના સીનેટના પ્રમુખ હુન સેન સાથે ફોન પર વાત કરી હતી. શિનવાત્રાએ તેમને અંકલ કરીને સંબોધ્યા હતા અને થાઈલેન્ડના સેનાઅધ્યક્ષને પોતાના દુશ્મન કહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, હાલ કંબોડિયાની સરહદ પર જનરલ તહેનાત છે, તે મારા દુશ્મન છે તેથી જ કંબોડિયા સાથે વિવાદ ચાલી રહ્યો છે. વિવાદ સામે આવ્યા બાદ શિનવાત્રાએ માફી માંગી છે, જોકે મામલે કોર્ટમાં પહોંચ્યા બાદ તેમને વડાંપ્રધાન પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, હું કોર્ટના નિર્ણયનું પાલન કરીશ. હું તપાસ કે ન્યાયિક કાર્ડમાં અચડણો ઊભી કરાવ માંગતી નથી. અગાઉ તેમના પિતા થાકસિન શિનવાત્રા પણ વડાપ્રધાન રહી ચુક્યા છે.

### ગંગોત્રી ધામની યાત્રા યથાવત

# 3 દિવસ પછી પણ ન ખુલ્યો યમુનોત્રી હાઈવે, અનેક શ્રદ્ધાળુઓ ફસાયા

। (એજન્સી) યમુનોત્રી, તા.૧ ।

ચારધામ યાત્રા અંગે સમાચાર છે. યમુનોત્રી હાઈવે હાલમાં ઘણી જગ્યાએ બંધ છે. તેને ખોલવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બંધના ત્રીજા દિવસે પણ સેંકડો શ્રદ્ધાળુઓ યમુનોત્રી બાજુ ફસાયેલા છે. સ્થાનિક લોકો તેમના મફત ભોજન અને રહેવાની વ્યવસ્થા કરી રહ્યા છે.

આ સાથે, સ્યાના ચટ્ટી ખાતે યમુના નદી પર બનેલું તળાવ અકબંધ છે. સિલાઈ બંધ અને ઓજરી નજીક યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગનો કેટલોક ભાગ લેન્ડ-સ્લાઈડિંગ/ધોવાઈ જવાને કારણે બંધ છે. ધોરીમાર્ગને કાર્યરત બનાવવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ગંગોત્રી ધામની યાત્રા સરળતાથી ચાલી રહી છે. ગંગોત્રી યાત્રાનો માર્ગ ખુલ્લો છે.

પશ્ચિમ રેલ્વે
વડોદરા વિભાગ

**કોન્ટ્રાક્ટરના પોતાના ગેજ ફેસ લુબ્રિકેટર દ્વારા કર્વ્સનું લુબ્રિકેશન**

ઈ-ટેન્ડર નોટિસ નં. **DRM-BRC 065 ઓફ 2025-26;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે સીલબંધ ટેન્ડરો નીચેના કામો માટે મંગાવવામાં આવે છે. **ક્રમાંક (૧) ટેન્ડર નં. અને કામનું નામઃ DRM BRC 065 ઓફ 2025-26.** કોન્ટ્રાક્ટરના પોતાના ગેજ ફેસ લુબ્રિકેટર દ્વારા વળાંકોનું લુબ્રિકેશન જેમાં વડોદરા ડિવિઝન પર પાંચ વર્ષના સમયગાળા માટે તેની જાળવણીનો સમાવેશ થાય છે. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧૯,૫૦,૦૮,૦૮૩.૨૦/- **બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશેઃ** રૂ. ૧૧,૨૫,૧૦૦.૦૦/- **ટેન્ડર સબમિટ કરવા અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** ટેન્ડર ૨૩.૦૭.૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ કલાક પહેલા સબમિટ કરવાના છે અને તે જ તારીખે ૧૫.૩૦ કલાકે ખોલવાના છે. વેબસાઈટની વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટેની સૂચના અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તે કાર્યાલયનું સરનામુંઃ વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA/C) વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪.

088

અમને પસંદ કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - અમદાવાદ

**વિવિધ ROB કાર્યો માટે યુટીલીટી શિફ્ટિંગ ના સંબંધમાં સિગ્નલિંગની અને ટેલિકોમ કાર્યોની આપૂર્તિ, સંસ્થાપન, પરીક્ષણ, કમીશનીંગ અને ટેલિકોમ કાર્યો**

ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર, બાંધકામ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ-૩૮૨૩૪૫, ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી, નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવી રહ્યા છે; **(૧) ટેન્ડર નંબરઃ DY.CSTE/C-II/ADI/2025-26/116; (૨) કામનું નામઃ** પશ્ચિમ રેલવે પર ગેરતપુર-વડોદરા સેક્શન અને વિરમગામ-ભંકોદા સેક્શન વચ્ચે વિવિધ ROB કાર્યો માટે યુટીલીટી શિફ્ટિંગ ના સંબંધમાં સિગ્નલિંગની અને ટેલિકોમ કાર્યોની આપૂર્તિ, સંસ્થાપન, પરીક્ષણ, કમીશનીંગ અને ટેલિકોમ કાર્યો; **(૩) કામની અંદાજિત કિંમતઃ** ₹ ૨,૨૯,૦૮,૦૨૮/- (₹ બે કરોડ ઓગણત્રીસ લાખ આઠ હજાર અઠ્યાવીસ પુરા)); **(૪) બિડ સિક્યોરિટીઃ** ₹ ૨,૬૪,૬૦૦/- (₹ બે લાખ ચોસઠ હજાર છસ્સો પુરા); **(૫) ટેન્ડર સબમિટ કરવાનો અને ખોલવાનો સમયઃ ઇ-ટેન્ડર સબમિટ કરવાનો સમયઃ-** ૨૧.૦૭.૨૦૨૫, ૧૫.૦૦ કલાક સુધી. અને ૨૧.૦૭.૨૦૨૫ ના ૧૫.૩૦ કલાકે ખુલશે; **(૬) ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ થવાનો સમય અને તારીખઃ** ૨૧.૦૭.૨૦૨૫ ના ૧૫.૩૦ કલાકે; **(૭) વેબસાઇટ સ્પેસિફિક અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો અને ઓફિસનું સરનામું જોઈ શકાય છે; વેબસાઇટઃ- www.ireps.gov.in** નાયબ મુખ્ય સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (કન્સ્ટ.), પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત - ૩૮૨૩૪૫) ની કચેરી; **(૮) કામ પૂર્ણ કરવાનો સમયગાળોઃ** સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી બાર (૧૨) મહિના.

નંબર DY/SG/W/118/116 તારીખઃ 30/06/2025 CPM – 019

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

## તંત્રી લેખ...

# મસ્કે રાજકીય પક્ષ રચવાની ધમકી આપી

એક સમયે ડોનાલ્ડ ટ્રમ્પના ખૂબ જ નજીકના અને સલાહકાર ગણાતા ઈલોન મસ્ક હવે તેના કટ્ટા આલોચક બની ગયા હોય તેમ હવે તેમણે ટ્રમ્પના મહત્વાકાંક્ષી ''વન બિગ, બ્યુટીફુલ બિલ''ની ફરીથી આકરી ટીકા કરી છે. મસ્કે આ બિલને ''ગાંડપણ'' અને સામાન્ય કરદાતાઓ પર બોજ ગણાવ્યો છે. જો કે આ બિલના વિરોધમાં તેમણે એવી પણ ચેતવણી આપી છે કે જો સેનેટ આ બિલને મંજૂરી આપશે, તો તેઓ બીજા જ દિવસે ''અમેરિકા પાર્ટી'' નામની એક નવી રાજકીય પાર્ટી શરૂ કરશે.ટ્રમ્પના બીજા કાર્યકાળની આ મુખ્ય નીતિમાં સંરક્ષણ, ઊર્જા અને સરહદ સુરક્ષા માટે મોટા બજેટની માંગ કરવામાં આવી છે, પરંતુ પોષણ અને આરોગ્ય સેવાઓમાં કાપનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસના બજેટ કાર્યાલયના અંદાજ મુજબ, આગામી દસ વર્ષમાં આ બિલ રાષ્ટ્રીય ખાધને લગભગ ૩.૩ ટ્રિલિયન સુધી વધારી દેશે. મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ બિલને ''પોર્કી પિગ પાર્ટી'' ગણાવ્યો છે. તેમણે લખ્યું, ''આ બિલ પાંચ ટ્રિલિયન ડોલરની રેકોર્ડ લોન મર્યાદા વધારે છે. તે સ્પષ્ટ છે કે આપણે હવે એક પાર્ટીવાળા દેશમાં રહીએ છીએ – 'પોર્કી પિગ પાર્ટી'! હવે સમય આવી ગયો છે એક એવી નવી પાર્ટીનો જે ખરેખર લોકોની પરવા કરે.''મસ્કે રિપબ્લિકન નેતાઓ પર પણ પ્રહાર કર્યા છે. મસ્કે રિપબ્લિકન નેતાઓ, ખાસ કરીને હાઉસ ડીમ કોકસના અધ્યક્ષ એન્ડી હેરિસ પર પણ આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું, ''જો તમે સરકારી ખર્ચ ઘટાડવાના નામે ચૂંટાયા છો અને પછી સૌથી મોટી દેવું મર્યાદા વધારનારા બિલ માટે મત આપો છો, તો તમને શરમ આવવી જોઈએ.'' ઈલોન મસ્કે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, ''જો આ પાગલપનભર્યું બિલ પસાર થાય છે, તો બીજા જ દિવસે 'અમેરિકા પાર્ટી'ની શરૂઆત કરીશ.

## કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય રમતગમત નીતિ ૨૦૨૫ને મંજૂરી આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે રાષ્ટ્રીય રમતગમત નીતિ (NSP) ૨૦૨૫ ને મંજૂરી આપી, જે દેશના રમતગમતના પરિદ્દશ્યને ફરીથી આકાર આપવા અને રમતગમત દ્વારા નાગરિકોને સશક્ત બનાવવાના હેતુથી એક સીમાચિહ્નરૂપ પહેલ છે.

આ નવી નીતિ હાલની રાષ્ટ્રીય રમત નીતિ, ૨૦૦૧ને બદલે છે અને ભારતને વૈશ્વિક રમતગમત પાવરહાઉસ અને ૨૦૩૬ ઓલિમ્પિક રમતો સહિત આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોમાં શ્રેષ્ઠતા માટે મજબૂત દાવેદાર તરીકે સ્થાપિત કરવા માટે એક સ્વપ્રદ્રષ્ટા અને વ્યૂહાત્મક રોડમેપ રજૂ કરે છે .

NSP ૨૦૨૫ એ કેન્દ્રીય મંત્રાલયો, નીતિ આયોગ, રાજ્ય સરકારો, રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન (NSF), રમતવીરો, ક્ષેત્ર નિષ્ણાતો અને જાહેર હિસ્સેદારો સાથે સંકળાયેલા વ્યાપક પરામર્શનું પરિણામ છે. આ નીતિ પાંચ મુખ્ય સ્તંભો પર આધારિત છે.

૧. વૈશ્વિક મંચ પર શ્રેષ્ઠતા

આ સ્તંભનો ઉદ્દેશ્ય છે:

પ્રતિભાને વહેલા ઓળખવા અને સંવર્ધન કરવા માટેની પદ્ધતિઓ સહિત, પાયાના સ્તરથી લઈને ઉચ્ચ સ્તર સુધીના રમતગમત કાર્યક્રમોને મજબૂત બનાવવું.

સ્પર્ધાત્મક લીગ અને સ્પર્ધાઓની સ્થાપનાને પ્રોત્સાહન આપવું અને ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં રમતગમતના માળખાગત વિકાસ કરવો. તાલીમ, કોચિંગ અને સર્વાંગી રમતવીર સહાય માટે વિશ્વ કક્ષાની પ્રણાલીઓ બનાવવી.

રાષ્ટ્રીય રમતગમત સંઘોની ક્ષમતા અને શાસનમાં વધારો કરવો.

રમતગમતના પ્રદર્શનને વધારવા માટે રમતગમત વિજ્ઞાન, દવા અને ટેકનોલોજી અપનાવવાને પ્રોત્સાહન આપવું.

કોચ, ટેકનિકલ અધિકારીઓ અને સહાયક સ્ટાફ સહિત રમતગમતના કર્મચારીઓને તાલીમ આપવી અને વિકાસ કરવો.

૨. આર્થિક વિકાસ માટે રમતગમત

NSP ૨૦૨૫ રમતગમતની આર્થિક સંભાવનાને ઓળખે છે અને આનો પ્રયાસ કરે છે:

રમતગમત પર્યટનને પ્રોત્સાહન આપવું અને ભારતમાં મુખ્ય આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો આકર્ષિત કરવા.

રમતગમત ઉત્પાદન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવી અને આ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવું.

જાહેર-ખાનગી ભાગીદારી (PPP), કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) અને નવીન ભંડોળ પહેલ દ્વારા ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવું.

૩. સામાજિક વિકાસ માટે રમતગમત

આ નીતિ સામાજિક સમાવેશને આગળ ધપાવવામાં રમતગમતની ભૂમિકા પર ભાર મૂકે છે:

કેન્દ્રિત કાર્યક્રમો દ્વારા મહિલાઓ, આર્થિક રીતે નબળા વર્ગો, આદિવાસી સમુદાયો અને અપંગ વ્યક્તિઓમાં ભાગીદારીને પ્રોત્સાહન આપવું.

સ્વદેશી અને પરંપરાગત રમતોને પુનર્જીવિત અને પ્રોત્સાહન આપવું.

રમતગમતને શિક્ષણમાં એકીકૃત કરીને, સ્વયંસેવાને પ્રોત્સાહન આપીને અને બેવડા કારકિર્દીના માર્ગોને સરળ બનાવીને તેને એક સક્ષમ કારકિર્દી વિકલ્પ તરીકે સ્થાન આપવું.

રમતગમત દ્વારા ભારતીય ડાયસ્પોરાને જોડવું.

૪. રમતગમત એક લોકચળવળ તરીકે

રમતગમતને રાષ્ટ્રીય ચળવળ બનાવવા માટે, નીતિનો ઉદ્દેશ્ય છે:

રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ અને સમુદાય-આધારિત કાર્યક્રમો દ્વારા સામૂહિક ભાગીદારી અને તંદુરસ્તીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપો.

શાળાઓ, કોલેજો અને કાર્યસ્થળો વગેરે માટે ફિટનેસ સૂચકાંકો શરૂ કરો.

રમતગમતની સુવિધાઓની સાર્વત્રિક સુલભતા વધારવી.

૫. શિક્ષણ સાથે એકીકરણ (NEP 2020)

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત, NSP ૨૦૨૫ પ્રસ્તાવિત કરે છે:

શાળાના અભ્યાસક્રમમાં રમતગમતનો સમાવેશ કરો.

રમતગમત શિક્ષણ અને જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે શિક્ષકો અને શારીરિક શિક્ષણ શિક્ષકોને વિશેષ તાલીમથી સજ્જ કરો.

૬.વ્યૂહાત્મક માળખું

તેના ઉદ્દેશ્યોને સાકાર કરવા માટે, NSP ૨૦૨૫ એક વ્યાપક અમલીકરણ વ્યૂહરચના ઘડે છે, જેમાં સામેલ છે:

શાસન : રમતગમતના શાસન માટે કાનૂની માળખા સહિત એક મજબૂત નિયમનકારી માળખું સ્થાપિત કરવું.

ખાનગી ક્ષેત્રનું ભંડોળ અને સહાય : નવીન નાણાકીય પદ્ધતિઓ વિકસાવો અને PPP અને CSR દ્વારા ખાનગી ક્ષેત્રની ભાગીદારીને જોડવા.

## આધુનિક સમયમાં બાળકને બંધન ગણી ઘણા એને અવગણે છે!

# મૈત્રી, પ્રિતી અને ભક્તિ એ ત્રણેય એક જ આયામમાં પ્રવર્તતી ભાવ શક્તિ છે





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**મમતા દોષ રહિત હોવી જરૂરી છે, નહીં તો કૈકેયી, ગાંધારીની જેમ ઈતિહાસ પણ લખાવી શકે. બે વ્યક્તિ વચ્ચેનો પ્રેમ સંબંધ યથા સમજણથી પરિપક્વ બને તો પણ ઈતિહાસ લખાય !**

પ્રિતી નામની ભાવ શક્તિથી પતિ પત્નીનાં કહેવાતા લૌકિક પ્રેમ સંબંધથી જે બાળકનો જન્મ થાય એની સાથે એક મમતાનાં ભાવ સાથે માતાપિતા જોડાય છે. આધુનિક સમયમાં બાળકને બંધન ગણી ઘણા એને અવગણે છે! તો ક્યાંક કોઈ અત્યાચારનાં પરિણામે બાળક જન્મે, અથવા ઘરેલુ હિંસાને પરિણામે બાળક ત્રૂટિ વાળું જન્મે! આવા સંજોગોમાં એ પ્રેમથી વંચિત પણ રહી શકે! બાકી મમતા પ્રેમને પરિપક્વ બનાવતું પરિબળ છે. મમતા દોષ રહિત હોવી જરૂરી છે, નહીં તો કૈકેયી, ગાંધારીની જેમ ઈતિહાસ પણ લખાવી શકે. બે વ્યક્તિ વચ્ચેનો પ્રેમ સંબંધ યથા સમજણથી પરિપક્વ બને તો પણ ઈતિહાસ લખાય ! જેમ કે રાધા કૃષ્ણનો અમર પ્રેમ! ગોપીનો અમર પ્રેમ! એ જ રીતે હીર રાંઝા, રોમી જૂલીયટ, લેલા મજનૂ! જેવા કેટલાય. પણ અમર પ્રેમથી પણ આગળ છે, પરમ પ્રેમ! અને જે દયા, સેવા, સહાનુભૂતિ અને સંવેદનાની ધરોહર વિના શક્ય નથી. મૈત્રી, પ્રિતી, અને ભક્તિ એ ત્રણેય એક આયામમાં પ્રવર્તતી શક્તિ છે. પણ મૈત્રીમાં આપણે મિત્રતાનો ભાવ ક્યાં રાખવો એ નિશ્ચિત છે, પ્રિતમાં પણ પ્રેમ કરનારનું સ્થાન નિશ્ચિત છે, પણ ભક્તિમાં ભક્તનાં મનમાં ભગવાન વિશેની માત્ર ધારણાં હોય છે, અને વિશુદ્ધ ભાવ રાખી ભગવાનનું સામિપ્ય, સાનિધ્ય, અને સામર્થ્ય અનુભવવાનું હોય છે.

ભક્તિ **ભક્તિ શબ્દનો સીધોસાદો અર્થ કરીએ ભકત અને ભગવાનને જોડનારુ પરિબળ. પણ ભક્તિની પ્રાથમિકતામાં મૈત્રી અને પ્રિતી આવશ્યક છે, મૈત્રી હોય ત્યાં જ પ્રીતિ ટકી શકે, અને પ્રીત હોય તો જ ભક્તિ નભી શકે. ભક્તિ એટલે કે ભક્ત અને ભગવાનને જોડનારો એક અનન્ય સંબંધ, કે જેમાં ભગવાનનાં જે તે સ્વરૂપ સાથે ભક્તનું સાનિધ્ય શરું થાય છે, અને ભક્તિની પરાકાષ્ઠાએ એકાકાર બંને છે, અને સાકર સ્વરૂપથી શરૂ થયેલી આ યાત્રા નિરાકાર પરબ્રહ્મ રૂપે પૂર્ણ થાય છે, અને પૂર્ણ સમર્પણનો કે અસ્તિત્વ તરફ શરણાગતિનો ભાવ આવી શકે છે. ભક્તિની શક્તિ ગજબ હોય છે, અને ભક્તનો જેટલો ભરોસો વધુ એટલી ભક્તિની શક્તિ પ્રગાઢ બને છે, અને એ આપણે કેટલાય ઉદાહરણ પરથી સાબિત કરી શકીએ. પ્રહલાદને નૃસિંહ અવતાર સમયે આવી મદદ કરે, ધ્રુવને સિતારો બનાવી ભક્તિને અમર કરે! હનુમાનજીની રામ અને રામનામ તરફની ભક્તિ નિષ્ઠાને આજે પણ લોકો પૂજે છે. સતયુગમાં કે ત્રેતાયુગમાં મા દુર્ગાની ભક્તિથી દૈત્યોનાં સામ્રાજ્ય સમાપ્ત થયા હતાં.

આજે પણ કૃષ્ણ ભક્તિને નાતે જીવન સમર્પણ કરી ગોપી કે રાધાનું ઉપનામ મળે છે. ભાવ ભક્તિની પરાકાષ્ઠાએ નરસિંહ કેદારો ગાય અને ભગવાન દોડતાં આવે, જૂનાગઢની એ ડેલીએ શામળશા શેઠ બની એની હુંડી સ્વીકારે, કુંવરબાઈનું મામેરું કરે, એનાં પિતાનું શ્રાદ્ધ કરે,આ બધી જ ભક્તિની શક્તિ છે. ભક્ત નરસિંહ એ તો કાળને ઓળંગીને કૃષ્ણની લીલાને ગોકુળ મથુરામાં માણી, મહારાસનો હિસ્સો બન્યાં હતાં. એ બધી જ લીલા આલેખીને, આપણી માટે પણ એ માર્ગ મૂકતા ગયા. એવી જ રીતે મીરાંનું ઝેર પીવે, આવાં તો કેટલાંય ઉદાહરણો આપણે આપી શકીએ. ભક્તિમાં રહેલા પ્રેમની શક્તિ છે કે, લોકો ગમે તે કહે પણ ભક્ત ભગવાન પરનાં ભરોસાથી વિચલિત થતો નથી. એટલે પ્રેમ નિભાવવા માટે ભરોસો હોવો બહુ જ જરૂરી છે. દરેક સંબંધમાં વિશ્વાસ રહે તો તો બહુ સારું છે,પણ એમ લાગે કે અહીં કોઈ કદર નથી, ત્યારે ભગવાન પર ભરોસો કરવો, કે નક્કી કંઈક વધુ સારું કરવાં જ આ ઘડી આપી છે. નથી થતાં સોદા મફતમાં ભક્તિ તણા! એ પદ યાદ કરીને ભગવાનમાં પૂર્ણ ભરોસો રાખવાથી ભવોભવ એનાં ચરણોમાં સ્થાન પ્રાપ્ત થાય છે.

કરુણા**કરુણાનો સીધોસાદો અર્થ તન મન ધનથી કોઈ એકની નહીં સૌની અથવા પર્ટીકયુલર વર્ગ, વર્ણ, કે શ્રેણી જોયા વગર સૌની તકલીફ કે સમસ્યાનું સમાધાન કરવા માટે જાત દાવ પર મુકી દેવી. કરુણા શક્તિના ભાવ પર પહોંચવા માટે વ્યક્તિગત રીતે સાધકે પોતાના તરફ જોવાનું સાવ બંધ કરવું પડે, અથવા તો અન્ય પ્રત્યેની સંવેદના તેને પોતાની જાતને પણ ભૂલાવી દે એવી તીવ્ર બને, ત્યારે આ શક્તિ કવચથી અંતર ભીંજાય છે. કોઈને આપણે દુ:ખી જોઈએ, એટલે કે કોઈ અપંગ છે, કોઈ રક્તપિત્ત વાળું છે, કોઈને પેરેલિસિસ છે, અથવા કોઈ કુપોષણ વાળું નાનું બાળક જોઈએ, કોઈ પાંચ-છ દિવસથી ભૂખ્યું તડપતું હોય, કોઈ તરસની વ્યાધિથી વ્યાકુળ હોય, અથવા જીવ દયા વિશે વિચારીએ તો ગાય, કૂતરા, બિલાડાની, પ્રસુતિના સમયે તડપતા જોઈએ, અને સંવેદનાથી તેનો ઈલાજ કરીએ, તો એ જીવની સમસ્યાનો ઉકેલ આવે, પણ આપણાં સમાજમાં તો હજી આવા કેટલાય બાકી છે! તો એ બધાં માટે કંઈક કરવા અંતર વ્યાકુળ બને, ત્યારે કરુણા થઈ એમ સમજવું. સાચી કરુણા તો અત્યારે ઈશ્વર અને સદગુરુ કરી રહ્યા છે, કારણ કે માનવ અધોગતિ તરફ એટલો આગળ વધી ગયો છે, કે એને પોતાના સ્વાર્થ આગળ બીજું કંઈ જ દેખાતું નથી, અને છતાં આપણે જીવિત છીએ, એ કોઈની કરુણાનું જ કારણ છે. વિશ્વભરમાં અત્યારે આ રીતે કેટલીય સંસ્થાઓ છે, જે રખડતા ઢોરથી માંડીને રખડતાં માનવી સુધી પહોંચી એનું જીવન સરળ બનાવવા માટે પ્રયત્ન કરે છે. કરુણા માટે તો વિશ્વ સામે અત્યારે આવાં કેટલાંય પ્રશ્નો છે, જેનો ઉકેલ કરુણા સિવાય શક્ય નથી.

તત્વતઃ ઈશ્વર એક જ છે, છતાં સમજવા માટે, ભગવાન શ્રી રામને સત્ય અવતાર, ભગવાન શ્રી કૃષ્ણને પ્રેમાવતાર અને ભગવાન શંકરને કરુણા અવતાર કહેવાયા છે! ભગવાન શ્રીરામે પિતાનાં વચનો સાચાં પાડવાં ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યો અને છેક છેવાડાના માનવી સુધી પહોંચ્યા. ભગવાન શ્રી કૃષ્ણે પ્રેમરસ માધૂરીથી ગાય ગોવાળ અને ગોકુળની ગોપીઓની મટકી ભરી, સૌને પોતાના સમજી એની જે તે રુપ સ્વરૂપે હોય એની સરહાના કરી. ભગવાન શંકર એ સમુદ્ર મંથનમાંથી નીકળેલુ કળાકૂટ નામનું હળાહળ વિષ પીને સમગ્ર સૃષ્ટિને બચાવી તેમજ સ્મશાનમાં રહી અતૃપ્ત ભૂત પ્રેતને પોતાનાં કહી કરુણા કરી, માટે એને કરુણા અવતાર કહ્યાં છે. આમ પણ એનાં જેવો ભોળો બીજો કયો દેવ છે? હિન્દુ સંસ્કૃતિમાં આવાં તો કેટકેટલા દેવ અને ઋષિ ચરિત્ર છે, જેને અનુસરીને આપણે પણ ચરિત્ર બનાવી શકીએ! અથવા તો જીવનમાં ખુશી, પ્રસન્નતા, અને શાંતિને કાયમ માટે સ્થાપિત કરી શકીએ! પાછા આપણે એનાં વિશે જાણતાં નથી એવું પણ નથી! પણ આપણે ચરિત્ર બનાવી શકતા નથી, કે પ્રસન્ન રહી શકતા નથી! કારણ કે આપણા જ દોરેલા વર્તુળમાં જીવીએ છીએ, અને એ કમ્ફર્ટ ઝોનમાંથી આપણે ફેંકાઈ જઈશું તો?? એવો ડર આપણને રહે છે, અને એ ડર આપણને બીજા તરફ જોવા નથી દેતો, એટલે દયા, સહાનૂભૂતિ, કે સંવેદના એટલાં તીવ્ર બનતાં નથી. સમાજમાં ઘટતી અઘટિત ઘટનાઓ આપણને ક્ષણ બે ક્ષણ માટે વિચલિત કરે છે, પછી વળી પાછાં હતાં ત્યાંના ત્યાં! પ્રશ્નો બહુ મોટાં છે, એટલે બીજું તો શું કરી શકીએ? પણ જેને કરુણાવતાર કહ્યા છે એને ભજીએ, એનાં ગુણોનું સંકિર્તન કરીએ અને એનાં ભોળાં ભાવને આત્મસાત કરીએ! એનું ચરિત્ર સતત યાદ રહે એ માટે એની સન્મુખ રહીએ! બસ આ રીતે શક્તિનાં કરુણા કવચને પ્રાપ્ત કરી શકાય છે, અને હવે શ્રાવણ આવી રહ્યો છે, ત્યારે આપણે સૌ એ રીતે માત્ર સ્વરૂપની નહીં પણ એનાં ગુણોની ઉપાસના કરી ભક્તિ અને કરુણા કવચ સુધી પહોંચી શકીએ.જય સીયારામ.

## અંતકાળ સુધી મારો જપ ચાલુ હતો છેવટે અંતકાળમાં રાધાકૃષ્ણનું ચિંતન કરતાં, મેં શરીર નો ત્યાગ કર્યો

# કોઈ "વખાણ" કરે કે "નિંદા" બંને સારાં જ છે,કેમ કે વખાણ "પ્રેરણા"આપે છે નિંદા "સાવધાન" થવાનો અવસર આપે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એક કરોડ જપ કરવાથી તન સુધરે એટલે કે આરોગ્ય પ્રાપ્ત થાય છે. બે કરોડ જપ કરવાથી દ્રવ્ય સુખ મળે એટલે ધનની પ્રાપ્તિ થાય.**

સંબંધો દિલથી હોવા જોઈએ, શબ્દોથી નહીં અને રોષ ન તો શબ્દોમાં હોવો જોઈએ કે ન તો હૃદયમાં. આજથી, ચાલો આપણે બધાને દિલથી પ્રેમ કરીએ...

હું મારી નકારાત્મક ખામીઓથી સંપૂર્ણપણે વાકેફ છું અને હું તેમને સ્વીકારુંછું.હું મારામાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે દરરોજ કામ કરી રહ્યો છું. હું એક આદર્શ વ્યક્તિ તરીકે પરિવર્તન અને વિકાસ માટે તૈયાર છું. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો મન ઈશ્વરમાં હોય અને ઈશ્વર સ્મરણ કરતાં શરીર છૂટી જાય, તો મુક્તિ મળે છે. મનને ઈશ્વરનું સ્મરણ સતત કરાવવા જપ વગર કોઈ સાધન નથી. જીભથી જપ અને મનથી સ્મરણ આખું જીવન જેની પાછળ ગયું હશે,તેઅંતકાળે યાદ આવશે. અંતકાળ સુધી મારો જપ ચાલુ હતો.છેવટે અંતકાળમાં રાધાકૃષ્ણનું ચિંતન કરતાં,મેં શરીર નો ત્યાગ કર્યો.મારુંમૃત્યુ મેંપ્રત્યક્ષ જોયું. મને મૃત્યુકષ્ટ થયું નહીં. તે પછી હું બ્રહ્માજીને ત્યાં જન્મ્યો, મારું નામ નારદરાખવામાં આવ્યું. પૂર્વજન્મમાં કરેલાં ભજનથી મારું મન સંસાર તરફ જતું નથી હવે મારું મન ચંચલ થતું નથી.હવે હું સતત પરમાત્માના દર્શન કરું છું. એક દિવસ હું ગોલોકધામમાં ગયો જ્યાં સતત રાસલીલા થાય છે. ત્યાં રાધાકૃષ્ણનાં મને દર્શન થયા. હું કીર્તનમાં તન્મય થયો હતો. શ્રીકૃષ્ણકીર્તનમાં મને અતિઆનંદ થયો.પ્રસન્ન થઈ રાધાજીએ મારા માટે પ્રભુને ભલામણ કરી કે નારદ જીને પ્રસાદ આપો.શ્રીકૃષ્ણે મને પ્રસાદ આપ્યો વ્યાસજીએ પૂછ્યું, ભગવાને પ્રસાદમાં તમને શું આપ્યું?

નારદજીએ કહ્યું, મને પ્રસાદીમાં પ્રભુએ તંબૂરો આપ્યો ને કહ્યું કે, શ્રીકૃષ્ણકીર્તન કરતો કરતો જગત માં ફરજે, અને મારાથી વિખૂટા પડેલા સંસાર પ્રવાહમાં તણાતા અધિકારી જીવને મારી પાસે લાવજે.

બસ ત્યારથી આ વીણા લઈ હું જગત ભ્રમણ કરું છું, કીર્તન કરું છું,અને અધિકારી જીવોને પ્રભુના ધામમાં લઈ જાઉં છું,સમુદ્રમાં એક ડૂબકીએ રત્ન મળતાં નથી. પણ વારંવાર ડૂબકી મારતા રહી એ તો કોઈવખત રત્ન મળી આવે મને કોઈ વખત લાયક જીવ મળી જાય છે, મને રસ્તામાં ધ્રુવ મળ્યો. પ્રહલાદ મળ્યો. તેઓને પ્રભુ પાસે લઈ ગયો!

હવે જ્યારે હું ઈચ્છું ત્યારે કનૈયો મને ઝાંખી આપે છે. મારી સાથે કનૈયો નાચે છે.હું મારા ઠાકોરજીનું કામ કરું છું તેથી હું ભગવાનને બહુ વહાલો લાગું છું.

કીર્તનથી સંસાર સાથેના સંબંધ છૂટે છે અને પ્રભુ સાથે સંબંધ બંધાય છે. માટે સંસારનું ધ્યાન છોડવાનો પ્રયત્ન કરો, જીભથી પ્રભુનું કીર્તન, મનથી તેનું ચિંતન અને દૃષ્ટિથી તેમના સ્વરૂપને જોશો તો જ કીર્તનમાં આનંદ આવશે.

કળિયુગમાં નામ-સંકીર્તન એ જ ઉગરવાનો ઉપાય છે.કીર્તન કરવાથી પાપ બળે છે,હૃદય વિશુદ્ધ થાય છે,પરમાત્મા હૃદયમાં આવે છે. પરમાત્માની પ્રાપ્તિ થાય છે.એટલે કથામાં કીર્તન થવું જોઈએ.કીર્તનવગર કથા પરિપૂર્ણ થતી નથી. કળિયુગમાં સ્વરૂપ સેવા જલદી ફળતી નથી પણ સ્મરણ-સેવા એટલે કે નામ-સેવા તરત ફળે છે. સત્સંગનો મોટો મહિમા છે.જે સત્સંગ કરે છે તે સંત બને છે. શ્રીકૃષ્ણકથાથી મારું જીવનસુધર્યું શ્રીકૃષ્ણકથા સાંભળી મને સાચું જીવન મળ્યું! આપ મને જે માન આપો છો, તે સત્સંગને લીધે જ છે. સત્સંગથી જ હું માનને લાયક છું.સત્સંગથી ભીલબાળકો સાથે રખડનાર હું દેવર્ષિ બન્યો. સત્સંગ તો કામધેનુ છે.

નિમ્નકોટિના દાસીપુત્ર છતાં સાચા સંતોની સેવાથી નારદનું જીવન સુધર્યું.સંતો પોતે જ તીર્થસ્વરૂપ છે. સંત જંગમ તીર્થ છે. પારસમણિ લોઢાનું સોનું કરે છે, પણ લોઢાને પારસમણિ બનાવતો નથી, ત્યારે સંતો તેમના સંસર્ગમાં આવેલાને પોતાના જેવા સંત બનાવે છે. સંતોનો આ ચમત્કાર છે. માનવ દેવ થવા સર્જાયો છે. માનવને દેવ થવા માટે ચાર ગુણો ની જરૂર છે:સંયમ,સદાચાર સ્નેહ અને સેવા.આ ગુણોસત્સંગ વગર આવતા નથી.સત્સંગનું ફળ ભાગવતમાં બતાવ્યું છે.નારદના ચરિત્રથી મનુષ્ય માયાનો દાસ બન્યો છે. સત્સંગથી તે એમાંથી છૂટી શકે છે.ભક્તિનો રંગ લગે, તેને સત્સંગ વિના ચેન પડતું નથી.

નારદચરિત્ર એ ભાગવતનું બીજા રોપણ છે.સત્સંગ અને સેવાનુંફળ બતાવવાનો આ ચરિત્ર ઉદ્દેશ છે.

દાનથી ધનની શુદ્ધિ થાય છે,ધ્યાન થી મનની શુદ્ધિ થાય છે,અને સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે. પરોપકારથી પણ મનની મલિનતા પૂરી ધોવાતી નથી.એ માટે ધ્યાન તપની જ જરૂર છે. એટલે તો ભગવાને ગીતામાં કહ્યું છે કે, હું પોતે જપયજ્ઞ છું. બધા યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે.જપ એવો કરો કે રોમેરોમમાંથી પડઘો પડે, રામદાસ સ્વામીએ દાસબોધમાં લખેલું છે કે,જપ કરવાથી જન્મ કુંડળીના ગ્રહો પણ સુધરે છે, પ્રારબ્ધ પણ બદલાય છે. એક કરોડ જપ કરવાથી તન સુધરે એટલે કે આરોગ્ય પ્રાપ્ત થાય છે. બે કરોડ જપ કરવાથી દ્રવ્ય સુખ મળે એટલે ધનની પ્રાપ્તિ થાય. ત્રણ કરોડ જપ કરવાથી પરાક્રમ સિદ્ધ થાય અને યશ-કીર્તિ મળે. ચાર કરોડ જપ કરવાથી સુખની પ્રાપ્તિ થાય. પાંચ કરોડ જપ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય.છ કરોડ જપ કરવાથી અંદરના શત્રુઓનો વિનાશ થાય છે.સાત કરોડ જપ કરવાથી સ્ત્રીને પતિસુખ અને પુરુષને પત્નીસુખ મળે છે. આઠ કરોડ જપ કરવાથી મરણ સુધરે, અપમૃત્યુ ટળે છે.નવ કરોડ જપ કરવાથી ઈષ્ટદેવની ઝાંખી થાય છે અપરોક્ષાનુભૂતિ થાય છે. જે દેવનો જપ કરે છે તે દેવના સગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. દસ,અગિયાર અને બાર કરોડ જપ કરવાથી સંચિત,પ્રારબ્ધઅને ક્રિયમાણ કર્મો બળે છે.આ કર્મો નો નાશ થાય છે.તેર કરોડ જપ કરવાથી ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય છે.

નારદજી વ્યાસજીને કહે છે કે,તમે જ્ઞાનપ્રધાન કથા ઘણી કરી,પણ હવે પ્રેમપ્રધાન કથા કરો. આપ એવી કથા કરો કે સર્વના હૃદયમાં શ્રીકૃષ્ણપ્રેમ પ્રગટે. કથાનું તાત્પર્ય નારદજીએ બતાવ્યું છે.

કથા સાંભળ્યા પછી પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે અને સંસારના વિષયો પ્રત્યે વૈરાગ્ય આવે,તો કથા કરી સાચી અને સાંભળી સાચી.ત્યારે વ્યાસજીએ કહ્યું,હું કઈ કથા કહું તે તમે જ કહો!નારદજી કહે છે, તમે સમાધિમાં બેસો અને સમાધિ માં જે દેખાય તે લખો.

બહિર્મુખ ઈન્દ્રિયોને અંતર્મુખ કરવાથી સમાધિ સમીપ પહોંચાય છે. ઈશ્વર સાથે એક થવું એટલે સમાધિ.

નારદ ન મળે ત્યાં સુધીનારાયણનાં દર્શન થતાં નથી. સંસારમાં આવ્યા પછી આ જીવ પોતાના સ્વરૂપને ભૂલે છે.કોઈ સંત કૃપા કરે ત્યારે જીવને તેના સ્વરૂપનું તે ભાન કરાવે છે. વ્યાસ નારાયણને પણ નારદજીની જરૂર પડી હતી.

વ્યાસજીને નારદજીએ સ્વરૂપનું ભાન કરાવ્યું અને પરિણામે વ્યાસ જીએ શ્રીભાગવતની રચના કરી. ભાગવતમાં તત્ત્વજ્ઞાન ઘણું છે. પણ તેનો પ્રધાન વિષય તો પ્રેમ છે. ઈશ્વર પુરાણોમાં જ્ઞાન,કર્મ, આચાર,ધર્મ વગેરે પ્રધાન છે. પરંતુ ભાગવત પુરાણ પ્રેમ પ્રધાન છે, ભક્તિપ્રધાન છે.


તેવી રીતે વાલ્મીકિ રામાયણ આચાર ધર્મપ્રધાન ગ્રંથ છે, ત્યારે તુલસી રામાયણ ભક્તિપ્રધાન ગ્રંથ છે.વાલ્મીકિને પોતાના જન્મમાં કથા કરવાથી તૃપ્તિ ન થઈ; ભગવાનની મંગળમયી લીલા કથાનું પ્રેમપૂર્વક વર્ણન કરવાનું રહી ગયું હતું તેથી તેઓ કલયુગમાં તુલસીદાસ તરીકે જન્મ અને રામચરિત માનસ લખ્યું શું એ આ ભાગવત ? વેદો રૂપી કલ્પવૃક્ષનું એ પાકું ફળ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત કોઈ "વખાણ" કરે કે "નિંદા" બંને સારાં જ છે, કેમ કે વખાણ "પ્રેરણા" આપે છે. અને નિંદા "સાવધાન" થવાનો અવસર આપે છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### વિક્રાંત મેસ્સીને અફસોસ

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હજુ કેટલાક લોકો મને ઉતરતો માને છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના નવી પેઢીના એક્ટર્સમાં વિક્રાંત મેસ્સીનું નામ મોખરે છે. નાના રોલથી શરૂઆત કરનારા વિક્રાંતની એક્ટિંગના ખૂબ વખાણ થઈ રહ્યાં છે. પ્રોમિસિંગ એક્ટ તરીકે ઓળખાતા વિક્રાંતને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કેટલાક લોકોએ હજુ સ્વીકાર્યો નથી. કેટલાક લોકો પોતાને ઉતરતો માની રહ્યા હોવાનો વિક્રાંતને અફસોસ છે. વિક્રાંતનું ફેમિલી બેકગ્રાઉન્ડ ફિલ્મોનું નથી અને તેના કારણે કેટલાક લોકો તેને હજુ આઉટસાઈડર્સ માની રહ્યા છે. સ્ટાર કિડ્સે ક્યારેય ખરાબ વર્તન કર્યું છે કે કેમ? તે અંગે જવાબ આપતાં વિક્રાંતે કહ્યું હતું કે, સંઘર્ષના દિવસોમાં ઘણાં લોકો તેને હિન બતાવવા માગતા હતા. આ વાત માત્ર સ્ટારકિડ્સની નથી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ પ્રકારના વર્તનને વ્યાપક રીતે જોવાના બદલે કેટલાક લોકોની માનસિકતા સાથે સરખાવવંય જોઈએ. અલગ-અલગ સમયે ઘણાં લોકોએ તેને ઉતારી પાડવાનો પ્રયાસ કર્યો છે. હજુ આજે પણ કેટલાક લોકોએ પોતાના પ્રયાસ છોડ્યા નથી. વિક્રાંતનું માનવું છે કે, જીવનમાં આ પ્રકારના લોકો પણ જરૂરી છે. તેમના કારણે જ પોતાની જાતને સાબિત કરવાની આગ લાગેલી રહે છે. પડકાર આપનારા લોકો જ ના હોય તો બમણા જોરથી કામ કરવાનો ઉત્સાહ આવી શકે નહીં. હકીકતમાં આવા લોકોનો આભાર માનવો જોઈએ. એક્ટર તરીકે પોતાને નાપસંદ કરનારા લોકોના કારણે દુઃખી થવાનું વિક્રાંતને પસંદ નથી. આ પ્રકારની નકારાત્મકતાથી જ આગળ વધી શકાય છે. એક્ટિંગ વખણાય અને ફિલ્મ સારી ચાલે ત્યારે ટીકાકારોને જવાબ મળી જ જાય છે. મોટા ભાગના સ્ટારકિડ્સ પોતાના માટે સારા હોવાનું વિક્રાંતે કહ્યું હતું. જો કે પોતાના માટે અણગમો ધરાવનારા કે નિષ્ફળતા જોવા માગતા લોકોના કારણે જ આગળ વધવાનો જુસ્સો જાળવી શકાતો હોવાનું વિક્રાંતે કહ્યું હતું.



### વર્કઆઉટના વીડિયોની ટીકા કરનારને સામંથાનો સણસણતો જવાબ

# ‘સમજી વિચારીને બોલો’: હેટર્સ પર સામંથાનો ગુસ્સો ઠલવાયો

**સામંથા રુથ પ્રભુએ ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો મૂક્યો છે, જેમાં એ જિમમાં વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે**

દક્ષિણ ભારતીય ફિલ્મોની જાણીતી અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ પોતાના લગ્ન પછીથી ચર્ચામાં રહે છે. કેટલાક દિવસો પહેલા અભિનેત્રી પોતાના વેકેશનમાંથી પરત આવી છે અને આવતા જ સોશ્યલ મીડિયા પર હલચલ મચી હતી. દક્ષિણ ભારતીય સુપરસ્ટાર સામંથા પોતાની શારીરિક ફિટનેસને કારણે ચર્ચામાં રહે છે. સામંથા રુથ પ્રભુએ ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો મૂક્યો છે, જેમાં એ જિમમાં વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે. પરંતુ આ વીડયોના કેપ્શન સૌનું ધ્યાન ખેંચી રહ્યા છે. અભિનેત્રી સામંથા પોતાના રંગ-રુપ અંગે ખોટી વાત સાંભળીને ગુસ્સે ભરાઈ ગઈ, પછી તેણે હેટર્સને સંભળાવી પણ દીધું. ખાસ કરીને એ મેસેજ એ લોકો માટે છે જે સામંથાને ‘પાતળી’ કે ‘બીમાર’ કહે છે. સામંથાએ જિમમાં કસરત કરતી વખતે પુલઅપનો એક વીડિયો શેર કર્યો. આ શેર કરતા જ સામંથાએ લોકોને પડકાર ફેંક્યો કે એ તેના શરીર કે તેના સ્વાસ્થ્યની ટીકા કરતા પહેલા ઓછામાં ઓછા ત્રણ પુલઅપ કરે. સામંથાએ લખ્યું કે, ‘આ વાત છે. તમે મને દુબળી, બીમાર કે આવું કશુંય કહી શકો નહીં, જ્યાં સુધી તમે ત્રણ પુલઅપ પહેલા કરી લો નહીં. જો તમે આમ કરી શકો નહીં... તો લાઈનોની વચ્ચેમાં વાંચો અને સમજી વિચારીને બોલો.’આ પહેલીવર નથી, જ્યારે સામંથાએ પોતાના વજન કે લુક પર ટિપ્પણીઓનો જવાબ આપવો પડ્યો છે. ગત વર્ષે નવેમ્બરમાં પણ અભિનેત્રીએ એક સોશ્યલ મીડિયા પોસ્ટનો જવાબ આપ્યો હતો, જેમાં સામંથાને વજન વધારવા અને બલ્કઅપ કરવા કહેવામાં આવ્યું હતું. ત્યારે પણ સામંથાએ લખ્યું હતું કે, તમને લોકોને ખબર હોવી જોઈએ, હું એક સખત એન્ટી-ઈન્ફલેમેટરી ડાઈટ લઈ રહી છું જે મારી સ્થિતિ માટે જરુરી છે, જે મને વજન રોકવથી રોકે છે. એક નિશ્ચિત વજન મર્યાદમાં રાખે છે જે મારી સ્થિતિને યોગ્ય કરે છે. સાથે જ સામંથાએ લોકોને પોતાને જજ નહી કરવા કહ્યું હતું.

## રીના સાથે છૂટાછેડા પછી હું બહુ જ ડિપ્રેશનમાં હતોઃ આમીર



બોલીવુડ અભિનેતા આમિર ખાન આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ‘સિતારે જમીન પર’ માટે સમાચારમાં છે. આમિરની આ ફિલ્મ ૨૧ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આમિરની ફિલ્મ બોક્સ ઓફિસ પર જોરદાર કલેક્શન કરી રહી છે. આ ફિલ્મે માત્ર ૧૦ દિવસમાં ઘણી મોટી ફિલ્મોના રેકોર્ડ તોડી નાખ્યા છે. આવી સ્થિતિમાં, હવે આમિર તેના તાજેતરના ઈન્ટરવ્યુ માટે સમાચારમાં છે. આમિરે ઈન્ટરવ્યુમાં તેની પહેલી પત્ની રીના દત્તા સાથેના છૂટાછેડા વિશે વાત કરી.આમિર ખાન અને રીના દત્તાએ ખૂબ જ નાની ઉંમરે લગ્ન કર્યા હતા. પરંતુ તેમના લગ્ન લાંબા સમય સુધી ટકી શક્યા નહીં અને ૨૦૦૧ માં તેમના છૂટાછેડા થઈ ગયા. આવી સ્થિતિમાં, આમિરે કહ્યું કે આ બંને સ્ટાર્સે તે ખરાબ સમયમાં તેની સંભાળ રાખી હતી. આમિર ખાને તેના જીવનના મુશ્કેલ તબક્કાને યાદ કર્યો જ્યારે તે તેની પહેલી પત્ની રીના દત્તાથી અલગ થયો હતો. તેણે કહ્યું, ‘જે સાંજે રીના તેના ઘરેથી નીકળી, તે ખાલીપણું અને મૂંઝવણથી ભરેલો હતો. અભિનેતાની આસપાસ કોઈ ન હોવાથી, તે સમજી શકતો ન હતો કે આ પીડા કેવી રીતે સહન કરવી. આ પછી, આમિરે તેના પીડાને ઘટાડવા માટે દારૂનો આશરો લીધો. પરંતુ તેની લાગણીઓનો સામનો કરવા માટે દારૂ પીવાની શરૂઆત એક આદતમાં ફેરવાઈ ગઈ જે દોઢ વર્ષ સુધી ચાલી. આમિરે યાદ કર્યું કે દારૂ પીધા પછી તે કેવી રીતે બેહોશ થઈ જતો હતો.આમિરે ઈન્ટરવ્યુમાં કહ્યું, ‘જ્યારે ઘરે કોઈ ન હતું અને હું એકલતા અનુભવી રહ્યો હતો, ત્યારે મને સમજાતું ન હતું કે શું કરવું? તો તે દિવસે મેં બોટલ ખોલી અને આખી બોટલ પીધી અને પછીના દોઢ વર્ષ સુધી મેં પીધું..., દરરોજ રાત્રે હું દારૂ પીતો... મને ઊંઘ ન આવતી, હું બેહોશ થઈ જતો.પરંતુ ભાવનાત્મક ઉથલપાથલ વચ્ચે, આમિરને ઉદ્યોગના કેટલાક મિત્રોનો ટેકો મળ્યો. આવી જ એક મિત્ર જુહી ચાવલા હતી. અભિનેતાએ કહ્યું, ‘અચાનક, મને જુહીનો ફોન આવ્યો. તેણે કહ્યું કે હું તમને મળવા આવવા માંગુ છું. મેં કહ્યું, મેં સાત વર્ષથી જુહી સાથે વાત કરી નથી. મેં કહ્યું કે આવજો. તે મારા ઘરે આવી અને કહ્યું કે મેં છાપામાં વાંચ્યું છે કે તમે અને રીના તૂટી ગયા છો, તમે લોકો અલગ રહી રહ્યા છો.

# ચીનના ૧૨૦૦ સૈનિકોની ૫ રાજયની સ્ટોરી જોવા મળશે

**ભારતીય ફિલ્મોમાં પાકિસ્તાનના પરાજય સ્ટોરી અનેક જોઈ, હવે ચીનને ધૂળ ચટાડ્યાની સ્ટોરી જોવા મળશે**

ભારત અને પાકિસ્તાનની વચ્ચે થયેલા યુદ્ધ અને ટકરાવ પર બનેલી ફિલ્મો દર્શકોએ ખૂબ જોઈ છે. ‘બોર્ડર’થી લઈને ‘ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક’ જેવી ફિલ્મોમાં ભારતીય સૈનિકોની શૂરવીરતા જોવા મળી છે. હવે ભારતીય સૈન્યના બહાદૂર સૈનિકોની એક બહાદુરની સ્ટોરી જલદી જ સિનેમાના પડદા પર જોવા મળશે. આ સ્ટોરીમાં ભારતના ફક્ત ૧૨૦ સૈનિકોએ ચીનના ૧૨૦૦ સૈન્ય જવાનોને એવી ધૂળ ચટાડી હતી કે તેની સ્ટોરી આજે પણ સાંભળવા મળે છે. હવે તેના પર ફિલ્મ બની રહી છે, જેનું નામ છે – ‘૧૨૦ બહાદુર’. જે આવનાર સમયમાં રિલીજ થશે. આ ફિલ્મને ફરહાન અખ્તર બનાવી રહ્યા છે. અદ્ભૂત સાહસના પ્રતીક બનવા પહેલા, રેજાંગ લા લદાખના પૂર્વ ક્ષેત્રમાં ચુશૂલ ગામની પાસે એક દુર્ગમ પર્વતીય ઘાટ હતો. દરિયાઈ સપાટીથી લગભગ ૧૮૦૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત, આ બરફવાળો વિસ્તાર ભારતીય સૈન્યના ઈતિહાસનું શૂરવીરતાનું પ્રતીક બની ગયો છે.

અહીં ૧૩ કુમાઉ બટાલિયનની ચાર્લી કંપની હતી. નવેમ્બર ૧૯૬૨માં ચાર્લી કંપનીના ૧૨૦ સૈનિક ચુશૂલ સેક્ટરની સુરક્ષા માટે ઉચ્ચ ઊંચાઈવાળા ચોકી પર તૈનાત હતા. ઠંડી હવાઓ, દુર્ગમ વિસ્તાર અને વધી રહેલા દણાણનો સામનો કરીને, એ આગળ વધીને શત્રુની સામે ટકી રહ્યા, કોઈ પણ કિમત પર લાઈનને પકડવા માટે દૃઢ સંકલ્પિત હતા. મેજર શૈતાનસિંહ ભાટીના નેતૃત્વમાં ચાર્લી કંપનીના ૧૨૦ જવાનોએ ૧૮ નવેમ્બર ૧૯૬૨ની રાત્રે ૧૨૦૦થી વધુ ચીની સૈનિકોની સામે લડાઈમાં મહાન સાહસનો પરિચય આપ્યો. તેમણે રેજાંગ લામાં પોતાની



ચોકીથી સતત હુમલાઓને પાછલ ધકેલી દીધા. મેજર શૈતાન સિંહ બાટી જેમણે ભૂમિદળની બટાલિયનનું નેતૃત્વ કર્યું અને ચીનની સેનાથી ચુશૂલ હવાઈ ક્ષેત્રની રક્ષા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું. જેમને મરણોત્તર ભારતના સર્વોચ્ચ સૈન્ય સન્માન પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.ફરહાન અખ્તર ‘૧૨૦ બહાદુર’ના દિગ્દર્શક છે. આ યુદ્ધની વીરતાએ આવી કેટલીયે કથા છોડી દીધી છે જે સૈન્ય સંસ્થાઓ અને ઈતિહાસના પુસ્તકોમાં ધ્વનિત થતી રહી છે. ચાર્લી કંપની બલિદાનનું પ્રતીક બની ગઈ અને એ યાદ અપાવે છે કે કેવી રીતે મુઠ્ઠીભર બહાદુર દિલોએ આખા યુદ્ધની વાર્તા ફરીથી લખી નાંખી. હવે તેમની અસાધારણ કથા ‘૧૨૦ બહાદુર’ ફિલ્મમાં જોવા મળશે. જેમાં ફરહાન અખ્તર મેજર શૈતાનસિંહ ભાટી પીવીસીની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૨૧મી નવેમ્બર ૨૦૨૫એ થિએટરોમાં રિલીજ થવાની છે.

## ‘પાકિસ્તાનમાં મારા સારા મિત્રો છે, કોઈ મને રોકી નહીં શકે’

દિલજીત દોસાંઝ અને પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિરની ફિલ્મ સરદાર જી ૩ ભારતમાં રિલીઝ નથી થઈ શકી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક સંગઠનોએ આ ફિલ્મને ભારતમાં રિલીઝ કરવા પર પ્રતિબંધ કરવાની માંગ કરી હતી. કેટલાક કલાકારોએ દિલજીતનો વિરોધ કર્યો હતો, તો જાવેદ અખ્તર અને ઈમ્તિયાઝ અલી સહિત કેટલાક સેલેબ્સે દિલજીતને સપોર્ટ કર્યો છે. હવે તેને સપોર્ટ કરનારાના લીસ્ટમાં એક બીજુ નામ જોડાયું છે. આ એક્ટરનું નામ છે નસીરુદ્દીન શાહ. તેમણે દિલજીતને ખુલ્લેઆમ ટેકો આપ્યો છે એટલું જ નહીં ફિલ્મનો વિરોધ કરનારા લોકોને ગુંડા કહ્યા છે.નસીરુદ્દીન શાહએ દિલજીતને સપોર્ટ કરતાં તેમના ફેસબુક પેજ પર લખ્યું છે કે, ‘હું મજબૂત રીતે દિલજીતની સાથે ઉભો છું. જુમલા પાર્ટીવાળા ગંદી ચાલથી દિલજીત દોસાંઝ પર હુમલો કરવાની તક શોધી રહ્યા છે. તેમને લાગે છે કે, આખરે અમને તક મળી ગઈ છે. ફિલ્મના કાસ્ટિંગ માટે તે જવાબદાર નથી, દિગ્દર્શક જવાબદાર છે, પરંતુ કોઈને ખબર નથી કે દિગ્દર્શક કોણ છે...’નસરુદ્દીન શાહે આગળ કહ્યું કે, ‘જ્યારે દિલજીતને આખી દુનિયા ઓળખે છે અને તે કાસ્ટિંગ માટે રાજી થઈ ગયો. કારણ કે, તેના મગજમાં ઝેર નથી ભરેલું. આ ગુંડાઓ ઈચ્છે છે, કે ભારત અને પાકિસ્તાનના લોકોની વચ્ચે વ્યક્તિગત સંબંધોનો અંત આવે. ત્યાં મારા નજીકના સંબંધીઓ અને કેટલાક ખાસ મિત્રો પણ છે અને મને તેમને મળવા જવા પર કે પ્રેમ મોકલવા માટે કોઈ રોકી નહી શકે.’



## કેટરિના એક્ટિંગની સલાહ આપે છે, પરંતુ તેને સલાહ લેવી નથી ગમતીઃ વિકી કૌશલ



પત્ની અને એક્ટ્રેસ કેટરિના કૈફ તેના એક્ટિંગ અને કામ વિશે સ્પષ્ટ પ્રતિભાવ આપે છે અને સાચું મૂલ્યાંકન કરે છે. તે ફીડબેક આપવામાં કોઈ જ શેહ-શરમ રાખતી નથી તેમ એક્ટર વિકી કૌશલનું કહેવું છે. જોકે સામે તેને એવું પણ કહ્યું છે કે કેટરિનાને પાછી આવી સલાહ લેવી ગમતી નથી. તેની આ કેફિયત અંગે સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિભાવો મળ્યા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તાજેતરમાં જ એક્ટર તરીકે ૧૦ વર્ષ પૂરા કરનાર વિકીએ તાજેતરમાં કરીના કપૂર સાથે એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો. કરીનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૫ વર્ષ પૂરા કર્યા છે. વાતચીત દરમિયાન, વિકીએ જણાવ્યું કે તેની પત્ની અને સાથી અભિનેત્રી કેટરિના કૈફ તેના કામ પ્રત્યે સ્પષ્ટ પ્રતિભાવ આપે છે, જે તેને ખૂબ ગમે છે. “તે ખૂબ જ પ્રામાણિક છે. કામ કેવું છે તે કહી જ દે છે. જોકે કેટલીક વખત તે થોડીક સાવચેતી પણ રાખે છે કેમ કે તે જાણે છે કે આ તમામ બાબતોમાં મહેનત ઘણી હોય છે. તમારે આવી બાબતોમાં સંવેદનશીલ થવું પડે અને હું તેમ તે કેટલીક વખત સંવેદનશીલ હોય છે. પરંતુ મોટાભાગે તે સ્પષ્ટ પ્રતિભાવ આપવામાં જ માને છે. આ ખરાબ છે, આ સાચું છે તેમ કહે છે અને તમે ઘણું સારું કરી શક્યા હોત તેવું પણ કહી દે છે. આ બોલતી વખતે કરીના વચ્ચે પડે છે અને કહે છે કે તે ઈચ્છે છે કે તેના પતિ અભિનેતા સૈફ અલી ખાન પણ કામ વિશે પ્રામાણિક પ્રતિભાવ આપવા માટે આટલા જ મુક્ત રહે. પછી વિકી તેને અટકાવે છે અને કહે છે કે કેટરિનાને સલાહ લેવી ગમતી નથી. સોશિયલ મીડિયા યૂઝર્સે વિકીના ઈન્ટરવ્યૂ સાંભળીને હસ્યા અને અનેક પ્રતિભાવો આપ્યા હતા. એક જણાએ કહ્યું કે ભાઈ, કેટરિના નકારાત્મક ફીડબેક અંગે અત્યંત સંવેદનશીલ હોય છે. તે ભેન્ડ ગ્રુપ માં એવી વ્યક્તિ છે જે મજાક કરી શકે છે પણ પોતે સહન કરી શકતી નથી અને જો તમે તેમના વિશે કંઈક કહો તો ગુસ્સે થઈ જાય છે. તાજેતરમાં વિકી કૌશલની ‘છાવા’ ફિલ્મ બ્લોકબસ્ટર રહી છે અને તેણે વિશ્વભરમાં રૂ. ૮૦૦ કરોડથી વધુની કમાણી કરી છે. તેની એક્ટિંગની ક્રિટિક્સે વખાણ કર્યા છે.

# વર્ષો સુધી અલગ રહ્યા બાદ ફરી સાથે આવ્યા રણધીર કપૂર અને બબીતા

**કરીનાએ કહ્યું કે ‘તેમની ઢળતી ઉંમરે તેઓ એકબીજાનો હાથ પકડીને સાથે રહેવા માંગે છે, કારણ કે આ રીતે બંનેની સફર શરૂઆત થઈ હતી**

બોલિવૂડમાં જેટલા સમાચાર લગ્નના આવે છે તેટલા જ સમાચાર છૂટાછેડાના પણ આવે છે. પરંતુ, આજે અમે તમને એવા કપલ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જે વર્ષો પહેલા એકબીજાથી અલગ થઈ ચૂક્યા છે. પરંતુ, હવે ફરીથી આ બંને સાથે આવી ગયા છે. એ વાતનો ખુલાસો આ સ્ટાર કપલની નાની પુત્રી અને બોલિવૂડની ટોપની અભિનેત્રીએ કર્યો છે.

આ બંને કપલ કે જેમની વાત કરી રહ્યા છીએ તે બબીતા અને રણધીર કપુર છે. કરીના કપૂરે તાજેતરમાં મોજો સ્ટોરી સાથે વાત કરતી વખતે આ વાતનો ખુલાસો કર્યો. કરીનાએ તેના માતા-પિતા વિશે વાત






કરતાં કહ્યું- ‘દરેકના માતા-પિતા દુનિયામાં શ્રેષ્ઠ હોય છે. મારા માતા-પિતા પણ દુનિયાના શ્રેષ્ઠ માતા-પિતા છે. કરીનાના માતા-પિતા વર્ષોથી એકબીજાથી અલગ રહે છે. તેમને હવે સમજાયું કે શું તેઓ કાયમ માટે આ રીતે રહેવા ઈચ્છે છે.’છેકરીનાએ કહ્યું કે ‘તેમની ઢળતી ઉંમરે તેઓ એકબીજાનો હાથ પકડીને સાથે રહેવા માંગે છે. કારણ કે આ રીતે બંનેની સફર શરૂઆત થઈ હતી. મારા અને કરિશ્મા માટે આ શ્રેષ્ઠ વાત છે. હું મારી લાઈફમાં જે કંઈ પણ કરવા માંગતી હતી, મારા માતા-પિતાએ મને હંમેશા સપોર્ટ કર્યો છે.’કરીના વધુમાં કહ્યું કે, ‘મારી માતાએ કરિશ્માને ફિલ્મોમાં જવા માટે સંપૂર્ણ સપોર્ટ કર્યો હતો. કપૂર પરિવારે સ્ટીરિયો ટાઈપને નકારી કાઢ્યો હતો. મારા પિતા પણ આ વાત સાથે સંમત થયા. કરીનાએ કહ્યું કે, એક પુરુષને ખ્યાલ હોય છે, કે માતા હંમેશા કાળજી લે છે. જો તે સ્ત્રીને સકારાત્મક રીતે ટેકો આપે છે, તો બંને બાળકોનો સુંદર ઉછેર કરી શકે છે.

આવું થાય છે, પરંતુ પુરુષોને એ જાણવું જોઈએ કે માતા શું કરે છે અને તેને તેનો ક્રેડિટ આપવો જોઈએ.’ઉલ્લેખનીય છે કે, બબીતા અને રણધીરના લગ્ન ૧૯૭૧ માં થયા હતા. જ્યારે બંનેએ ૧૯૮૮ માં છૂટાછેડા માટે અરજી કરી હતી. ત્યારબાદ બંને અલગ રહેવા લાગ્યા.

# ફિલ્મ આઝાદ મારા પુત્રના હાથમાંથી સરકી ગઈઃ સિદ્ધાર્થ નિગમની માતા

અભિનેતા સિદ્ધાર્થ નિગમે ટીવી તેમજ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેમણે બાળ કલાકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ પછી તેઓ ‘ધૂમ ૩’ અને ‘કિસી કા ભાઈ કિસી કી જાન’ સહિતની ફિલ્મોમાં પણ દેખાયા. જોકે, હવે તેમની માતાએ ખુલાસો કર્યો છે કે તેઓ ‘આઝાદ’ ફિલ્મનો પણ ભાગ બની શક્યા હોત, પરંતુ તે ભૂમિકા અજય દેવગનના ભત્રીજા અમન દેવગનને મળી ગઈ, જેના કારણે ફિલ્મ તેમના પુત્રના હાથમાંથી સરકી ગઈ.સિદ્ધાર્થ નિગમની માતાએ આપેલા ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેમના પુત્રની જગ્યાએ અજય દેવગનના ભત્રીજા અમન દેવગનને ફિલ્મ ‘આઝાદ’માં લેવામાં આવ્યો છે. રવિના ટંડનની પુત્રી રાશા થડાની અને અમન દેવગને આ ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. તેમાં અજય દેવગન અને ડાયના પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં હતા. આ ફિલ્મ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ રિલીઝ થઈ હતી. માતાએ જણાવ્યું હતું કે તે તેમના પુત્ર સાથે મીટિંગમાં ગઈ હતી, જ્યાં આખી સ્ક્રિપ્ટ પણ સંભળાવવામાં આવી હતી.સિદ્ધાર્થની માતાએ કહ્યું, ‘હું તેને મીટિંગ માટે સાથે લઈ ગઈ હતી. આખી સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી હતી અને અમે એક વર્ષ રાહ જોઈ. હું ખુશ હતી કારણ કે ફિલ્મ સારી હતી અને સિદ્ધાર્થને બોલિવૂડમાં મુખ્ય ભૂમિકા તરીકે પણ લોન્ચ કરી શકાય છે. મને સ્ક્રિપ્ટ ખરેખર ગમી.

પરંતુ અચાનક, બે વર્ષ પછી, સિદ્ધાર્થે મને ‘આઝાદ’નું પોસ્ટર બતાવ્યું અને કહ્યું, ‘મા, તે રિલીઝ થઈ ગઈ છે અને આ લોકો ફિલ્મમાં છે. સિદ્ધાર્થની માતાએ કહ્યું, હું તેને મીટિંગ માટે સાથે લઈ ગઈ હતી. અમન દેવગન કારણે આખી સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી હતી, પછી અમે જોયું કે ફિલ્મમાં અજય દેવગનનો ભત્રીજો અને રાશા છે. મારા જીવનમાં પહેલીવાર મને ખરાબ લાગ્યું. જ્યારે આવી ઘટનાઓ બને છે, ત્યારે માતા તરીકે દુઃખ થાય છે. પછી મને સમજાયું કે બંને સ્ટાર કિડ્સ છે અને તે જ ફરક પાડે છે.’



**સિદ્ધાર્થની માતાએ કહ્યું, હું તેને મીટિંગ માટે સાથે લઈ ગઈ હતી. આખી સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી હતી**

# સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની એક અનોખી પહેલ - પક્ષી અને પ્રાકૃતિક પ્રેમીઓ માટે 'બર્ડવોચિંગ ટુર'નો પ્રારંભ

### 'બર્ડવોચિંગ ટુર'માં બાયોડાયવર્સિટી પાર્ક, ફ્લાવર પાર્ક, દુધેશ્વર બ્રિજ,રેલવે બ્રિજથી સુભાષબ્રિજ સુધીનો સમાવેશ

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધારવા અને શહેરી જૈવવિવિધતાનું મહત્વ ઉજાગર કરવા એક અનોખી પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલ અંતર્ગત રિવરફ્રન્ટ પર આયોજિત બર્ડવૉચિંગ એક અવિસ્મરણીય અનુભવ પૂરો પાડશે. જ્યાં તમે નજીકથી પક્ષીઓની જીવીત દુનિયાને નિહાળી શકશો. આ માર્ગદર્શિત બર્ડવૉચિંગ ટુર તમને નદીકાંઠાના સુંદર સ્થળોએ લઈ જશે, જ્યાં પંખીઓના રંગીન જીવનને નજીકથી જોઈ શકાશે.

આ સ્થળોમાં બાયોડાયવર્સિટી પાર્ક, ફ્લાવર પાર્ક, દુધેશ્વર બ્રિજ,રેલવે બ્રિજથી સુભાષબ્રિજ સુધીનો વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્થળો પર અત્યાર સુધીમાં આશરે ૧૯૨ પ્રકારના પક્ષીઓ જોવા મળ્યા છે, એટલે કે, અહીં પંખીઓની અસાધારણ વૈવિધ્યતા જોવા મળે છે.

બર્ડવોચિંગના તમારા અનુભવને વધુ માણી શકાય તે માટે તમામ આવશ્યક મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અહી ટેલિસ્કોપ,બાયનોક્યુલર્સ

પંખીઓની ઓળખ માટે હેન્ડબુક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સાથે પક્ષીઓની સુંદરતા કેમેરામાં કેદ કરવા ઈચ્છુક હો, તો તેની માટે જરૂરી કેમેરાની વ્યવસ્થાઓ પણ ઉપલબ્ધ રહેશે

પંખીઓનું કલરવ, તેમનું ઉડવું, તેમની રમત જેવી ક્ષણો કુદરતના પ્રેમીઓ માટે એક અલૌકિક આનંદ લાવે છે. અનુભવી બર્ડવોચર્સના માર્ગદર્શન હેઠળ, આ પ્રવૃત્તિ માત્ર મનોરંજક જ નહીં પરંતુ શહેરી જૈવવિવિધતાને જોવા અને સમજવા માટેનો એક અનુઠો અનુભવ બની રહે છે

'બર્ડવોચિંગ ટુર'નો પ્રારંભ ક્યારથી અને ક્યાંથી થશે ?

આ પહેલનો પ્રારંભ ૫મી જુલાઈ ૨૦૨૫થી દર શનિવાર અને રવિવારે આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમની શરૂઆત સાબરમતી રિવરફ્રન્ટના એક મનમોહક સ્થાન - બાયોડાયવર્સિટી પાર્ક, આંબેડકર બ્રિજની નીચે, સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચિમથી થશે.

'બર્ડવોચિંગ ટુર'નો સમય કેટલા વાગ્યાનો રહેશે

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સમયઃ સવારઃ ૬:00 થી ૮:00 વાગ્યા સુધી, ત્યારબાદ સાંજે ૫:00 થી ૭:00 વાગ્યા સુધીનો રહેશે.

'બર્ડવોચિંગ ટુર'માં કોણ ભાગ લઈ શકશે ?

આ પ્રવૃત્તિ તમામ વયના લોકો માટે ઓપન છે. જો તમે શાંતિપ્રેમી હો, ચાલવામાં રસ ધરાવતા હો અને કુદરતના સ્પર્શથી આનંદ માણતા હો તો આ અનુભવ ખાસ તમારી માટે છે.

'બર્ડવોચિંગ ટુર'માં ભાગ લેવા રજિસ્ટ્રેશન કરાવવું જરૂરીઃ

આ પહેલમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે જેના માટેની લીંક અહીઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# ઝાલોદ તાલુકાના નવનિયુક્ત સરપંચોએ પૂર્વ સાંસદ બાબુ કટારા અને પૂર્વ ધારાસભ્ય ભાવેશ કટારાની મુલાકાત લીધી

### તમામ ચૂંટાયેલ નવ નિયુક્ત સરપંચોને સાંસદ અને ધારાસભ્ય દ્વારા શુભેચ્છાઓ પાઠવી






તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ તાલુકામાં હાલમાં જ ૭૨ સરપંચ પદ માટે જાહેરનામું પડેલ તે પૈકી ૧૨ સરપંચો બિન હરીફ વિજેતા થયેલ અને ૬૦ ગ્રામ પંચાયતોમા સરપંચ પદ માટે ચૂંટણી યોજાયેલ હતી. ગ્રામ પંચાયતના ચૂંટાયેલ સરપંચો દ્વારા અલગ અલગ રાજકીય આગેવાનોને મળી નવિન જવાબદારી સારી રીતે નિભાવે તે માટે મુલાકાત કરી રહેલ છે. દાહોદ જિલ્લાના પૂર્વ સાંસદ બાબુ કટારા અને પૂર્વ ધારાસભ્ય ભાવેશ કટારાની મુલાકાત તેઓના કાર્યાલય ખાતે નવીન ચૂંટાયેલ સરપંચોએ લીધી હતી. આવેલ તમામ સરપંચોને પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય દ્વારા શુભકામનાઓ પાઠવી હતી અને તેઓનો કાર્યકાળ સુંદર આયોજનબદ્ધ કામગીરી થી સફળતા મેળવે તે માટે તમામને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ ચૂંટાયેલ નવ નિયુક્ત સરપંચો દ્વારા અલગ અલગ કામગીરી તેમજ ગ્રામીણ સમસ્યાઓ પર ચર્ચા કરી હતી. તમામ નવ નિયુક્ત સરપંચોને મોઢું મીઠું કરાવી તેઓને અભિનંદન પાઠવી નવા કાર્યકાળમા પ્રેરણારૂપિ સુંદર કામગીરી કરે તે માટે સૂચન પણ કરેલ હતું.

# કાર્યસ્થળ પર જ કેટલીક હકારાત્મક ટેવોને અપનાવીને મેદસ્વીપણા સામે અસરકારક રીતે લડી શકાય

। (માહિતી) આણંદ, તા.૧ ।




આજની ઝડપી જીવનશૈલીમાં મોટાભાગનાં લોકો દિવસનો મોટાભાગનો સમય પોતાનાં કામનાં સ્થળે જ પસાર કરે છે. સતત બેસી રહેવું, તણાવ અને બિનઆરોગ્યપ્રદ આહારની ટેવોને કારણે મેદસ્વી પણું એ એક સામાન્ય એક સમસ્યા બની ગઈ છે. મેદસ્વીપણું એ માત્ર એક શારીરિક સમસ્યા નથી, પરંતુ તે ઘણાં ગંભીર રોગો જેવાં કે હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ અને માનસિક તણાવનું કારણ બની શકે છે. આવી સ્થિતિમાં, કાર્યસ્થળ પર જ કેટલીક હકારાત્મક ટેવોને અપનાવીને મેદસ્વી પણા સામે અસરકારક રીતે લડી શકાય છે.

એક સૌથી સહેલો પરંતુ સૌથી અસરકારક ઉપાય એ છે કે લીફટને બદલે સીડીનો ઉપયોગ કરવો. જયારે આપણે સીડી ચડતાં હોઈએ છીએ ત્યારે આપણાં શરીરનાં મોટા સ્નાયુઓ સક્રિય થઈ જાય છે, જે માત્ર કેલરી જ બર્ન કરતાં નથી, પરંતુ નિયંત્રિત રીતે હૃદયનાં ધબકારા પણ વધારે છે. તે એક પ્રકારની કાર્ડિયો એક્સરસાઈઝ છે. જે ઓફિસના સમય દરમિયાન પણ સરળતાથી કરી શકાય છે. આ આદત ધીમે ધીમે શરીરને ફિટ બનાવે છે અને વજન ઘટાડવામાં મદદ કરે છે.

કાર્યસ્થળ પર લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાથી શરીરની ગતિ અટકી જાય છે અને મેટાબોલિઝમ ધીમું થઈ જાય છે તેનાથી ચરબી જમા થાય છે. તેનાથી બચવા માટે દર એક કે બે કલાકે થોડી મિનિટોનો ટૂંકો બ્રેક લેવો જોઈએ. આ વિરામ દરમિયાન વોશરૂમમાં જવું, થોડું ચાલવું, કે પછી હળવી સ્ટ્રેચિંગ કરવાથી શરીર ફિટ રહે છે. આવી ટૂંકી પરંતુ નિયમિત હિલચાલ સ્નાયુઓને સક્રિય રાખે છે.

જો તમે ઓફિસ ડેસ્ક પર લાંબા સમય સુધી બેસો છો, તો તમે ખભાને ગોળ ગોળ ફેરવવા, ગરદનને ફેરવવી અથવા હાથને ઉપર-નીચે કરવા જેવી સરળ ડેસ્ક એક્સરસાઈઝ પણ કરી શકો છો. આ કસરતોથી તમારા સ્નાયુઓની જડતાં તો ઘટે જ છે, સાથે સાથે માનસિક તણાવ પણ દૂર થાય છે. સતત બેસવાથી કરોડરજ્જુ પર દબાણ આવે છે અને આ કસરતો તે દબાણ ઘટાડવામાં મદદરૂપ થાય છે.

આ સિવાય વર્કપ્લેસ મીટિંગ્સ અને ગેટ-ટુગેધર દરમિયાન પર ખાસ ધ્યાન આપવું જોઈએ. ઘણીવાર આવી મીટીંગોમાં ચા, કોફી, બિસ્કિટ, સમોસા કે અન્ય તળેલાં નાસ્તા પીરસવામાં આવે છે. જે વજન વધારવામાં ભૂમિકા ભજવે છે. જો તેનાં બદલે ફળો, મિક્સ્ડ નટ્સ, શેકેલા ચણા, લીંબુનું શરબત કે ગ્રીન ટી જેવાં હેલ્થી ઓપ્શન પસંદ કરવામાં આવે તો તે શરીર માટે વધુ ફાયદાકારક રહેશે. આ પ્રકારનો ખોરાક ઊર્જા આપે છે અને વજન પણ વધારતાં નથી.

કાર્યસ્થળ પર સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવું એ માત્ર એક ટેવ નથી, તે એક જીવનશૈલી છે. રોજીંદા કામની વચ્ચે જો આપણે સ્વાસ્થ્ય માટે નાના-નાના પ્રયાસો કરીએ તો મેદસ્વિતા જેવી સમસ્યાઓથી બચી શકાય છે. તે માત્ર આપણાં શારીરિક સ્વાસ્થ્યને જ સુધારતું નથી, પરંતુ કાર્યક્ષમતા અને મનોબળને પણ વધારે છે. એક તંદુરસ્ત કર્મચારી માત્ર તેનાં જીવનને જ સુધારતો નથી, પરંતુ કાર્યસ્થળના વાતાવરણને હકારાત્મક અને ઊર્જાવાન પણ બનાવે છે.

# તુવેરમાં સુકારો, મૂળ અને થડનો કોહવારો, વંધ્યત્વ રોગના સંકલિત વ્યવસ્થાપન ખેડુતોએ વાવણી પહેલાં/વાવણી સમયે યોગ્ય પગલાઓ લેવા અનુરોધ

। (માહિતી) સુરત, તા.૧ ।

તુવેરમાં સુકારો, મૂળ અને થડનો કોહવારો, વંધ્યત્વ રોગના સંકલિત વ્યવસ્થાપન ખેડુતોએ વાવણી પહેલાં/વાવણી સમયે યોગ્ય પગલાઓ લેવા જુનાગઢ યુનિ. દ્વારા ભલામણ કરવામાં આવી છે. જેમાં વાવણી માટે રોગમુક્ત બીજ અને ખેતરની પસંદગી કરવી. જ્યાં પાણી ભરાતું હોય ત્યાં વાવેતર કરવું નહિ. તુવેરમાં વંધ્યત્વનો રોગ અટકાવવા માટે આગળના વર્ષના છોડ જો શેઢાપાળા પર કે ખેતરમં રહી ગયેલા હોય તેને દૂર કરવાં. તેમજ તુવેરમાં બડધાં પાક લેવો નહિ. દર ત્રણ વર્ષે દિવેલા કે જુવાર પાકની સાથે પાક ફેરબદલી કરવી.

તુવેરના પાકમાં મકાઈને આંતરપાક તરીકે લેવાંથી સુકારો રોગ પર નિયંત્રણ મેળવી શકાય છે. દિવેલીનો ખોળ ૧૦૦૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર વાવેતર પહેલાં જમીનમાં આપવો. જમીનની તૈયારી વખતે ૧૦ ટન પ્રેસમડ અથવા ટ્રાયકોડર્મા હરજીયાનમ ફૂગની વૃધ્ધિ કરેલ હોય તેવું છણિયું ખાતર ૨ ટન પ્રતિ હેક્ટર મુજબ ચાસમાં આપવું. રોગ સામે પ્રતિકારકતા ધરાવતી જાતો જેવી કે જી.જે.પી.-૧, બી.ડી.એન-૨, વૈશાલી તેમજ આઈ.સી.પી.એલ. ૮૭૧૧૯ જેવી જાતો વાવેતર કરવું. જૈવિક પધ્ધતિથી બીજ માવજત માટે ૪ ગ્રામ ટ્રાયકોડરમાં હરજીનીયમ અને ૨ ગ્રામ વાઈટાવેક્ષ પ્રતિ કી.ગ્રા. બીજ મુજબ બીજ માવજત આપવી. બીજ માવજત તરીકે કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ કે થાયરમ ૨ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. અને ટ્રાયકોડમાં વી-૨ડી ૨.૫ કિ.ગ્રા. ને ૨૫૦ કિ.ગ્રા. એરંડીનો ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવું. તુવેરમાં વંધ્યત્વ રોગના નિયંત્રણ માટે પાકની સમયસર વાવણી કરવી તેમજ બે હાર વચ્ચે ૩૦ થી ૪૦ સે.મી.નું અંતર રાખવું. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવાની ભલામણ કરવામાં આવે છે વધુ વિગતો માટે આપના વિસ્તારના ગ્રામસેવક સહિતના ખેતીવાડીના અધિકારીઓનો સંપર્ક સાધવા સુરત જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે.

# સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસનું ગોટન સ્ટેશન પર સ્ટોપેજ

। અમદાવાદ, તા.૧ ।

રેલ પ્રશાસન દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૧૯૨૨૩/૧૯૨૨૪ સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસને જોધપુર મંડળના ગોટન સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૧૯૨૨૩ સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસ ટ્રેનનો ૪ જુલાઈ ૨૦૨૫ થી ગોટન સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૨૦.૧૦/૨૦.૧૨ વાગ્યે રહેશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મુ તવી-સાબરમતી એક્સપ્રેસનો ૪ જુલાઈ ૨૦૨૫ થી ગોટન સ્ટેશન પર આગમન/પ્રસ્થાન નો સમય ૦૩.૨૩/૦૩.૨૫ વાગ્યે રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

# સુણાવના મૃતકના પરિવારને રૂા. ૨.૦૦ લાખની વીમાની રકમ અપાઈ



। (માહિતી) આણંદ, તા.૧ ।

પ્રધાનમંત્રી જીવન સુરક્ષા વીમા યોજના અંતર્ગત જે ૧૮ વર્ષથી વધુ ની વય ધરાવતા નાગરિક બેંકમાં પોતાનું ખાતું ધરાવે છે, અને વાર્ષિક રૂપિયા ૪૩૬/- નો પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના અંતર્ગત વીમો લીધેલો હોય તેવા બેક્ર ધારક અકસ્માતમાં મૃત્યુ પામે અથવા અન્ય કોઈપણ રીતે મૃત્યુ પામે તો તેમના વારસદારને રૂપિયા ૨.૦૦ લાખની વીમા રકમ મળવા પાત્ર થાય છે. તેવી જ રીતે બેંકમાં ખાતું ધરાવનાર કોઈપણ ખાતાધારક વાર્ષિક પ્રીમિયમ માત્ર રૂપિયા ૨૦/- કપાવીને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત નો વીમો લઈ શકે છે, જેમાં માત્ર અકસ્માતથી મૃત્યુ થવાથી રૂપિયા ૨.૦૦ લાખની સહાય મળવા પાત્ર રહે છે, તેમ લીડ બેંક મેનેજર શ્રી જગદીશ પાટીલએ જણાવ્યું છે. પેટલાદ તાલુકાના સુણાવ ગામ ખાતેની બેંક ઓફ બરોડામાં પોતાનું ખાતું ધરાવનાર શ્રી લક્ષ્મીબેન રાવળને અકસ્માત થવાથી તેઓ મૃત્યુ પામ્યા હતા. તેમણે બેંક માં રૂપિયા ૪૩૬/- કપાવીને પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના અંતર્ગત વીમો લીધેલો હતો.

આ વાતની જાણકારી મળતા બેંક ઓફ બરોડા, સુણાવ બ્રાન્ચના મેનેજર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરીને ઈન્સ્યોરન્સ કંપની પાસેથી ક્લેમ મંજૂર કરાવીને તેમના પતિ શ્રી દિનેશભાઈ રતિભાઈ રાવળને સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, આણંદના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ ના હસ્તે રૂપિયા ૨.00 લાખનો ચેક આપવામાં આવ્યો હતો. આ સમયે જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી હાજર રહ્યા હતા.

આણંદ જિલ્લાના લીડ બેંક મેનેજર શ્રી જગદીશ પાટીલે જિલ્લાના ૧૮ વર્ષથી ઉપરના દરેક વ્યક્તિ બેંકમાં ખાતું ખોલાવે અને આ વીમા યોજનામાં જોડાય તે માટે તેમણે અપીલ કરી હતી, આ ઉપરાંત

બેંકમાં ખાતું છે તેવા દરેક વ્યક્તિ દ્વારા વાર્ષિક રૂપિયા ૪૩૬/- કપાવીને પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના અને માત્ર રૂપિયા ૨૦/- કપાવીને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત વીમો લેવામાં આવે તે જરૂરી છે. ખાતેદાર આકસ્મિક કોઈપણ રીતે મૃત્યુ પામે કે અકસ્માતમાં મૃત્યુના સમય પર વારસદારને રૂપિયા બે લાખની વીમા ની રકમ મળવા પાત્ર થાય છે.

# ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA) અંતર્ગત નેત્રંગ તાલુકાના પિંગોટ ગામે બેનીફિસિયરી સેચ્યુરેશન કેમ્પ યોજાયો

। (માહિતી) ભરૂચ, તા.૧ ।

ભરૂચ જિલ્લામાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ અને જીવન જરૂરિયાતની સુવિધાઓ સીધી લોકોને પહોંચે તે હેતુસર ભારત સરકારના ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત ભરૂચ જિલ્લાના આદિવાસી ગામોમાં વિશિષ્ટ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકાર દ્વારા દેશના આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને વેગવંતો બનાવવા ધરતી આબા જનજાતિય ગામ ઉત્કર્ષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.



જે અતર્ગત ભરૂચ જીલ્લામાં આગામી ૧૫ જુલાઈ દરમિયાન ભરૂચ જિલ્લાના તમામ તાલુકાના આદિજાતિ ગામોમાં ક્લસ્ટર બનાવી અવેરનેસ અને બેનીફિશિયરી સેચ્યુરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ આજરોજ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના પિંગોટ ગામની પ્રાથમિક શાળા ખાતે બેનીફિસિયરી સેચ્યુરેશન કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો જેવી કે આધારકાર્ડ, રાશનકાર્ડ, આયુષ્યમાન ભારત કાર્ડ, જાતિનો દાખલો, કિસાન ક્રેડિટ કાર્ડ, પી.એમ કિસાન યોજના, જનધન એકાઉન્ટ ખોલવા વિગેરે જેવી રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ એક જ સ્થળેથી આપવામાં આવી સાથે નવા અરજદારોની અરજી સ્વીકારવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, નેત્રંગ તાલુકામાં આગામી ૧૫ મી જુલાઈ સુધી પિંગોટ, મૌઝા, ખરેઠા, વરખડી, કોલીયાપાડા, વાંકોલ, ફિચવાડા, ઘાણીખૂંટ, નાના જાબુડાં, મચામડી, સજણવાવ અને મૌઝા (હાથાકુંડી) જેટલા ગામોની પ્રા. શાળાઓમાં સવારે ૧૦.૦૦ થી થી ૧૪.૦૦ કલાક સુધી ૧૭ જેટલા સરકારી વિભાગોની ૨૫ વ્યક્તિલક્ષી અને માળખાકિય યોજનાઓ વંચિત આદિવાસી પરિવારો સુધી પહોંચાડવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે વધારે તેલ અને મસાલાવાળું આહાર ટાળોજો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. માનસિક સ્પષ્ટતા તમને બિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પૈસા ની અછત ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા માટે વધુ પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**

મૌસમનો મિજાજ માણતા, ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**

પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**મકર (ખ,જ) :**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસે લાભદાયક રહેશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.




રાજસ્થાનના જયપુરમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર દ્વારા રાજસ્થાન કોન્સ્ટિટ્યુશન ક્લબના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

## ન્યૂઝ બ્રિફ

### ભારતે ઓપરેશન સિંદૂરમાં કેટલાક યુદ્ધ વિમાનો ગુમાવ્યાઃ નેવી અધિકારી

। (એજન્સી) કોલકાતા, તા.૧ ।

૭ મે, ૨૦૨૫ની રાત્રે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય હવાઈ દળે પાકિસ્તાનમાં ફાઈટર જેટ્સ ગુમાવ્યા હતા. આ ભારતીય નેતાગિરીની પાકિસ્તાનના લશ્કરી થાણાં કે એર ડિફેન્સ પર હુમલા નહિ કરવાની સૂચનાને કારણે થયું હતું તેમ ભારતના ઈન્ડોનેશિયા ખાતેના ડિફેન્સ એટેચી કેપ્ટન (ભારતીય નેવી) શિવ કુમારે જણાવ્યું છે. જોકે ભારતે તેમના નિવેદનને મીડિયાએ ''સંદર્ભની બહાર'' ટાંક્યું હોવાનું કહ્યું છે. સીડીએસ પછી તેમની આ ટિપ્પણીએ ફરી એકવાર ચર્ચા જગાવી છે. શિવકુમારે ૧૦ જૂને એક કાર્યક્રમમાં આ ટિપ્પણ કરી હતી. અહીં તેઓ ભારત-પાકિસ્તાન યુદ્ધના સંદર્ભમાં હવાઈ તાકાતના વ્યૂહો અંગે સંબોધન કરી રહ્યા હતા. ભારતીય વિમાનોને ઓપરેશન સિંદૂરમાં નુકસાન થયું હતું તેમ લશ્કરના બીજા અધિકારીની આ કેફિયત અત્યંત મહત્વની મનાય છે. અગાઉ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાન આ વાત કરી ચૂક્યા છે. જોકે તે અગાઉ પણ આઠ મેના રોજે એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ પણ કહ્યું હતું કે અમે લડાઈની સ્થિતિમાં છીએ અને નુકસાન એ લડાઈનો ભાગ છે. આ મામલે રાજકીય આક્ષેપબાજી ચાલી રહી છે. સીડીએસની કબૂલાત બાદ તેમાં ઉમેરો થયો છે. કેપ્ટન શિવ કુમારે ઉમેર્યુ કે રાજકીય નેતૃત્વ દ્વારા નક્કી કરાયેલા નિર્દેશોના કારણે ઓપરેશનના પ્રાથમિક તબક્કામાં ભારતીય વાયુસેના પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાં પર હુમલા કરી શકી નહતી. અમે કેટલાક યુદ્ધ વિમાનો ગુમાવ્યા હતા. રાજકીય નેતૃત્વ પાસેથી સૈન્ય સંસ્થાનો કે તેમની સુરક્ષા પ્રણાલી પર હુમલો નહિ કરવાનો નિર્દેશ અપાયો હતો.

### પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ રજિસ્ટર્ડ કરાવ્યું ટ્રેડમાર્ક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

હવે કોઈપણ કંપની કે વ્યક્તિ 'કેપ્ટન કૂલ'ના નામનો ઉપયોગ નહીં કરી શકે, કારણ કે 'કેપ્ટન કૂલ'ના નામથી જાણીતા ભારતના પૂર્વ સુકાની મહેન્દ્ર સિંહ ધોનીએ 'કેપ્ટન કૂલ'ના નામથી ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ધોનીએ રમત-ગમતની તાલીમ, તાલીમ માટેની સુવિધાઓ અને સ્પોર્ટ્સ કોચિંગ સેવાઓ માટે ક્લાસ-૪૧ હેઠળ ટ્રેડમાર્ક રજીસ્ટર્ડ કરાવ્યું છે, જેને કાયદાકીય રીતે મંજૂરી પણ મળી ગઈ છે. આ ટ્રેડમાર્ક તેમના નામને કાયદાકીય સુરક્ષા આપવાની સાથે તેમના બ્રાન્ડ વેલ્યૂ અને ઓળખને પણ વધુ મજબૂત કરશે. ધોનીના વકીલ માનસી અગ્રવાલે ટ્રેડમાર્ક અંગેની માહિતી આપી કહ્યું કે, 'ભલે કોઈ સમાન ટ્રેડમાર્ક હોય, તેમ છતાં વ્યક્તિ બ્રાન્ડિંગ અને ઓળખની વિશિષ્ટતા કાયદાકીય રીતે કેવી રીતે કામ આવે છે, તે આ મામલો દર્શાવે છે.' આ પહેલા ટ્રેડમાર્ક એક્ટની કલમ ૧૧(૧) હેઠળ 'કેપ્ટન કૂલ' નામથી વાંધો ઉઠ્યો હતો, કારણ કે આ નામે પહેલેથી જ ટ્રેડમાર્ક રજિસ્ટર્ડ થયેલું હતું, તેથી નવો ટ્રેડમાર્ક લોકોમાં ભ્રમ ઉભો કરી શકવાના કારણે નવા ટ્રેડમાર્કને મંજૂરી મળી ન હતી. ત્યારબાદ ધોની તરફથી એવી દલીલો રજૂ કરવામાં આવી કે, કેપ્ટન કૂલ નામ ઘણા વર્ષોથી ધોની સાથે જોડાયેલું છે અને પ્રજા, મીડિયા અને ચાહકોએ પણ આ નામથી ધોનીને અપનાવ્યો છે. રિપોર્ટ મુજબ દલીલમાં એવું પણ કહેવાયું છે કે, 'કેપ્ટન કૂલ માત્ર ઉપનામ નહીં, પરંતુ ધોનીની કોમર્શિયલ ઓળખ પણ બની ગઈ છે. ધોનીએ કેપ્ટન કૂલના નામથી લોકપ્રિયતા મેળવી છે, મીડિયામાં પણ આ નામથી કવરેજ થતું રહે છે. આ ઉપરાંત ચાહકો પણ ધોનીને કેપ્ટન કૂલ તરીકે ઓળખે છે, તેથી ટ્રેડમાર્ક મળ્યા બાદ હવે આ નામ પર કોઈપણ ભ્રમ ઉભો નહીં થાય.



જમ્મુમાં વાર્ષિક 'અમરનાથ યાત્રા' માટે નોંધણી કરાવ્યા પછી સાધુઓ તેમના દસ્તાવેજો બતાવતા નજરે પડે છે.

#### અત્યાર સુધીની સૌથી વધુ કમાણી

## સરકારે જીએસટી કલેક્શનમાં પાંચ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

GST લાગુ થયા પછીથી સરકારી તિજોરીમાં સતત વધારો થઈ રહ્યો છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૫માં સરકારે રેકોર્ડ બ્રેક GST કલેક્શન કર્યું હતું. આ સાથે સરકારની તિજોરીમાં ટેક્સ મારફત થતી કમાણી પાંચ વર્ષમાં બમણાથી વધી છે. છેલ્લા પાંચ વર્ષમાં સરકારનું જીએસટી કલેક્શન બમણાથી વધ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે, આગામી વર્ષોમાં જીએસટી કલેક્શનમાં વધુ વધારો જોવા મળી શકે છે. કુલ જીએસટી કલેક્શન પાંચ વર્ષમાં બમણું થઈ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૨.૦૮ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું. જે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧.૩૭ લાખ કરોડ રૂપિયા હતું. ૨૦૨૪-૨૫માં જીએસટી કલેક્શન અગાઉના વર્ષની તુલનાએ ૯.૪ ટકા વધ્યું હતું. આ કલેક્શન પાંચ વર્ષમાં વાર્ષિક ધોરણે લગભગ બમણું થયું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં માસિક ધોરણે સરેરાશ રૂ. ૧.૮૪ લાખ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયુ હતું. જે ૨૦૨૩-૨૪માં રૂ. ૧.૬૮ લાખ કરોડ અને ૨૦૨૧-૨૨માં રૂ. ૧.૫૧ લાખ કરોડ હતું. નિષ્ણાતોના મતે, આગામી વર્ષોમાં માસિક ધોરણે સરેરાશ રૂ. ૨ લાખ કરોડ જીએસટી કલેક્શન નોંધાવાની શક્યતા છે. જીએસટી હેઠળ નોંધાયેલા કરદાતાઓની સંખ્યા ૨૦૧૭માં ૬૫ લાખ હતી.

# RailOne એપનું લોન્ચિંગઃ મુસાફરોની બધી આવશ્યક સેવાઓ માટે વન-સ્ટોપ સોલ્યુશન

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૧ ।

રેલવે મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે સતત પગલાં લઈ રહ્યું છે. નવી પેઢીની ટ્રેનોની રજૂઆત, સ્ટેશનોનો પુનર્વિકાસ, જૂના કોચને નવા LHB કોચમાં અપગ્રેડ કરવા અને આવા ઘણા પગલાંઓ છેલ્લા દાયકામાં મુસાફરોના અનુભવમાં સુધારો લાવ્યા છે.

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીના ઈન્ડિયા હેબિટેટ સેન્ટર ખાતે સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ (CRIS)ના ૪૦મા સ્થાપના દિવસે એક નવી એપ, RailOne લોન્ચ કરી. RailOne રેલવે સાથે મુસાફરોની ક્રિયાપ્રતિક્રિયા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

તે વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ સાથે એક વ્યાપક, ઓલ-ઈન-વન એપ્લિકેશન છે. આ એપ્લિકેશન એન્ડ્રોઈડ પ્લે સ્ટોર અને iOS એપ સ્ટોર પર ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે. તે બધી મુસાફરોની સેવાઓને એકીકૃત કરે છે જેમ કે:



અનામત અને પ્લેટફોર્મ ટિકિટ પર ૩% ડિસ્કાઉન્ટ

લાઈવ ટ્રેન ટ્રેકિંગ

ફરિયાદ નિવારણ

ઈ-કેટરિંગ, પોર્ટર બુકિંગ અને લાસ્ટ માઈલ ટેક્સી

IRCTC પર ટિકિટનું રિઝર્વેશન ચાલુ રહેશે. IRCTC સાથે ભાગીદારી કરતી અન્ય ઘણી કોમર્શિયલ એપ્લિકેશનોની જેમ RailOne એપ IRCTC દ્વારા અધિકૃત છે.

RailOne પાસે સિંગલ સાઈન-ઓન સુવિધા છે જ્યાં m-PIN અથવા બાયોમેટ્રિક દ્વારા લોગિન કરી શકાય છે. તે હાલના RailConnect અને UTS ઓળખપત્રોને પણ સપોર્ટ કરે છે. આ એપ જગ્યા બચાવનારી છે કારણ કે તે વપરાશકર્તાઓને વિવિધ સેવાઓ માટે અલગ એપ્સ રાખવાની જરૂરિયાતને દૂર કરે છે.

ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં આધુનિક પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS)

રેલવે મંત્રીએ CRISની સમગ્ર ટીમને તેના સ્થાપના દિવસ પર અભિનંદન પાઠવ્યા. તેમણે CRISને ભારતીય રેલવેના ડિજિટલ કોરને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી હતી.

રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે હાલના PRSને અપગ્રેડ કરવામાં થયેલી પ્રગતિ માટે CRIS ટીમની પ્રશંસા કરી હતી. આધુનિક PRS ઝડપી, બહુભાષી અને હાલના કરતા ૧૦ ગણો વધુ ભાર સંભાળવા સક્ષમ હશે. તે પ્રતિ મિનિટ ૧.૫ લાખ ટિકિટ બુકિંગ અને ૪૦ લાખ પૂછપરછની સુવિધા આપશે.

નવો PRS વ્યાપક હશે, જેમાં સીટ પસંદગી અને ભાડા કેલેન્ડર માટે અદ્યતન કાર્યક્ષમતાઓ અને દિવ્યાંગજનો, વિદ્યાર્થીઓ, દર્દીઓ વગેરે માટે સંકલિત વિકલ્પો હશે.

ભવિષ્યને વ્યાખ્યાયિત કરતી ટેકનોલોજી

ભારતીય રેલવે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ કામ કરી રહી છે. જેથી તેને ભારતની વિકાસ યાત્રાનું એન્જિન બનાવી શકાય. રેલવન એપનું લોન્ચિંગ ભારતીય રેલવેની ટેકનોલોજીનું લોકશાહીકરણ કરવા અને દરેક મુસાફરને વિશ્વસ્તરીય ગતિશીલતા પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ આપે છે.

## મેમાં ઔદ્યોગિક ઉત્પાદનનો દર ઘટીને ૧.૨ ટકા : ૯ મહિનાના તળિયે

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર મેમાં ૧.૨ ટકા રહ્યો છે. જે ૯ મહિનાની નીચલી સપાટી છે. મેન્યુફેકચરિંગ, માઈનિંગ અને વીજળી સેક્ટરના નબળા પ્રદર્શનને કારણે ઔદ્યોગિક ઉત્પાદનને અસર થઈ છે. સોમવારે જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડામાં આ માહિતી આપવામાં આવી છે. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)ના દ્વારા માપવામાં આવતો ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર ગયા વર્ષના મે મહિનામાં ૬.૩ ટકા રહ્યો હતો. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસઓ)એ એપ્રિલના ઔદ્યોગિક ઉત્પાદન દરને સંશોધિત કરી ૨.૬ ટકા કર્યો હતો. ગયા મહિને એપ્રિલનો ઔદ્યોગિક ઉત્પાદન દર ૨.૭ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો.એનએસઓના આંકડા અનુસાર મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં ઉત્પાદન વૃદ્ધિનો દર ચાલુ વર્ષે મેમાં ઘટી ૨.૬ ટકા રહ્યો છે. જે એક વર્ષ પહેલા આ જ મહિનામાં ૫.૧ ટકા હતો.જ્યારે માઈનિંગ ઉત્પાદનમાં ૦.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે એક વર્ષ પહેલા તેમાં ૬.૬ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. વીજળી ઉત્પાદનમાં ૫.૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જ્યારે એક વર્ષ પહેલા આ જ સમયગાળામાં તેમાં ૧૩.૭ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના એપ્રિલ-મે સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનમાં વાર્ષિક ધોરણે ૧.૮ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

#### દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરે છે

## આગામી 3 જુલાઈને ગુરુવારથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થશે

। (એજન્સી) જમ્મુ, તા.૧ ।

આગામી ૩ જુલાઈને ગુરુવારથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. અગાઉ, ઉધમપુરમાં જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે સુરક્ષા દળો અને પોલીસ સાથે મળીને જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર યાત્રાળુઓના જૂથનો ટ્રાયલ રનનું આયોજન કર્યું હતું. અમરનાથ યાત્રા ૨૦૨૫ને સુરક્ષિત બનાવવા માટે, CRPF એ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-44) પર વધારાના સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યા છે, જે હજારો શ્રદ્ધાળુઓની અવરજવર માટેનો મુખ્ય માર્ગ છે. ઉધમપુર સેક્ટર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારીને હાઈવે પર પેટ્રોલિંગ મજબૂત બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૯ ડોગ સ્ક્વોડ યુનિટને પણ દેખરેખ માટે તહેનાત કરવામાં આવ્યા છે, જેથી કોઈપણ સંભવિત ખતરા પર તાત્કાલિક કાર્યવાહી કરી શકાય. અમરનાથ યાત્રાનો પહેલો જથ્થો ૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ જમ્મુના બેઝ કેમ્પથી રવાના થશે. આ અમરનાથ યાત્રા સત્તાવાર રીતે ૩ જુલાઈથી શરૂ થશે, જેમાં શ્રદ્ધાળુઓ બાલતાલ અને પહેલગામ બંને રૂટથી પવિત્ર ગુફા માટે રવાના થશે. અમરનાથ યાત્રા ૨૦૨૫ પહેલા, CRPF એ હજારો શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-44) પર ચુસ્ત બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા અમલમાં મૂકી છે. નાયબ પોલીસ અધિક્ષક (DSP) પ્રહલાદ કુમારે માહિતી આપી હતી કે આજે યોજાયેલ મોક ડ્રીલનો હેતુ સુરક્ષા દળો વચ્ચે સંકલનની અસરકારકતા ચકાસવા અને તેમના પ્રતિભાવનું મૂલ્યાંકન કરવાનો હતો. આ કવાયત સંપૂર્ણપણે સફળ રહી. જમ્મુ અને કાશ્મીરના ડેપ્યુટી કમિશનર સચિન કુમાર વૈશ્યએ માહિતી આપી છે કે અમરનાથ યાત્રા ૨૦૨૫ માટે તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

#### કુલદીપ - અર્શદીપને બીજી ટેસ્ટમાં સામેલ કરોઃ પૂર્વ ભારતીય હેડ કોચની સલાહ

## બોલિંગ આક્રમણમાં વૈવિધ્યનો અભાવ ભારત માટે ચિંતાજનકઃ ગ્રેગ ચેપલ

। (એજન્સી) લંડન, તા.૧ ।

ટીમ ઈન્ડિયાના પૂર્વ હેડ કોચ ગ્રેગ ચેપલે ઈંગ્લેન્ડ પ્રવાસ પર રવિન્દ્ર જાડેજાની પ્લેઈંગ ઈલેવનમાં પસંદગી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું છે કે, તે ફ્રન્ટલાઈન સ્પિનર નથી. આવી સ્થિતિમાં તેને પ્લેઈંગ ઈલેવનમાં એકમાત્ર સ્પિનર તરીકે પસંદ ન કરવો જોઈએ. લીડ્સના હેડિંગલી ખાતે રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા પાંચ વિકેટથી હારી ગઈ હતી. ભારતે છેલ્લા દિવસે બોલિંગ કરી હતી, પરંતુ આ મેચમાં રમનાર એકમાત્ર સ્પિનર રવિન્દ્ર જાડેજાને માત્ર એક જ વિકેટ મળી હતી.

બેટથી પણ તેનું યોગદાન પ્રશંસનીય નહોતું, કારણ કે તે બંને ઈનિંગ્સમાં માત્ર ૩૬ રન જ બનાવી શક્યો હતો.ચેપલ માને છે કે પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાને બોલિંગ આક્રમણમાં વિવિધતાના અભાવનું પરિણામ ભોગવવું પડ્યું હતું. તેમણે કહ્યું કે જો ભારતે આ શ્રેણીમાં પોતાનું નસીબ બદલવું હોય તો સંતુલિત ટીમની જરૂર છે. સિલેક્ટર્સે સાહસી નિર્ણયો લેવાની હિંમત રાખવી પડશે. તેમણે કુલદીપ યાદવને શેન વોર્ન પછી શ્રેષ્ઠ સ્પિનર ગણાવતા તેની સાથે અર્શદીપ સિંહને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાની સલાહ આપી હતી.ચેપલે પોતાની કોલમમાં લખ્યું છે કે, 'હેડિંગ્લી ખાતે ફિલ્ડિંગ ખૂબ જ નિરાશાજનક હતી પરંતુ તે હારનું મુખ્ય કારણ નહોતું. ભારતે પોતાની સમસ્યાઓ ઉભી કરી હતી. સૌથી મોટી ભૂલ નો બોલ હતી જેણે બીજી ઈનિંગની શરૂઆતમાં હેરી બ્રુકને જીવનદાન આપ્યું હતું. ૭૬ વર્ષીય ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટને કહ્યું કે ભારત માટે બીજી સમસ્યા એ પણ હતી કે, ટીમના જમણા હાથના ઝડપી બોલર મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા અને શાર્દુલ ઠાકુરે લગભગ સમાન બોલિંગ કરી હતી. ભારતીય બોલિંગ આક્રમણમાં વિવિધતાનો અભાવ હતો. જસપ્રીત બુમરાહ સિવાય, બાકીના ફાસ્ટ બોલરો સમાન હતા. બોલિંગમાં ફેરફાર પછી તરત જ વિકેટ પડવાનું કારણ એ છે કે બેટ્સમેનને એડજસ્ટ થવામાં સમય લાગે છે પરંતુ ભારતીય ટીમ પાસે આ વિકલ્પ નહોતો.


**પશ્ચિમ રેલ્વે**
**અમદાવાદ વિભાગ**

**વરસાદી પાણી સંગ્રહ પ્રણાલીની જોગવાઈ, સ્થાપન અને કામગીરી માટે કરાર કાર્ય**

નીચેના કામ માટે લાયક કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડર સૂચના નંબર DRM(M)ADI/09/2025-26 તારીખ ૨૬.૦૬.૨૦૨૫. ટેન્ડર નં. M 442/19/RWH/KKF (૧) કામનું નામઃ કોચિંગ ડેપો, કાંકરિયા ખાતે વરસાદી પાણીના સંગ્રહ પ્રણાલી (૨ નંગ) ની જોગવાઈ, સ્થાપન અને કમિશનિંગ માટેનો કરાર કાર્ય. (૨) કામની અંદાજિત કિંમતઃ રૂ. ૩૫,૫૭,૯૦૦.૦૦/- (રૂપિયા પાંત્રીસ લાખ સત્તાવન હજાર નવસો માત્ર). (૩) બિડ સિક્યુરીટીઃ રૂ. ૭૧,૨૦૦/- (રૂપિયા ઈકોતેર હજાર બસો માત્ર) (૪) ટેન્ડર બંધ કરવાની અને ખોલવાની તારીખ અને સમયઃ તારીખ ૨૧-૦૭-૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ વાગ્યે બંધ અને તારીખ ૨૧-૦૭-૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ વાગ્યે ખુલશે (૫) વેબસાઈટ વિગતો નોટિસ બોર્ડ સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ટેન્ડર આમંત્રિત કરનાર અધિકારીની કચેરીનું સરનામુંઃ https://www.ireps.gov.in સિનિયર કોચિંગ ડેપો ઓફિસર, કોચિંગ ડેપો-કાંકરિયા, ગોમતીપુર રેલ્વે યાર્ડ, નાગરી મિલ પાસે, અમદાવાદ (પશ્ચિમ રેલ્વે)- ૩૮૦૦૨૧.

ADI-093

અમને ફોલો કરો : X x.com/WesternRly

**ન્યૂઝ બ્રિફ**

## લાલબાગ ટાંકીના અંડર ગ્રાઉન્ડ સંપમાં પાણીનું લેવલ નહીં જળવાતા પાણીની તંગી

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

મહી નદી ખાતેના ફાજલપુર કુવાથી પાણી ઓછું મળતા શહેરમાં લાલબાગ પાણીની ટાંકીના અંડરગ્રાઉન્ડ સંપમાં લેવલ મેન્ટેન નહીં થતું હોવાથી વિસ્તારમાં પાણી પૂરતું અને પ્રેશરથી નહીં મળતું હોવાની બૂમ ઊઠી છે. લાલબાગ ટાંકી ખાતે અઠવાડિયાથી પાણીનું લેવલ આશરે ૪ ફૂટ ઓછું થાય છે. જેના કારણે આ ટાંકીના કમાન્ડ એરિયામાં વહીવટી વોર્ડ નંબર ૧૩, બકરાવાડી બુસ્ટર, માંજલપુર અને દંતેશ્વર જેવા વિસ્તારમાં પણ અસર પડી છે. ફાજલપુરથી જેલ રોડ ટાંકી, લાલબાગ ટાંકી, બકરાવાડી બુસ્ટર વગેરેને પાણી વિતરણ થાય છે. લાલબાગ ટાંકીના સંપમાં માંડ નવ ફૂટ લેવલ થાય છે. જેના કારણે આશરે ૮ ઝોનમાં પાણીનું પ્રેશર રહેતું નથી અને લોકોને માંડ ૨૫ મિનિટ જેટલું પાણી મળે છે. ભર ચોમાસામાં લોકો તકલીફ ભોગવી રહ્યા છે. ફાજલપુર કૂવાની રેડિયલ ની સફાઈ કરીને પાણી પૂરતું મળી રહે તે માટે વોર્ડ નંબર ૧૩ ના કોંગ્રેસના કોર્પોરેટરે કમિશનરને અને સરકારમાં રજૂઆત કરી છે.

## તાપીમાં વીજકરંટથી માતા-પુત્રીનું મોતઃ કપડાં સૂકવવા જતાં સર્જાઈ દુર્ઘટના

। (એજન્સી) તાપી, તા.૧ ।

ગુજરાતના તાપીમાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં માતા-પુત્રીનું વીજ કરંટના કારણે મોત નિપજ્યું છે. કપડા સૂકવતી વખતે વીજકરંટ લાગી જવાથી મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. માતા-પુત્રીના મોતથી પરિવાર અને ગ્રામજનોમાં શોકનો માહોલ છે. તાપીના વ્યારામાં જેસીંગપુરા ગામમાં કપડા સૂકવતી વખતે કરંટ લાગવાથી માતા-પુત્રીનું મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, કપડાં સૂકવવાની પાઈપ સાથે ઈલેક્ટ્રિક વાયરનો સંપર્ક થયો હતો, જેમાંથી વીજ કરંટ પસાર થઈ રહ્યો હતો. જ્યારે બંને ત્યાં કપડા સૂકવવા માટે પહોંચ્યા તો પાઈપને અડકતા જ કરંટ લાગ્યો અને ઘટના સ્થળે જ માતા કૈલાશબહેન ગામિત અને ધનગોરી ગામિતનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

## જૂનાગઢમાં વિદ્યાર્થિઓની ગાંધીગીરી સામે ઝૂક્યું તંત્ર

। (એજન્સી) જૂનાગઢ, તા.૧ ।

જૂનાગઢમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીમાર્ગે આંદોલન કરીને તંત્રને પરસેવો લાવી દેવાની ઘટના સામે આવી છે. અહીં છેલ્લા ઘણા સમયથી સ્કૂલે જતાં વિદ્યાર્થીઓ બસના સ્ટોપેજની માગણી કરી રહ્યા હતા. તેઓ છેલ્લા ઘણા સમયથી આ મામલે ફરિયાદ કરી રહ્યા હતા જેના કારણે તેઓ ઘણીવાર સ્કૂલે પહોંચવાનું ચૂકી જતા હતા. જોકે અનેક ફરિયાદો છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા આખરે વિદ્યાર્થીઓએ પોતે આંદોલન કરવા રસ્તે ઉતરવાનો નિર્ણય લેવામાં આવ્યો. જૂનાગઢના ડુંગરપુરમાં આ વિદ્યાર્થીઓ અચાનક જ માર્ગો પર ઊતર્યા અને તેમણે લાંબો ચક્કાજામ કરીને તંત્ર વિરુદ્ધ નારેબાજી શરૂ કરી દીધી. વિદ્યાર્થીઓના આંદોલનને પગલે લગભગ પાંચ કિ.મી. લાંબો ચક્કાજામ સર્જાયો હતો.

## દિવાળીપુરા નવી કોર્ટ સામે કાઉન્ટરો સહિત અન્ય દબાણોનો સફાયો

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

વડોદરા શહેરના પશ્ચિમ વિભાગમાં દિવાળીપુરા ખાતે આવેલી નવી કોર્ટ સામે નિસર્ગ કોમ્પ્લેક્સ આસપાસ કેબીનો અને કાઉન્ટરો સહિત અન્ય હંગામી દબાણો હટાવીને પાલિકા તંત્રએ એક ટ્રક જેટલો માલ સામાન કબ્જે કર્યો હતો.ઉલ્લેખનીય છે કે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી નવી કોર્ટ ની સામે ગેરકાયદે દબાણમાં કેટલાક લોકોએ કેબીનો સહિત કાઉન્ટરો મૂકીને ખાણી પીણી સહિત અન્ય ચીજ વસ્તુઓનો વેપાર ધંધો શરૂ કરી દીધો હતો. આ વિસ્તારના નિસર્ગ કોમ્પ્લેક્સ આસપાસ થયેલા આ દબાણો અંગે સ્થાનિક રહીશોને પણ ભારે તકલીફનો સામનો કરવો પડતો હતો.

# નેશનલ પોસ્ટલ વર્કર્સ ડે' (૧ જુલાઈ): પોસ્ટમેન ઘરે બેઠા માત્ર ડાક સેવાઓ જ નહીં પરંતુ બેંકિંગ અને આધાર સેવાઓ પણ પૂરી પાડે છે

### પત્રો પહોંચાડનાર પોસ્ટમેન હવે સ્માર્ટ બની ગયો છે, હાથમાં સ્માર્ટ ફોન અને બેગમાં ડિજિટલ ઉપકરણ સાથે, તેની પાસે એક નવી ભૂમિકા છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ





। અમદાવાદ, તા.૧ ।

વિશ્વભરમાં ડાક સેવાને લઈને આમૂલ ફેરફારો આવ્યા છે. ભૌતિક ડાકથી ડિજીટલ ડાકના આ યુગમાં પોસ્ટ સેવામાં વિવિધતા સાથે ઘણા નવા પાસાઓ જોડાયા છે. પોસ્ટમેન સરકાર અને સામાન્ય જનતા વચ્ચે સેવાઓ પહોંચાડતી એક મહત્વની કડી તરીકે ઊભરીઆવ્યા છે. આ સમયે ૧ જુલાઈએ સમગ્ર વિશ્વમાં 'નેશનલ પોસ્ટલ વર્કર ડે' નિમિત્તે ડાક કર્મચારીઓનો આભાર વ્યક્ત કરવાની પરંપરા ઊભરી છે. ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે 'નેશનલ પોસ્ટલ વર્કર ડે'ની કલ્પના અમેરિકામાંથી આવી છે, જ્યાં વોશિંગટન રાજ્યના સીએટલ શહેરમાં વર્ષ ૧૯૯૭ માં કર્મચારીઓના સન્માનમાં આ વિશિષ્ટ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. ધીમે ધીમે તે ભારત સહિત અન્ય દેશોમાં પણ ઉજવવા લાગ્યો. આ દિવસ સમગ્ર વિશ્વમાં ડાક કર્મચારીઓ દ્વારા આપવામાં આવતી સેવાના માનમાં ઉજવવામાં આવે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક કર્મચારીઓની ભૂમિકામાં ઘણા ફેરફારો આવ્યા છે. 'ડાકિયા ડાક લાયા' ની સાથે, ડાકિયા બેંક લાયા' પણ આજકાલ એટલું જ મહત્વપૂર્ણ છે. પત્રો અને પાર્સલની સાથે, આધુનિક યુગમાં લોકોના જીવન સાથે જોડાયેલી મહત્વપૂર્ણ બાબતો ઘરે ઘરે પહોંચાડનાર પોસ્ટમેન છે. આધાર કાર્ડ, પાસપોર્ટ, પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર, ડ્રાઈવિંગ લાઈસન્સ, બેંક ચેક બુક, એટીએમ જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજોની સાથે, વિવિધ મંદિરોમાંથી પ્રસાદ, દવાઓ અને રક્ષાબંધન નિમિત્તે રાખડીઓ પણ પોસ્ટમેન દ્વારા પહોંચાડવામાં આવી રહી છે. ગુજરાત પોસ્ટલ સર્કલમાં દરરોજ ૪,૫૦૦ થી વધુ પોસ્ટમેન અને ૮,૦૦૦ થી વધુ ગ્રામીણ ડાક સેવકો લોકોના દરવાજા ખટખટાવે છે, જે દર મહિને સરેરાશ ૫૩ લાખ સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પત્રો અને પાર્સલ અને ૧.૫ કરોડથી વધુ સામાન્ય પત્રો પહોંચાડે છે. ઈ-કોમર્સને પ્રોત્સાહન આપવા માટે કેશ ઓન ડિલિવરી, લેટર બોક્સમાંથી નિયમિત ડાક સંગ્રહ માટે નવી મોબાઈલ એપ્લિકેશન, પોસ્ટમેન દ્વારા એન્ડ્રોઈડ આધારિત સ્માર્ટ ફોન આધારિત ડિલિવરી અને નાણાકીય સેવાઓ પૂરી પાડવા જેવા વિવિધ પગલાં ડાક વિભાગની નવીન પહેલ છે.

ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગનો સૌથી વધુ બોલતો ચહેરો પોસ્ટમેન છે. પોસ્ટમેનની ઓળખ પત્રો અને મની ઓર્ડરનું વિતરણ કરવાની રહી છે, પરંતુ હવે પોસ્ટમેનના હાથમાં સ્માર્ટ ફોન અને બેગમાં ડિજિટલ ઉપકરણ પણ છે. આજે પોસ્ટમેન ડિજિટલ ઉપકરણો દ્વારા રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી કરી રહ્યો છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા આર્થિક અને સામાજિક સમાવેશ હેઠળ પોસ્ટમેન મોબાઈલ એટીએમ તરીકે નવી ભૂમિકા ભજવી રહ્યા છે અને જાહેર સુરક્ષા યોજનાઓથી લઈને આધાર, ડીબીટી, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, ઈ-શ્રમ કાર્ડ, વાહન વીમો, ડિજિટલ જીવન પ્રમાણ પત્ર જેવી સુવિધાઓ પૂરી પાડી રહ્યા છે. IPPB હેઠળ, પોસ્ટમેન દ્વારા દર મહિને ૧૬,૦૦૦ થી વધુ લોકોના આધાર નોંધણી/અપડેશનનું કામ ઘરે બેઠા જેમાં ૫ વર્ષ સુધીના બાળકો માટે આધાર કાર્ડ બનાવવા અને આધાર કાર્ડમાં મોબાઈલ નંબર અપડેટ કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે, તે જ સમયે, લોકોને આધાર સક્ષમ ચુકવણી સિસ્ટમ દ્વારા ઘરે બેઠા તેમના વિવિધ બેંક ખાતાઓમાંથી રોકડ રકમ પૂરી પાડવામાં આવી રહી છે. આજે પણ, ડાક કર્મચારીઓ શિયાળો, ઉનાળો કે વરસાદ ગમે તે હોય, દૂરના વિસ્તારોમાં ડાક સેવાઓ પૂરી પાડી રહ્યા છે.

### તંત્ર ઉપર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે

## ગાંધીનગરમાં તંત્રના પાપે ૭ વર્ષના માસૂમ બાળકે જીવ ગુમાવ્યો

### બાળકના મૃત્યુથી ગ્રામજનો અને પરિવારનો લોકોમાં શોકની લાગણી છવાઈ છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાતમાં ચોમાસાના થોડા જ સમયમાં તંત્રની બેદરકારીઓ સામે આવી છે. થોડા સમય પહેલાં અમદાવાદમાં એક આધેડનું તંત્રની બેદરકારીના કારણે ગટરમાં પડી જવાથી મોત નિપજ્યું હતું. જોકે, મંગળવારે (પહેલી જુલાઈ) ગાંધીનગરમાંથી પણ આવી જ એક ઘટના સામે આવી છે. જ્યાં સાત વર્ષના એક બાળકનું મનપા દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવમાં પડી જવાથી મોત નિપજ્યું છે. ગાંધીનગરના સેક્ટર-૧માં નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે નગર પાલિકા દ્વારા નાનકડું કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યું હતું. જોકે, ત્યારબાદ તેની આસપાસ કોઈ બેરિકેડિંગ કે ફેન્સિંગ લગાવવામાં નહતી આવી. આ દરમિયાન સોમવારે સાંજે (૩૦ જૂન) કુલદીપ નામનો સાત વર્ષનો બાળક આ વિસ્તારમાંથી સાઈકલ ચલાવીને જઈ રહ્યો હતો. તે વખતે કુલદીપને આ કૃત્રિમ તળાવમાં પડી ગયો હતો. ગાંધીનગરમાં ભારે વરસાદના કારણે અહીં મોટી માત્રામાં પાણી ભરાયેલું હતું, જેના કારણે બાળક પાણીમાં ડૂબી ગયું અને ત્યાં જ તેનું મોત નિપજ્યું હતું. આખી રાત બાળકને શોધ્યા બાદ વહેલી સવારે સ્થાનિકો દ્વારા બાળકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. બાળકના મૃત્યુથી ગ્રામજનો અને પરિવારનો લોકોમાં શોકની લાગણી છવાઈ છે. આ સાથે જ તંત્ર ઉપર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

### રાજ્યમાં સતત ગુનાખોરીનો ગ્રાફ વધી રહ્યો છે

## અમરેલીમાં અંગત અદાવત રાખી જાહેરમાં ગાડી ચડાવી હત્યાનો પ્રયાસ

### આ ઘટનામાં બે વ્યક્તિને ગંભીર ઇજાઓ પહોંચી છે પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે

। (એજન્સી) અમરેલી, તા.૧ ।

રાજ્યમાં સતત ગુનાખોરીનો ગ્રાફ વધી રહ્યો છે. અસામાજિક તત્ત્વોની ખુલ્લેઆમ દાદાગીરીની ઘટનાઓ સામે આવે છે. કહેવાતા સુરક્ષિત ગુજરાત રાજ્યની દર બીજા દિવસે પોલ ખુલી રહી છે. ત્યારે રવિવારે રાત્રે અમરેલીમાં સિવિલ હોસ્પિટલ જેવા જાહેર સ્થળ પર ગાડી ચડાવી હત્યાનો પ્રયાસ કરવામાં આવતાં હાહાકાર મચી જવા પામ્યો છે. આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. આ ઘટનામાં બે વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે. પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં હિટ એન્ડ રનની ઘટનામાં મોટો ખુલાસો થયો છે. બે દિવસ પહેલાં સારવકુંડલામાં બનેલી મારામારી ઘટનાને લઈને મનદુઃખ હોવાથી કાર ચાલકે જાહેરમાં ગાડી ચડાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં અમરેલીની સિવિલ હોસ્પિટલમાં બેફામ કારચાલકે ત્રણ યુવકોને અડફેટે લીધા હતાં. જેમાં બે યુવકોને ગંભીર પહોંચી હતી, જ્યારે અન્ય યુવક નીચે પટકાતાં કારચાલકે નીચે પટકાયેલા યુવક પર કારને રિવર્સ લઈને ચઢાવી દીધી હતી. આ હત્યાના બનાવની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

## ઉમરગામમાં મોટી દુર્ઘટના, લોખંડનો શેડ પડતાં ૯ કર્મચારી દબાયા

। (એજન્સી) વાપી, તા.૧ ।

વાપીના ઉમરગામ જીઆઈડીસીમાં પ્લાસ્ટિકની ચીજવસ્તુ બનાવતી કંપનીમાં મંગળવારે (પહેલી જુલાઈ) સવારે અચાનક લોખંડનો શેડ તુટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં નવ કર્મચારીઓ કાટમાળમાં દબાય ગયા હતા, જેમાં એકનું મૃત્યુ નિપજ્યું થયું હતું. જ્યારે ચારને સામાન્ય અને ત્રણ કર્મચારીને ગંભીર ઈજા પહોંચી હતી. શેડ પર પ્લાસ્ટિકના દાણા ભરેલી બેગો મુકવાને કારણે ઘટના બનતા કંપનીની ગંભીર બેદરકારી સામે આવી છે.મળતી માહિતી અનુસાર, ઉમરગામ જીઆઈડીસીના પ્લાસ્ટિકની ચીજવસ્તુ બનાવતી જીબી પેક પ્રા.લિ. નામક કંપની આવેલી છે. મંગળવારે સવારે કંપનીમાં ઊભો કરાયેલો લોખંડનો શેડ અચાનક તુટી પડતા નજીકમાં કામ કરતા નવ કર્મચારીઓ કાટમાળમાં દબાય ગયા હતા. આ ઘટનાને પગલે ભારે દોડધામ મચી ગઈ હતી. મેનેજર, સહ કર્મચારી સહિત લોકો દોડી ગયા હતા. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને એક પછી એક નવ કર્મચારી મનમહેન્દ્ર દાસ, શુભમ કુસ્વાહ, અમરનાથ સરોજ, શુભ લાડ, સુરેન્દ્ર બેહેરીયા, સાજીદ ખાન, વિકાસ ચૌધરી અને ભાવિન જોશીને બહાર કાઢ્યા હતા.

### કપુરાઇ પોલીસે ચાર પૈકી ત્રણને ઝડપી પાડયા

## શટલ રિક્ષામાં વૃદ્ધાની સોનાની બંગડીઓ ઉતારી લેનાર ટોળકી પકડાઇ

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

આજવા રોડ નિમેટા ગાર્ડન પાસે પુનિત નગરમાં રહેતા ૭૫ વર્ષના તારાબેન પ્રવિણભાઈ પટેલ આજે સવારે ઘરેથી નીકળી તરસાલીમાં રહેતી દીકરીના ઘરે જતા હતા. નેશનલ હાઈવે આજવા ચોકડીથી તેઓ રિક્ષામાં બેઠા હતા. શટલ રિક્ષામાં બેઠેલા ગઠિયાઓએ તેમના હાથમાંથી સોનાની બે તોલા વજનની બંગડીઓ કાઢી લીધી હતી. ત્યારબાદ તેઓ વૃદ્ધાને હાઈવે એલ એન્ડ ટી કંપની નજીક ઉતારીને ભાગી ગયા હતા. વૃદ્ધાએ પાછળ આવતી બીજી રિક્ષામાં બેસી આરોપીઓની રિક્ષાનો પીછો કર્યો હતો. તે દરમિયાન ત્યાંથી પસાર થતી પોલીસ વાનને ઉભી રખાવી વૃદ્ધાએ હકીકત જણાવી હતી. પેટ્રોલિંગ વાને રિક્ષાનો પીછો કરી ઉભી રખાવી હતી. પોલીસને જોઈને રિક્ષામાં બેઠેલા ચાર આરોપીઓ પૈકી એક ભાગી ગયો હતો. આરોપીઓએ રસ્તામાં ફેંકી દીધેલા સોનાની બંગડીના ટૂકડા શોધી કાઢી કબજે કર્યા હતા.

## નશામાં ધૂત બેફામ ટ્રક ચાલકે અનેક વાહનોને અડફેટે લીધા

### અકસ્માતમાં ઇજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં તથ્ય પટેલ અને વડોદરાના રક્ષિત ચોરસિયા દ્વારા ગુજરાતના મોટા વ્યસનથી ચકચૂર અકસ્માતો બાદ પણ બેફામ ડ્રાઈવિંગના કેસ રોજેરોજ નોંધાતા જ રહે છે. ગુજરાતના લગભગ તમામ શહેરમાં અકસ્માતોના સમાચારો જાણે સામાન્ય થઈ ગયા છે. ત્યારે અમદાવાદના નારોલમાં દારૂના નશામાં ધૂત ટેક્રર ચાલકે બેફામ ડ્રાઈવિંગ કરી બાંકડા પર બેઠલા એક વ્યક્તિને અડફેટે લેતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર નારોલમાં બોમ્બે હોટલ નજીક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં દારૂના નશામાં ધૂત ટેક્રર ચાલકે પૂરપાટ ઝડપે વાહન હંકારી અકસ્માત સર્જ્યો છે. આ ઘટનામાં બાંકડે બેઠેલા એક વ્યક્તિને અડફેટે લેતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે આસ પાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે અકસ્માત સર્જ્યા બાદ પણ ચાલકે ટેક્રર ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેણે આગળ જતાં બે ફોર-વ્હિલર, એક ટુ-વ્હિલર અને મ્ઁજી બસ સ્ટોપના પિલરને પણ ટક્કર મારી હતી, જેના કારણે ભારે નુકસાન થયું હતું. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટેક્રર ચાલક પૂરપાટ ઝડપે વાહન ચલાવી રહ્યો હતો. ચંડોળા નજીક PWD ઢાળ પાસે બાંકડા પર બેઠેલા એક પુરુષને ટેક્રરે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અમદાવાદના દાણીલીમડાના રહેવાસી એહસાનખાન રઈસખાન પઠાણ (ઉંમર ૨૦) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે મારા પિતા રઈસખાન પઠાણ (ઉંમર ૫૮) ૩૦ જૂને રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્ય PWD ઢાળ પાસે બેઠા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટના અંગે ટ્રાફિક પોલીસ સ્ટેશન 'કે' ડિવિઝનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ઈન્ડિયન પીનલ કોડ અને મોટર વ્હિકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અકસ્માતની ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો અને ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. આ બનાવના પગલે પોલીસે ટેક્રર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આરોપી ટેક્રર ચાલક અવધેશકુમાર રામસુમેર દુબે (ઉંમર ૫૮) જે શાહવાડી, નારોલનો રહેવાસી છે, તેની ધરપકડ કરી છે અને વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રી ધર્મ વીર મીણાએ પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર તરીકેનો વધારાનો કાર્યભાર સંભાળ્યો



શ્રી ધર્મ વીર મીણા મહાપ્રબંધક - પશ્ચિમ રેલ્વે અને મધ્ય રેલ્વે

। અમદાવાદ, તા.૧ ।

મધ્ય રેલ્વેના મહાપ્રબંધક શ્રી ધર્મ વીર મીણાએ મંગળવાર, ૧ જુલાઈ, ૨૦૨૫ ના પશ્ચિમ રેલ્વેના મહાપ્રબંધક તરીકેની જવાબદારી સંભાળી હતી.

શ્રી ધર્મ વીર મીણા ભારતીય રેલ્વે સેવા સિગ્નલ એન્જિનિયર્સ સેવા (IRSSE) ના ૧૯૮૮ બેચના અધિકારી છે. તેમણે ૧૯૮૮માં જોધપુરની એમ.બી.એમ. એન્જિનિયરિંગ કોલેજ, જોધપુર માંથી ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશનમાં બી.ઈ. ડિગ્રી મેળવી અને કાયદામાં માસ્ટર્સ ડિગ્રી પણ મેળવી. તેઓ માર્ચ, ૧૯૯૦ માં રેલ્વેમાં જોડાયા અને દક્ષિણ પૂર્વીય રેલ્વે, પશ્ચિમ રેલ્વે, પશ્ચિમ મધ્ય રેલ્વે અને મધ્ય રેલ્વેમાં ક્ષેત્રમાં અને મુખ્યાલય બંનેમાં વિવિધ ભૂમિકાઓ ભજવી છે. તમારા કાર્યકાળની ખાસ વાત એ છે કે સિગ્નલિંગ પ્રોજેક્ટ્સ અને વિવિધ મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સ, સલામતી કાર્યો સંબંધિત સિગ્નલિંગ કાર્યોને રેકોર્ડ સમયમાં પૂર્ણ કર્યા છે.

શ્રી મીણાએ ૧૯૯૨ માં દક્ષિણ પૂર્વ રેલ્વેમાં તેમની કારકિર્દીની શરૂઆત શહડોલમાં સહાયક સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર તરીકે પડકારજનક ભૂમિકાઓથી કરી હતી અને ૧૯૯૮ સુધી બિલાસપુરમાં ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર અને ખુર્દા રોડ પર સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ, પશ્ચિમ રેલ્વેમાં તેમણે સિસ્ટમ્સની એકંદર વિશ્વસનીયતામાં સુધારો, સિગ્નલિંગ ઈન્સ્ટોલેશન, સિગ્નલિંગ કામો, રેકોર્ડ મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સ સહિત વિવિધ ક્ષમતાઓમાં કામ કર્યું. (વિરમગામ જંકશન-સામખ્યપાલી જંકશન અને સુરેન્દ્રનગર-રાજકોટ, અમદાવાદ-મહેસાણા જંકશનના ડબલીંગ-કમ-ગેજ રૂપાંતરણ શામેલ છે.) તેમના અથાક પ્રયાસોના પરિણામે દર અઠવાડિયે એક કરતાં વધુ ઈન્સ્ટોલેશન કાર્યરત થયા. ગતિશીલતા, નવીન પદ્ધતિઓ અને ભવિષ્યવાદી તકનીકોને અપનાવીને થ્રુપુટ વૃદ્ધિ કાર્ય તેમના કાર્યકાળની વ્યાખ્યાયિત લાક્ષણિકતાઓ હતી. અમદાવાદ ડિવિઝનના વડનગર અને વિસનગર વચ્ચેના પ્રથમ એમ્બેડેડ બ્લોકને પૂર્ણ કરવામાં તમારી મહત્વપૂર્ણ ભૂમિકા હતી. તમે ૨૦૨૦ માં ભારતીય રેલ્વે સિગ્નલ એન્જિનિયરિંગ મેન્યુઅલ (IRSEM) સમીક્ષા સમિતિના સભ્ય તરીકે પણ સેવા આપી છે.

પશ્ચિમ મધ્ય રેલ્વેના પ્રિન્સિપલ ચીફ સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર (PCSTE) તરીકે, તેમણે ૯૯૪ રૂટના ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) ચન્યૂ કટની જંકશન (NKJ) ના મેગા યાર્ડ), ઓટોમેટિક સિગ્નલિંગ (SBS), લેવલ ક્રોસિંગ (LC) ઈન્ટરલોકિંગ કામો, ચયાંત્રિક સિગ્નલિંગ વગેરેને દૂર કરવા સહિત્ મથુરા જંક્શનથી નાગદા જંક્શન સુધી ૫૪૮ કિમી સુધી સફળતાપૂર્વક બખ્તરકામ સ્થાપિત કર્યું. તમે માનનીય રેલ્વે મંત્રીના નિર્દેશન મુજબ રચાયેલા 'કવચ વર્કિંગ ગ્રુપ'નું પણ નેતૃત્વ કર્યું હતું. જેમાં ભારતીય રેલ્વે માં કવચ ના શીઘ્ર કાર્યાન્વયન માટે અનુભવ સાજા કરવા અને સહયોગ માટે કવચ ને લાગૂ કરવામાં આપણી પ્રમુખ પહેલુઓપર વિચાર કરવામાં આવ્યું.

ત્યારબાદ, મધ્ય રેલ્વેમાં પ્રિન્સિપલ ચીફ સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર તરીકેના તમારા કાર્યકાળ દરમિયાન, તમે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ પર કામ કર્યું. [CSMT (છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સહિત્), ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ (SBS), એક્સલ કાઉન્ટર્સ (BPAC) દ્વારા બ્લોક પ્રોવિંગ, ગતિ વધારવી, મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સ, ઓપરેશનલ અવરોધો દૂર કરવા, લેવલ ક્રોસિંગ ઈન્ટરલોકિંગ અને ક્લોઝર વર્ક્સ અને થ્રુપુટ વૃદ્ધિના કામો સહિત રેકોર્ડ ૮૮ સિગ્નલિંગ અને સંબંધિત સ્થાપનો ૧૨૬ દિવસમાં ગતિશીલતા પૂર્ણ થયા. તમારા નેતૃત્વમાં મધ્ય રેલ્વે કવચ લાગુ કરનાર પ્રથમ રેલ્વે બન્યું છે, જેનો અમલ સમગ્ર ઝોનલ નેટવર્ક માટે ઝડપી ગતિએ ચાલી રહ્યો છે, જે ભારતીય રેલ્વેમાં પ્રથમ છે. તેમના કાર્યકાળ દરમિયાન ડબલિંગ, મલ્ટીટ્રેકિંગ અને ક્ષમતા વૃદ્ધિમાં અત્યાર સુધીની શ્રેષ્ઠ પ્રગતિ પ્રાપ્ત થઈ છે. મધ્ય રેલ્વેના મુખ્ય યાર્ડ્સમાં ટ્રાફિક ભીડ ઘટાડવા, ગતિશીલતા વધારવા, વધારાની/નવી ટ્રેનો શરૂ કરવા વગેરે માટે વિવિધ કાર્યોનું આયોજન અને અમલીકરણ સૌથી ઝડપી ગતિએ ચાલી રહ્યું છે.

તમારા વિવિધ કાર્યકાળ દરમિયાન, તમે વધુ સારી માહિતી પ્રસારિત કરીને મુસાફરોની સુવિધામાં સુધારો કરવા અને વધારવા માટે મુસાફરોની સુવિધાના કાર્યોનો અમલ સુનિશ્ચિત કર્યો છે.

૨૦૦૯ થી ૨૦૧૪ સુધી પશ્ચિમ રેલ્વેમાં ડેપ્યુટી ચીફ વિજિલન્સ ઓફિસર તરીકે, તમે સંસ્થાની અખંડિતતા, અખંડિતતાનું રક્ષણ કર્યું છે, પારદર્શિતા અને ઉત્પાદકતા વધારવા માટે સુધારાત્મક અને રચનાત્મક સાધન તરીકે તકેદારીનો ઉપયોગ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી અને તકેદારી સિસ્ટમ સોફ્ટવેર (VSS) અમલમાં મૂક્યું. આ પ્રયાસોની પ્રશંસામાં, તમને વર્ષ ૨૦૧૩ માં માનનીય રેલ્વે મંત્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી મીણાએ INSEAD, સિંગાપોર અને ICLIF, મલેશિયા ખાતે એડવાન્સ્ડ મેનેજમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ અને ISB, હૈદરાબાદ ખાતે સ્ટ્રેટેજિક મેનેજમેન્ટ વર્કશોપમાં ભાગ લીધો છે.

આ યોગદાન ઉચ્ચ સલામતી ધોરણો અને અદ્યતન, સ્વદેશી રીતે વિકસિત ટેકનોલોજી સિસ્ટમો સાથે પરિવહનમાં ભારતીય રેલ્વેને વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે.